Website : www.rakhewaldaily.com
Email : rakhewal@gmail.com

વર્ષ : 33 ● અંક : ૨૦૨
તા.૨૮-૦૮-૨૦૧૭, સોમવાર
સંવત ૨૦૭૩ ભાદરવા સુદ - ૦૭
પાના : ૮ ● કિંમત રૂા.૨-૦૦

સૂર્યોદય : ૦૬:૨૩ સૂર્યાસ્ત : ૦૭:૦૧

| તાપમાન | | | |
|---|---|---|---|
| ડીસા | ૩૪.૬ | વડોદરા | ૩૧.૪ |
| અમદાવાદ | ૩૪.૦ | સુરત | ૩૨.૪ |
| ગાંધીનગર | ૩૪.૦ | નલિયા | ૩૧.૮ |

ચાંદી : ૩૯૫૦૦ સોનું : ૨૯૩૦૦

P.R.No. GBK/06/2015-17 RNI No 20508/71
Facebook.com/rakhewal

ઉત્તર ગુજરાતનું પ્રથમ દૈનિક

# રખેવાળ

સંવર્ધક તંત્રી : અમૃતભાઈ શેઠ
પો.બો. નં. ૧, માનવ મંદિર - ડીસા, ફોન : ૨૨૦૨૬૪, ૨૨૨૭૬૪ ફેક્સ : (૦૨૭૪૪) ૨૨૦૬૮૪ પાલનપુર ફોન-૨૫૩૦૦૪, અમદાવાદ ફોન. ૨૬૪૦૭૧૪૭
જનસેવાની પરંપરાના ૩૩ વર્ષ...

# આસ્થાના નામે હિંસા નહીં ચલાવાય : મોદી

## મન કી બાત કાર્યક્રમમાં વિવિધ મુદ્દે ચર્ચા : કાયદો પોતાના હાથમાં લેવાનો કોઇને અધિકાર નથી : દેશમાં ૩૦ કરોડ પરિવારો જનધન ખાતાની સાથે જોડાયા

નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મન કી બાત કાર્યક્રમમાં જુદા જુદા વિષયો ઉપર ફરી એકવાર વિસ્તારપૂર્વક વાત કરી હતી. મોદીએ પોતાની મન કી બાત કાર્યક્રમમાં સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આસ્થાના નામ ઉપર હિંસાને કોઇ કિંમતે મંજુરી આપવામાં આવશે નહીં. મોદીએ પોતાના રેડિયો કાર્યક્રમને સંબોધતા કહ્યું હતું કે, છેલ્લા ત્રણ વર્ષના ગાળામાં પ્રધાનમંત્રી જનધન યોજના સાથે ૩૦ કરોડ પરિવારોને જોડી દેવામાં આવ્યા છે. તેમના બેંક ખાતામાં ૬૫૦૦૦ કરોડ રૂપિયા જમા કરી દેવામાં આવ્યા છે. જનધન યોજના ૨૮મી ઓગસ્ટના દિવસે ત્રણ વર્ષ પુરા કરી લેશે. ૩૦ કરોડ નવા પરિવારોને આની સાથે જોડી દેવામાં આવ્યા છે. આ સંખ્યા અનેક દેશોની વસ્તી કરતા પણ વધારે છે. તેમણે કહ્યું હતું કે, ગરીબ અને વંચિત લોકો રાષ્ટ્રીય અર્થતંત્રના મુખ્ય હિસ્સા તરીકે બની ચુક્યા છે. ગરીબ લોકો પૈસા બચાવી રહ્યા છે અને સુરક્ષાનો અનુભવ કરી રહ્યા છે. જો હાથમાં પૈસા રહેશે તો ઈચ્છીત ઈચ્છાઓને પૂર્ણ કરી શકાય છે. ઘણી વખત વધારે પૈસા પણ ખર્ચ થઈ જાય છે. સંયમનું વાતાવરણ સર્જવાની જરૂર દેખાઈ રહી છે. ગરીબ વ્યક્તિ પણ માને છે કે, બચેલા નાણાનો ઉપયોગ કોઈ સારા હેતુ માટે અથવા તેમના બાળકો માટે કરી શકાય છે. રુપેકાર્ડ ગરીબોના ગર્વને વધારે છે. ગરીબ લોકોએ બેંકોમાં ૬૫૦૦૦ કરોડ જમા કર્યા છે. તેમના ભવિષ્યની મજબૂતીના સોર્સ તરીકે આને ગણવામાં આવે છે. મોદીએ પ્રધાનમંત્રી જીવન જ્યોત યોજના, પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજનાનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, લાખો યુવાનો મુદ્રા યોજના હેઠળ લોન મેળવી ચુક્યા છે. પોતાના પગ ઉપર ઉભા થવામાં તેમને મદદ મળી છે. રોજગારીની તકો ઉભી થઈ છે. મોદીએ જુદા જુદા વિષયો ઉપર વિસ્તારપૂર્વક વાત કરી હતી. હરિયાણામાં હિંસાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, આસ્થાના નામ ઉપર હિંસાને કોઇ સંજોગોમાં ચલાવવામાં આવશે નહીં. ભારત ભગવાન બુદ્ધ, મહાત્મા ગાંધી અને સરદાર પટેલની ભૂમિ છે.

પ્રધાનમંત્રી મોદીની મન કી બાત

## વિચાર વૈભવ...

### વાંસળીનો અવાજ

સર માઈકલ એન્ડ્રયુ કોસ્ટા ઈટાલીમાં જન્મેલ અને પછી ઈંગ્લેન્ડમાં સ્થાયી થયેલ એક મહાન સંગીતકાર હતા. ૧૯ મી સદીના ઉત્તમ ઓરકેસ્ટ્રા કંડક્ટર તરીકે એમની ગણના થાય છે.

એક વખત એમના સંગીતના એક ખુબ જ મોટા કાર્યક્રમનું રિહર્સ ચાલી રહ્યું હતું. સંગીતના આવા મોટા કાર્યક્રમોમાં ઘણાં બધાં વાજિંત્રો એક સાથે વાગતાં હોય છે. અહીંયા પણ એક તરફ મોટાં મોટાં ડ્રમ્સ જોરજોરથી વાગતાં હતાં. બીજી તરફ એક સાથે પચાસેક વાયોલિનનો અવાજ સંપૂર્ણ ઓડિટોરિયમને ભરી દેતો હતો. બીજાં અનેક વાજિંત્રો આ બધામાં સૂર પુરાવી રહ્યાં હતાં. ટૂંકમાં સમગ્ર વાતાવરણ ખૂબ મોટા અવાજોથી ભરાઈ ગયું હતું.

બરાબર એ જ વખતે છેક પાછળ ઊભા રહીને પિકોલો નામે ઓળખાતી એક ઊંચા અવાજવાળી ખાસ વાંસળી વગાડનાર કલાકારને વિચાર આવ્યો કે આટલાં બધાં વાજિંત્રોના અવાજોની વચ્ચે આપણી પિપૂડી કોણ સાંભળવાનું છે? અરે પોતાનું મહત્વ જ શું છે? પોતે વગાડે કે ન વગાડે એનાથી શો ફેર પડવાનો હતો? આમેય કોઈની નજર પણ ન પડે એવી જગ્યાએ તો એણે ઊભા રહેવાનું હતું. એનું સ્થાન પણ કોઈના ધ્યાનમાં આવે એવું નહોતું. એને થયું કે કોઈ પોતાની વાંસળીનો અવાજ પણ નહીં સાંભળતું હોય.

બસ! આટલું વિચારતાં જ એના મનમાં નિરાશા વ્યાપી ગઈ. આગળ વગાડવાનું છોડીને એ એમ જ ઊભો રહી ગયો. એણે વાંસળીમાં ફૂંક મારવાનું બંધ કરી દીધું. પોતાનું કોઈ મહત્વ જ નથી એ વાત જ એના અંગે અંગમાં નિરાશા ભરી દેતી હતી. વાંસળી વગાડવાનું બંધ કરીને એ સાવ જ ગુમસૂમ ઊભો રહી ગયો.

આ તરફ એણે વગાડવાનું બંધ કર્યાને હજુ એકાદ ક્ષણ માંડ વીતી હશે ત્યાં જ સર માઈકલે બૂમ પાડી, 'સ્ટોપ! સ્ટોપ! ઊભા રહો બધા, ઊભા રહો! વગાડવાનું બંધ કરો! અરે! વાંસળીનો અવાજ કેમ બંધ થઈ ગયો? ઉરીીં ૈજ ંરી ૈશ્ર્ષ્ઠર્ઙ્મ? વાંસળીનો અવાજ કયાં ગયો? અરે એ અગત્યના સૂર વગર તો આ સંગીત સાવ અધૂરૂં કહેવાય!'

પિકોલો- વાંસળી વગાડનાર માણસની આંખમાં આંસુ આવી ગયાં. એના અંગેઅંગમાં વ્યાપી ગયેલી નિરાશાનું સ્થાન અદમ્ય ખુશીએ લઈ લીધું. એને ખાતરી થઈ ગઈ કે કોઈ સાંભળે કે ન સાંભળે, કોઈ ધ્યાન આપે કે ન આપે, પરંતુ જેના કાને પોતાનું સંગીત પડવું જોઈએ એ સૌથી મોટા માસ્ટરના કાને તો એ બરાબર ઝિલાઈ રહ્યું છે. એણે ફરી એક વખત પૂરા દિલથી વાંસળી વગાડવાનું શરૂ કરી દીધું.

દુનિયામાં પણ એવું જ છે ને? આપણાં નાના કે મોટા કોઈ પણ કામની દુનિયા નોંધ ન લે તો આપણે નિરાશ થઈ જતા હોઈએ છીએ. પરંતુ આપણે એવો વિશ્વાસ રાખવો જોઈએ કે બીજા કોઈ નોંધ લે કે ન લે, પરંતુ સૌથી મોટા માસ્ટર (ભગવાન) ને ત્યાં તો એની નોંધ લેવાતી જ હોય છે. બસ, આપણે તો એક જ ધ્યાન રાખવાનું, આપણી વાંસળી ખરા દિલથી વગાડવાની! દરેક સૂરને એ મોટો માસ્ટર સાંભળી જ લેશે!

- ડૉ.આઈ.કે.વીજળીવાળા

## ભાજપ શાસિત પાલનપુર પાલિકાના કાન સુધી પહોંચતી ન હોવાની રાવ

### ગેરરીતી સામેની મુહીમને ખુદ ભાજપીઓ નબળી પાડી રહ્યા હોવાની રાવ




પાલનપુર

પ્રધાનમંત્રી મોદી ગેરરીતી સામે મુહીમ ચલાવી રહ્યા છે. તેઓ ખુદ મન કી બાતમાં દેશને ભ્રષ્ટાચારથી મુક્ત કરવા દેશવાસીઓને આહ્વાન કરી રહ્યા છે. ત્યારે બીજી બાજુ ભાજપ શાસિત પાલનપુર પાલિકાના શાસકોના કાને આજ દિન સુધી મોદી કી મન કી બાત પહોંચી ન હોય તેમ એક પછી એક કૌભાંડોના હાડપિંજર બહાર આવી રહ્યા છે.

એક બાજુ દેશના પ્રધાનમંત્રીની મન કી બાત દ્વારા દેશવાસીઓમાં નવ ચેતનાનો સંચાર થઈ રહ્યો છે. ત્યારે બીજી બાજુ ભાજપ શાસિત કેટલીક સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના શાસકો ના કાને પી.એમ.ની "મન કી બાત" "શેઠની શિખામણ ઝાંપા સુધી" જેવી પુરવાર થઈ રહી છે. ભાજપ શાસિત પાલનપુર પાલિકા માં પણ કેટલાક નગરસેવકો પી.એમ.ની "મન કી બાત" યા પછી "દિલ કી બાત" સાંભળવાને બદલે બે પાંદડે થવા માટે પોતાના "દિમાગ" ની વાત સાંભળી રહ્યા છે. પાલનપુર પાલિકાના શાસકો સામે ભ્રષ્ટાચારના રેકર્ડપ્રુફ પુરાવા છતાં તેમના સામેની તપાસ કરવામાં ઠાગાઠૈયા કરી જવાબદાર સરકારી બાબુઓ પણ પી.એમ.ની મુહીમને નબળી પાડી રહ્યા હોવાની રાવ ઉઠી છે. હાલમાં દેશભરમાં મોદી મેજીક તળે કમળ ખીલી રહ્યું છે. ત્યારે "રામના નામે પથરા તરે" તે

અનુસંધાન પાના નં.૬

### કૌભાંડની તપાસમાં ઠાગાઠૈયા

પાલનપુર પાલિકા દ્વારા ભૂગર્ભ ગટર યોજના તળે તૂટેલા રસ્તાઓ ના કરાયેલા નવીનીકરણમાં રૂ.૧.૫૮ કરોડનો ભ્રષ્ટાચાર આચરાયો હોવાની રાવ ઉઠી છે. જે અંગે વિપક્ષના નેતા અમૃત દાઢીએ કરેલી ફરિયાદના ૧૧ માસ બાદ પણ તપાસ થતી ન હોવાની બુમરાણ મચી છે. ડીસા- ધાનેરા નાયબ કલેકટર બાદ આર.એન્ડ બી. એકબીજાને ખો આપી રહ્યા છે. ત્યારે આ મામલો હવે કોર્ટમાં જાય તેવી શક્યતાઓ વચ્ચે જવાબદાર અધિકારીઓને પણ છાંટા ઉડે તેવી સંભાવનાઓ વર્તાઈ રહી છે. પાલનપુર પાલિકા ના રાજમાં ખાયકીના ભજવાઈ રહેલા ખેલ વચ્ચે નગરસેવકો તો ઠીક પણ તેમના સ્વજનો પણ તેમાં લિપ્ત બન્યા હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી રહી છે. ડીસા હાઈવે પૈસાના જોરે સત્તાધીશોને ખિસ્સામાં લઈને ફરવાની શેખી મારતા બિલ્ડર દ્વારા બની રહેલી "મેડી પોલીસ" ના બાંધકામ માં પણ ૭ આંકડાની લેતીદેતી થઈ હોવાનું જગબત્રીસીએ ચર્ચાઈ રહ્યું છે. ત્યારે શહેર કે જિલ્લા ભાજપના મોઢે લાગેલા ખંભાતી તાળાં રહસ્ય સર્જી રહ્યા છે.

### કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારની તપાસ સામે થઈ રહ્યા છે આંખ મિચામણા

## ડીસાની રાજપુર બનાસનદીમાં ડુબી જતાં યુવકનું મોત




ડીસા

ડીસા નજીક પસાર થતી બનાસનદી ગોઝારી બની છે જ્યાં છેલ્લા એક મહીનામાં આઠ વ્યક્તિઓના ડૂબી જવાથી મોત નિપજ્યા છે જ્યાં ગઈકાલે રાજપુર વિસ્તારના એક યુવાનનું નદીમાં ડૂબી જવાથી મોત થતાં અરેરાટી વ્યાપી જવા પામી હતી. ગત જુલાઈ મહિનામાં અતિભારે વરસાદના કારણે બારે માસ સુકી ભઠ્ઠ રહેતી બનાસનદી બે કાંઠે વહેતી થઈ છે. જ્યાં છેલ્લા એક માસથી નદીમાં પ્રવાહ ચાલુ છે. પરંતુ બીજી તરફ આ નદી ગોઝારી બની રહી છે જેમાં છેલ્લા એક માસથી આઠ જેટલી વ્યક્તિઓનો ભોગ લેવાયો છે. જ્યારે ગઈકાલે ડીસાના રાજપુર વિસ્તારમાં રહેતા અજય અમરતભાઈ દેવીપૂજક નામનો યુવક બનાસનદીમાં ડૂબી જતાં તેનું મોત નિપજ્યું હતું. તરવૈયાઓની મદદથી મૃતકની લાશને બહાર કાઢી ડીસા સિવિલ હોસ્પિટલમાં પી.એમ. અર્થે ખસેડવામાં આવી હતી. આ બનાવના પગલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા એકઠા થઈ જવા પામ્યા હતા.

## પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી





ડીસા ખાતે ગતરોજ કાળા ડીબાંગ વાદળો ઘેરાયા બાદ મેઘ રાજાએ સાંબેલાધાર પધરામણી કરી હતી ત્યારે સમી સંધ્યા સમયે આકાશમાં વાદળો ઘેરાતા પ્રકૃતિ સોળે કળાએ ખીલી ઉઠી હતી જાણે પ્રકૃતિએ સાતે રંગ પાથર્યા હોય તેવો નયનરમ્ય નજારો જામતા બાળકો, યુવાનો, મહિલાઓ સહિત તમામ પ્રકૃતીને માણી આંનદ વિભોર બની ગયા હતા.

## સ્વાઇન ફ્લૂના કહેર વચ્ચે આરોગ્ય મંત્રી પાલનપુર સિવિલ ની મુલાકાતે




પાલનપુર

રાજ્ય મા સ્વાઈન ફ્લૂ ની દહેશત છે ત્યારે બનાસકાંઠા ના વધુ એક દર્દી નું સ્વાઈન ફ્લૂ થી મોત થતા આરોગ્ય મંત્રી શંકર ચૌધરી પાલનપુર સિવિલમા દોડી ગયા હતા. અને સ્થિતિ ની સમીક્ષા કરી હતી. ત્યારબાદ મંત્રી અંબાજી જવા રવાના થયા હતા.

બનાસકાંઠા મા સ્વાઈન ફ્લૂ ના કહેર ને લીધે અત્યાર સુધી ૧૩ લોકો ના મોત થઈ ચૂક્યા છે અને અનેક લોકો સારવાર લઈ રહ્યા છે.ત્યારે રાજ્ય આરોગ્ય મંત્રી શંકર ચૌધરી પાલનપુર સિવિલ માં દોડી આવ્યા હતા અને જિલ્લા આરોગ્ય અધિકારી સાથે સ્થિતિ ની સમીક્ષા કરી હતી જોકે અંબાજી મા ભાદરવી નો મહા મેળો નજીક આવી રહ્યો છે ત્યારે મંત્રી પાલનપુર બાદ અંબાજી જવા રવાના થયા હતા અંબાજી મા મંત્રી કલેકટર અને આરોગ્ય વિભાગ સાથે સ્વાઈન ફ્લૂ ને લઈ ચર્ચા કરશે

ભાદરવી ના મહા મેળા મા ૩૫ લાખ જેટલા યાત્રાળુ આવનાર છે ત્યારે મંત્રીએ ભક્તોને સૂફીયાની સલાહ આપી છે.જે લોકોને શરદી ખાંસી હોય તે અંબાજી ન જાય એવો સંદેશ મંત્રી એ આપ્યો છે.જોકે મંત્રી ના નિવેદન પર થી લાગી રહ્યું છે કે રાજ્ય આરોગ્ય વિભાગ અંબાજી મા યાત્રાળુ ઓ ના આરોગ્ય નીપરીસ્થીતી ને પહોંચી વળવા સક્ષમ નથી.

## કેદારનાથ મહાદેવના મંદિરમાં રીંછ આવતા ભક્તોમાં ભાગદોડ






બનાસકાંઠા જિલ્લા ના કુદરતી રમણીય પહાડો માં આવેલ જેસોર ના જંગલો માં બિરાજમાન કેદારનાથ મંદિર માં ભક્તો નું ઘોડાપુર મહાદેવના દર્શન કરવા ઉમટે છે કેદારનાથ મંદિર પહાડો માં આવેલું છે તેમજ જેસોર અભ્યારણ આ મંદિર આવેલું હોવાથી અને જેસોર રીંછો નું અભ્યારણ હોવાથી અહી અવાર નવાર રીંછો વિહાર કરતા હોય છે ત્યારે આજે અચાનક એક રીંછ મંદિર માં આવી ચડતા લોકો ના જીવ અધ્ધર થઈ ગયા હતા તેમજ પુજારી સહીત ના ભક્તો સલામત સ્થળે સંતાઇ ગયા હતા ઉલ્લેખનીય છે કે થોડા સમય પહેલા બનાસકાંઠા માં જ એક રીંછે ત્રણ લોકો ના જીવ લીધા હતા જેથી આ વિસ્તાર માં અને દાંતા પંથક માં રીંછ ને જોતાજ લોકો માં ભારે ગભરાટ ફેલાઈ જાય છે જોકે મંદિર માં આવેલું રીંછ થોડી જ વાર માં પરત જંગલ તરફ રવાના થતા લોકોએ રાહત નો દમ લીધો હતો.

## લાલૂની ભાજપ વિરોધી રેલીમાં મમતા, અખિલેશ, શરદ હાજર

પટણા

આરજેડીના વડા લાલૂ પ્રસાદ યાદવ તરફથી બોલાવવામાં આવેલી વિપક્ષી પાર્ટીઓની મહારેલીમાં શક્તિ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ મહારેલીમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, ઉત્તરપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવ, જેડીયુના નારાજ નેતા શરદ યાદવ ઉપસ્થિત રહ્યા હતા. કોંગ્રેસના અનેક વરિષ્ઠ નેતાઓ પણ આમા ઉપસ્થિત રહ્યા હતા જેમાં ગુલામ નબી આઝાદનો સમાવેશ થાય છે. આ બેઠકમાં કોંગ્રેસના સીપી જોશી, એનસીપીના તારિક અવનર, આરએલડીના ચૌધરી જયંતસિંહ, સીપીઆઈના સુધાકર રેડ્ડી, જેએમએમના નેતા અને ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી હેમંત સોરેન, બાબુલાલ મારન્ડી, ડીએમકેના નેતાઓ પણ હાજર રહ્યા હતા.

## સૂર્યોદય - ૬.૧૪ સૂર્યાસ્ત - ૭.૧૭

## તિથિદર્શન ભાદરવા સુદ- ૭ સોમવાર ૨૦૭૩




વિક્રમ સંવત : ૨૦૭૩, શા.શકે-૧૯૩૯, નામ સંવત્સર :હેમલંબી નામ વીર જૈન સંવત ૨૫૪૩ ભાદરવા સુદ :સાતમ સોમવાર નક્ષત્ર :વિશાખા રાત્રે ૮.૧૦ પછી અનુરાધા યોગ: ઐદ્ર કરણ:ગર આજે જન્મેલા બાળકની રાશી વૃશ્ચિક (ન.ય.) અક્ષરો ઉપર પાડવું શાસ્ત્રોક્ત છે.

**- જયોતીષી બંસીલાલ એચ.લોધા**

## ચિંતન - સુરેશ પ્રા.ભટ્ટ

**યા સાધૂંશ્ચ ખલાન્કરોતિ વિદૂષો મૂર્ખાન્હિતા ન્દ્રષિણઃ**
**પ્રત્યક્ષં કુરુતે પરોક્ષમ મૃતં હલાહલં તત્ક્ષતાત્ તમારા ધન**
**સત્ક્રિયાં ભગવતી ભોગતું ફલં વાંછિતં,હે સાધો**
**વ્યસનિન્ગુણેષું વિપુલેષ્વાસ્થાં વૃથામા કૃથાઃ**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ ‘નસીબનો મહિમા’માંથી આ શ્લોક છે. આ શ્લોકમા સત્કર્મો દ્વારા જ ભાગ્યનું નિર્માણ થાય છે. એમ સમજાવવામાં આવ્યું છેઃ- ‘હે દુઃખમાં આવી પડેલા સજ્જન (તું ચિંતા ન કર કારણ કે) સત્કર્મો દુર્જનને પણ સજ્જન બનાવી દે છે, મૂર્ખાઓ અને ગમારને પણ સમજુ વિદ્વાન બનાવે છે, જે લોકો દ્વેષી- વિરોધી હોય તેના પ્રત્યે પણ ભલમનસાઈથી વર્તવામાં આવે તો, દુશ્મન- દુષ્ટ પણ સજ્જન થઈ સ્વજન જેવો થઈ જાય છે, જે લાભ- ફાયદા પરોક્ષપણે અદશ્ય રહેતો હોયએ સ્પષ્ટ- હાજરાહજૂર થઈ જાય છે, હલાહલ ઝેર જેવું વર્તન- વાણી પણ સત્કર્મો દ્વારા ક્ષમા અમૃતમય- શાતા આપનારી થઈ જાય છે.’

આથી તારે મનોકામનાઓને સિદ્ધ કરવી હોય અર્થાત્ ઈચ્છા પ્રમાણે ફળની પ્રાપ્તિ કરવી હોય તો, ભગવતી સત્ક્રિયા એટલે કે સત્કર્મોની ઉપાસના કર, અભિષ્ટ ફળની પ્રાપ્તિ અર્થે ક્રિયાકાંડ, હોમ- હવન, જપ- તપ જેવાં બીજાં અનેક સાધનો છે પણ સદાચાર અને સત્કર્મ પર અતૂટ આસ્થા વિશ્વાસ રાખી ‘કર્મ’ કરવાથી એ કર્મ જ ‘સદ્ભાગ્ય’ બની ફળ- પરિણામ આપે છે.

## પાલનપુરની હેતીબા પ્રાથમિક શાળા પરિવાર દ્વારા પૂર પીડિતોને સહાય

પાલનપુર

પાલનપુરની શ્રીમતી હેતીબા પ્રા. શાળામાં ભણતા બાળકોએ તેમજ સમગ્ર સ્ટાફગણે બનાસકાંઠાના પૂરગ્રસ્ત લોકોને રૂા. ૨૩૦૧૦/- સ્વૈચ્છિક ફાળો ઉઘરાવીને આર્થિક મદદ કરી બાળકોને મૂલ્યલક્ષી શિક્ષણ આપવાનો પ્રયત્ન કર્યો. બાળકો તેમજ શિક્ષકોના આ માનવતાલક્ષી કાર્યને શાળાના આચાર્યા મીનાબેન દવેએ બિરદાવ્યું હતું.

## એન.પી. પટેલ મહિલા આર્ટસ કોલેજ આંતર કોલેજ યોગાસન બહેનોની સ્પર્ધામાં વિજેતા

પાલનપુર

હે.ઉ.ગુ.યુનિ. પાટણ સંલગ્ન આંતર કોલેજ યોગાસન (ભાઈઓ- બહેનો) સ્પર્ધાનું આયોજન શારીરિક શિક્ષણ વિભાગ પાટણ મુકામે કરવામાં આવ્યું હતું. તેમાં એન.પી.પી. મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓની ટીમ ચેમ્પીયનશીપ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ છે. જે ટીમ આંતર યુનિ.કીટ મુકામે રમવા જવા માટે પસંદગી પામે છે. જેમાં ચૌધરી જશોદા એ., ચૌધરી અલ્કા જે., ચૌધરી મંજુલા એન., દરજી ખુશ્બુ એમ., ચૌધરી કવિતા ડી., ચૌધરી મિતલ એલ. અને રાઠોડ મિતલ એમ., પટેલ મીના સી., ચૌધરી હેતલ આર., ચૌધરી કાજલ બી., ચૌધરી રમીલા પી. આ સર્વે વિદ્યાર્થીનીઓ યોગાસન સ્પર્ધામાં ભાગ લઈ સંસ્થા પરિવારનું ગૌરવ વધારેલ છે.

## આજનો દિન મહાન - યશવંત કડીકર

ક્રાન્તીકાર અને આર્ષદષ્ટા શ્રી કરસનદાસ મૂળજીભાઈની પુણ્યતિથી છે.

એમનો જન્મ ઈ.સ. ૧૮૩૨ માં મુંબઈમાં થયો હતો. ‘સત્યપ્રકાશ’ ના તંત્રી તરીકે એમની સેવાઓ નોંધપાત્ર છે. તેઓ એક સફળ અને સારી હથોટી ધરાવતા લેખક અને પત્રકાર હતા. ‘ઈગ્લૅન્ડમાં પ્રવાસ’ નામનું તેમનું દળદાર પુસ્તક ઈ.સ. ૧૮૬૬માં પ્રગટ થયું અને તે ખૂબ પ્રસિધ્ધ બન્યું. અલબત્ત તેમનું નામ સમગ્ર ગુજરાતી સમાજમાં તો ‘મહારાજ બાયબલકેસ’ સમયે તેમણે બતાવેલી અસાધારણ હિંમત, નીડરતા અને પહેલવૃતિને કારણેસંસાર સુધારાની બાબતમાં ખૂબ ગાજી ઊઠયું હતું. આ મહામાનવનું ૨૮-૮-૧૮૭૧ ના રોજ અવસાન થયું.

**તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક - તરૂણ એ. શેઠ**
**માનવમંદિર, ડીસા.** ફોન : ૨૨૦૨૬૪/ ૨૨૨૭૬૪
મુદ્રક : રખેવાળ પ્રિન્ટીંગ પ્રેસ, માનવ મંદિર, ડીસા
**અમદાવાદ ઓફીસ :-** ૧૦૩, અશ્વમેઘ એવન્યુ, મીઠાખળી ફોન ૨૬૪૦૭૧૪૭,મો.૯૪૨૯૧ ૨૨૧૦૫,
**પાલનપુર ઓફીસઃ-** ૧૧૭, એરોમા આર્કેડ, જીલ્લા પંચાયત સામે, ફોન- ૨૫૩૦૦૪ મો.૯૪૨૬૯૪૮૫૪૬

**‘રખેવાળ’ દૈનિકમાં પ્રસિદ્ધ થતા તમામ સમાચાર, લેખો અથવા પ્રસિદ્ધ થતી કોઈપણ માહિતી કોઈપણ જાતના પૂર્વગ્રહ અથવા દ્વેષભાવ વગર માત્ર જનજાગૃતિના ઉદ્દેશ્યથી પ્રસિદ્ધ કરવામાં આવે છે. તેમ છતાં પ્રસિદ્ધ થયેલ માહિતી કે સમાચાર માટે કોઈને પણ ફરીયાદ હોય તો તે બાબતે આધાર-પુરાવા સાથે ડીસા કાર્યાલયનો સંપર્ક કરવો વાદવિવાદ, કે કાનુની પ્રક્રિયા માટેનું ન્યાયક્ષેત્ર ડીસા રહેશે.**

## આપનું અઠવાડિયું કેવું જશે ?

**મેષ :** કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ ટાળવો હિતાવહ.

**વૃષભ :** સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે મનદુઃખ થાય.

**મિથુન :** આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે. નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક :** આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાન સંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ :** આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા :** નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા :** આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક :** ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઇ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ ભરી દેશે.

**ધન :** પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર :** નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ :** કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી અનુભવાય.

**મીન :** આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

**કનકચંદ્ર સી. વ્યાસ**

## તિથિ ભોજન યોજાયું

તાલુકા પ્રતિનિધિ દીઓદર

દીઓદર તાલુકાના કુંવારવા પ્રાથમિક શાળામાં તા.૧૫ મી ઓગસ્ટ તથા જન્માષ્ટમીના પર્વે લાલજીભાઈ રેવાભાઈ ચૌધરી પરિવાર દ્વારા ધોરણ-૧ થી ૭ના બાળકોને તિથિ ભોજન આપવામાં આવેલ. જેમાં પુરી શાહ, મોહનથાળ,દાળ ભાતનું જમણ અપાયેલ. ૧૫૦ જેટલાં બાળકોએ તિથિ ભોજનનો લાભ લીધેલ. આ પ્રસંગે શાળાના આચાર્યશ્રી, સ્ટાગણ, પરાગભાઈ આર.પટેલ, ત્રિકમભાઈ પટેલ, માનસુંગભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહેલ.

## વડગામમાં ગણપતિ મહોત્સવની શુભારંભ



ગઈકાલ તા. ૨૫/૮/૨૦૧૭ શુક્રવાર શ્રી ગણેશ ચતુર્થીના પવિત્ર દિવસે વડગામ નગરમાં શ્રી બ્રહ્માણી યુવક મંડળ પુરબિયા પરિવાર દ્વારા આયોજિત ગણપતિ મહોત્સવનો શુભારંભ કરાયો હતો. આ પ્રસંગે ભવ્ય શોભાયાત્રા દ્વારા શ્રીજીનો નગર પ્રવેશ કરાયો હતો. (પુષ્કર ગોસ્વામી)

## ધાનેરામાં ભારત વિકાસ પરિસદ દ્વારા ’ભારત કો જાનો ’ વિષય પર સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ

તા.પ્રતિનિધિ ધાનેરા

ભારત વિકાસ પરિષદ સંસ્થા દ્વારા દર વર્ષે શાળામાં અભ્યાસ કરતા બાળકોમાં દેશના ઈતિહાસ અને સંસ્કૃતિ વિશે જ્ઞાન વધે તે માટે શાળા કક્ષાએ ભારત કો જાનો વિષય અંતર્ગત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે જેમાં ભારતના ઈતિહાસ અને ભારતીય સંસ્કૃતિ વિશેના ૧૦૦ માર્ક્સના વૈકલ્પિક પ્રશ્નો લખવાના રહે છે જે આજે ધાનેરાની ડી.બી. પારેખ હાઈસ્કૂલ ખાતે યોજાઈ હતી જેમાં ધાનેરામાંથી વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો સમગ્ર પરીક્ષાની વ્યવસ્થા સંસ્થાના પ્રમુખ ડો.લાખાભાઈ પ્રજાપતિ , શાળાના આચાર્ય ચેનજીભાઈ સોલંકી તથા સંસ્થાના સભ્યોએ ઉપસ્થિત રહી કરી હતી.

## પેપળુ મઠ દ્વારા રામપુરા (દામા) પ્રા.શાળાને એક વિઘા જમીનનું દાન

### મહંતની દરિયાદિલીને ગામલોકોએ આવકારી



મહેન્દ્ર શાહ

પ્રતિનિધિ રામપુરા

રામપુરા પ્રા.શાળામાં ૭૧ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે મહંતશ્રી બાબુપુરીજી જાલમપુરીજી, પેપળુ મઠ દ્વારા ૧ વિઘા જમીનનું માતબર દાન કરવામાં આવેલ. રામપુરા પ્રા.શાળા અનેક પ્રકારની સુવિધાઓથી સંપન્ન પ્રાથમિક શાળા છે. પરંતુ શાળામાં રમતના મેદાનની આવશ્યકતા હતી. શાળાની તેમજ બાળકોની જરૂરિયાતને ધ્યાને લઈ બાબુપુરીજી મહારાજે સ્વાતંત્ર્ય દિનની ઉજવણી પ્રસંગે સમસ્ત ગ્રામજનોની હાજરીમાં ભૂમિદાનની જાહેરાત કરેલ. શાળાના બાળકો તેમજ ગ્રામજનોમાં ખુશીનો માહોલ સર્જાયેલ. વર્તમાન સમયમાં આટલી કિંમતી જમીનનું દાન કરવા બદલ રામપુરા શાળા પરિવાર, સરપંચ, ગ્રામ પંચાયતના સદસ્યો તેમજ સમસ્ત ગ્રામજનોએ બાબુપુરીજી મહારાજનું ભવ્ય સન્માન કરેલ. શાળાના આચાર્યએ સમગ્ર ગ્રામજનો વતી તેમનો ખુબ ખુબ આભાર વ્યક્ત કરેલ.



થરાદમાં આવેલા પીએચસી ઓફીસના કંપાઉન્ડમાં એક વીસેક ફુટ ઉંડા ખાડામાં એક ગાય પડવા પામી હતી. આ બનાવની રહીશોને જાણ થતાં તેમણે થરાદના જલારામ ગૌસેવક મંડળને જાણ કરી હતી. આથી ગૌસેવકો દોડી આવ્યા હતા.જેમણે ગાયને બચાવવાની તજવીજ હાથ ધરી હતી. (વિષ્ણુ દવે)

## પાલનપુર ખાતે તિરૂપતિ રાજનગરમાં ધારીવાલ પરિવાર દ્વારા ગણેશજીની સ્થાપના



સંજય જોષી

પાલનપુર

પાલનપુર ખાતે ધારીવાલ પરિવાર દ્વારા ગત શુક્રવારે ગણેશચતુર્થીના પાવન પ્રસંગે અબીલ ગુલાલની છોળો અને મંત્રોચ્ચાર સાથે શ્રી ગણેશ ભગવાનની મૂર્તિની સ્થાપના “તિરૂપતિ રાજનગર” ના નિવાસ સ્થાને કરવામાં આવી હતી.આ પ્રસંગે વિની રાજેન્દ્ર ધારીવાલના પરિવાર દ્વારા ગણેશજીની પૂજા-આરતી કરવામાં આવેલ.

## અમીરગઢ કોલેજમાં ‘નર્મદ જયંતિ’ની ઉજવણી



વિશાલ નાઈ

પ્રતિનિધિ અમીરગઢ

અમીરગઢ તાલુકાની સરકારી વિનયન કૉલેજ ખાતે તા. ૨૪ ઓગસ્ટના રોજ ગુજરાતી વિભાગ દ્વારા ‘અર્વાચીનોમાં આદ્ય’ એવા વીર નર્મદની ૧૮૪ મી જયંતિની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે સેમ ૫ ના વિદ્યાર્થી કોલા ખેંગારામ અને સેમ ૩ ની વિદ્યાર્થીની ઠાકોર વર્ષાએ નર્મદની સાહિત્યિક અને સામાજિક સેવાઓને યાદ કરી શબ્દાંજલિ અર્પી હતી. ત્યારબાદ ગુજરાતીના અધ્યાપિકા વર્ષાબહેને નર્મદના કેટલાક કાવ્યોનું ભાવવાહી પઠન કર્યું હતું. પ્રા.અશોકભાઈએ નર્મદ રચિત ગુજરાતનું ગૌરવગાન એવા ‘જય જય ગરવી ગુજરાત’ નું બુલંદ સ્વરે ગાન કર્યું હતું. અંતે પ્રા.એન.બી.રાવલે નર્મદની સુધારાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સફળ સંચાલન આચાર્ય નરેશભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગના પ્રા.રૂપેશભાઈ ગોસ્વામીએ કર્યું હતું.

# અન્યાયનો પ્રતિકાર

જુઓ બા તમે અશ્વિનને શાંતિથી પુછો અકડાશો તો એ સાચો જવાબ કયારેય નહીં આપે. તમારી અને બાપુજીની હાજરીથી પણ એ ડરે છે તો સામે જવાબ આપવાની તો વાત જ કયાં રહી ? અને વળી એમાં તમે આટલાં ગુસ્સે થઈને કહો એટલે એ તો મોંઢામાંથી મગનું નામ મરી નહીં પાડે..

કેમ તું મારા છોકરાને બાયલો કહેવા માંગે છે ?

બા મેં એવું કયારે કહ્યું ?

તો મારા દિકરા કે મારી સાથે બોલતો કરીને તારે શું પુરવાર કરવું છે?

બા તમારા દિકરાના જવાબ પર મારી જીંદગીનો આધાર છે. મારા ચારિત્ર પરનો ડાઘ એના જવાબ પર નિર્ભર છે. તારા ચારિત્ર્યને તારા કુકર્મે જ ડાઘ લાગ્યો છે. બાપના ઘેર સખણી રહી નથી અને મારા દિકરાનો ભવ બગાડયો.

બા, પ્લીઝ એવું તમે ના બોલો, અશ્વિન તમે બાને રોકો, તમે સાચી હકીકત જાણો છો પછી મુંગા કેમ ઉભા છો ? બોલોને અશ્વિન ?

રાધી તું એની સાથે નહીં મારી સાથે વાત કર.. હવે માત્ર હું નિર્ણય આપીશ અને એમ જ થશે..

તમારો નિર્ણય હું જાણું છું બા..!

તો પછી પકડ હાથમાં તારા બાપનો આપેલો ગવારો.. અને નીકળ અહીંથી..

બા વગર વાંકે મને ગુનેગારની કસ્ટડીમાં ઉભી રાખી સજા ફટકારી દીધી. તમે સ્ત્રી થઈને મારી વેદનાને સમજવા તૈયાર નથી. હું કયાં જઈશ ? મારી જગ્યાએ તમારી દીકરી હોય તો ?તમે શું કરશો ?

ખબરદાર જો મારી દિકરીનું નામ લીધું છે તો ? તારા જેવી કુલક્ષણી મારી દિકરી ન હોય સમજી ?

ગાળો અપશબ્દોનો વરસાદ વરસાવી સાસુમા એમના રૂમમાં ચાલ્યા ગયા. સધી અશ્વિનસામે જોઈ રહી છે આંખોમાંથી ધડધડ આંસુડાની ધારાઓ વહી રહી છે. પણ સધીની નજરનો સામનો કરવાની હિંમત અશ્વિનમાં નથી. નીચું મોં રાખીને લાચારી દર્શાવતો પોતાના રૂમમાં ચાલ્યો ગયો. રાધી રસોડામાં જઈ નિત્યક્રમમાં લાગી જાય છે. અંકિતના જન્મ પછી ઘરની કાયાપલટ થઈ ગઈ હતી. જયાં એનો પડયો બોલ ઝીલાતો હતો પાણી માંગે તો દુધ હાજર થતું હતું એ ઘરમાં આજે અપમાનજનક શબ્દો ગાળો સાંભળવા મળે છે.. ઘરનાં બધાં કામો એનાં માથે નાખી દીધા છે. પોતાના બાળકને પેટ ભરીને સ્તનપાન કરાવવાનો પણ તેને ટાઈમ નથી મળતો. બિચારો પારણામાં રડતો રડતો થાકીને સુઈ જાય છે. કોઈ પારણાની દોરી પકડી હાલરડું ગાઈ હીંચકો પણ નથી નાખતું. થોડા મહીના પહેલાં ઘરમાં દિકરી અવતરે એની બધાં કાગડોળે રાહ જોતા હતા. દિકરો અવતર્યો પણ ખરો , છતં આજે એ દિકરાને છાનો રાખવાની પણ કોઈ દરકારલેતું નથી. શું થઈ ગયું ? સધી વિચાર કરે છે.



**મનદર્પણ**
**મંજુ પ્રજાપતિ**

કોની ભુલ ? મારા સપનાંનો મહેલ આજે ભડકે બળે છે એમાં મારી કેટલી ભુલ ? જે કાર્યમાં અમે બંને સહભાગી હોઈએ તો સજાને માંચડે હું એકલી જ શા માટે ? સાત સાત જનમો સુધી સંગે જીવવા મરવાની કસમો ખાનાર અશ્વિન આજે એક ભવમાં જ સત્યના પંથ પર પણ મને સાથ નથી આપતા ? કેમ કેવો પ્રેમ છે એમનો ? આવો પતિ હોય તો ય શું ને ના હોય તો શું ? એક મર્દ તરીકે પોતાની પત્નીને બચાવી નથી શકતો. જબરજસ્તી આ ઘરમાં રહીને હું શું મેળવી લઈશ ? જયાં મારૂ કોઈ નથી ત્યાં રહીને હું શું કરીશ ? એમની મરજી વિરૂદ્ધ અહીં રહીને હું શું પુરવાર કરી લઈશ ? મને આ કલંકમાંથી ઉગારના અશ્વિન જો મોંઢું નહીં ખોલે તો રોજ રોજની આ માથાકુટ, અપમા મારા મગજને ગાંડુ બનાવી દેશે. હુંમારા બાળકને કાંઈ નહી આપી શકું , એનો વિકાસ રૂંધાઈ જશે. બસ બહુ થયું નથી રહેવું હવે મારે અહીં..?

એણે એક ડગલું ભર્યું ત્યાં એના આભામાંથી અવાજ આવ્યો. પણ હુંઅહીંથી હવે કયાં જઈશ ? જીવન સરળ નથી. માથા પર બદચારિત્રનું કલંક છે. જે આજે ઘરની ચાર દિવાલની અંદર છે. કાલે આખી દુનિયા જાણશે શુ ંકરીશ ? મમ્મીના ઘરે જઈશ પણ ત્યાં જઈને શું જવાબ આપીશ ? શું મમ્મીને કહી શકીશ કે પાકટ વયની તારી નાદાનીયતે મારા જીવનમાં તોફાન ખડું કરી દીધું છે .હું અબુધ હતી પણ તું તો સમાજથી ઘડાયેલી હતી. હુ ંસ્વતંત્ર સ્વભાવની હતી પણ સ્વચ્છંદી કયારેય નહોતી પછી મારાથી શું થઈ ગયું ? સાચા ખલટાનું મને ભાન ન રહે એટલી મારી ઉંમર નાની નહોતી. કાંઈ નહીં ઈશ્વરને જે મંજુર હશે તે પણ હવે અહીં તો નથી જ રહેવુ. આજે હાથ ઉપાડતાં વિચાર નથી કર્યો.. કાલે નહીં નહીં.. મારા દિકરાનું શું ?

સધી વિચારતંદ્રામાંથી બહારી આવી. રસોડાના કામને અધુરાં મુકી રૂમમાં ચાલી ગઈ. હાથમાં બેગ લીધી કપડાં ભર્યા.. અશ્વિન પલંગમાં સુતો છે. આંખો બંધ છેપણ ગાઢ નિંદ્રામાં નથી એ જાણે છે કે સધી બેગ ભરે છે મારી પાસેથી કાયમ માટે જઈ રહી છે. પણ એક શબ્દ બોલતો નથી. બેગ હાથમાં લીધી ને વિચાર આવ્યો.. જાઉં છું પણ મારા દિકરાના અધિકારનું શું ?

એના ભવિષ્યનું શું ? સુખી કુટુંબમાં જન્મ લઈ દર દરની ઠોકરો એ શું કામ ખાય ? એનો અધિકાર તો એને મળવો જ જોઈએ.. બસ મનોમન નિર્ણય કરી લીધો. મક્કમતાથી તિજોરી ખોલી અને અંદરથી જવેલરી બોકસ બહાર કાઢયું. સધીનો બેડરૂમ ઘરની બરાબર મધ્યમાં હતો. બીજા બધાં રૂમ કરતાં વધારે સુરક્ષીત હતો એટલે સાસુજીની જવેલરી પણ એના રૂમના કબાટમાં રહેતી. સધીએ પોતાના દાગીનાની સાથે સાસુના દાગીના પણ બેગમાં ભર્યા અને કબાટને બંધ કર્યું. બેગ લઈ દરવાજા તરફ ગઈ. તેને પગ ભારે થઈ ગયા. તેણેપાછું વળીને જોયું તો અશ્વિન તેની સામે જોઈ રહ્યો હતો. એની આંખોમાં, મુખ પર અપરાધ ભાવ હતો. પસ્તાવો અને લાચારી સાફ દેખાતી હતી. સધીની આંખો ઉભરાઈ ગઈ.

## ભારત વિકાસ પરિષદ ભાભર દ્વારા આયુર્વેદિક ઉકાળાનું વિતરણ

તા.પ્રતિ. ભાભર

ભારત વિકાસ પરિષદ ભાભર શાખા દ્વારા બનાસકાંઠા જિલ્લા આયુર્વેદિક શાખા-પાલનપુરના સહયોગથી તા.૨૪/૮/૨૦૧૭ થી તા.૨૬/૮/૨૦૧૭ સુધી ભાભર શહેર તથા આજુબાજુના ગામડાઓ તથા શાળાઓમાં સ્વાઈન ફ્લુ રોગ પ્રતિરોધક ઉકાળાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ જેમાં લગભગ ૧૫,૦૦૦ (પંદર હજાર) જેટલા લોકોએ આયુર્વેદિક ઉકાળાનું અમૃત પાન કર્યુ હતુ.

ભારત વિકાસ પરિષદ ભાભર શાખાના પ્રમખ મહેશભાઈ એન.કાનાબાર, ઉપપ્રમુખ હિતેશભાઈ એસ.ઠક્કર, જગદીશભાઈ કે.ગોકલાણી, પ્રાંત કાર્યકર દયારામભાઈ કે.ઠક્કર અને હિરાભાઈ વી.પટેલ તથા મંત્રી સુરેશભાઈ કે.રાઠોડ અને સહમંત્રી પ્રભુભાઈ કે.રામી, ખજાનચી ચેહરાભાઈ સુથાર વગેરે અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડીસાની ડી.એન.પી.આર્ટસ કોલેજમાં વીર નર્મદની જન્મજયંતિની ઉજવણી



ડીસા

ગત તા.૨૪/૮/૨૦૧૭ ના રોજ ડી.એન.પી.આર્ટસ કોલેજમાં સર્જનાત્મક અભિવ્યક્તિ ધારા તેમજ રીસર્ચ કમિટી દ્વારા આયોજિત ‘વીર નર્મદ જન્મજયંતિ’ નો કાર્યક્રમ યોજાયો હતો. પ્રિ.અમૃતભાઈ પટેલે આ કાર્યક્રમને સફળ બનાવવા માટે પ્રોત્સાહન પુરુ પાડ્યું હતુ. પ્રો.ડો.સંકેતભાઈ પારેખ તેમજ પ્રા.ક્રિષ્નાબેન (શાંડ્યા)એ વિદ્યાર્થીઓ સમક્ષ વીર નર્મદની સાહિત્યિક તેમજ સમાજ સુધારાની પ્રવૃત્તિઓને બિરદાવી હતી. આ વિષય પરની ચર્ચામાં કોલેજના આઠ વિદ્યાર્થીઓએ પણ ભાગ લીધો હતો. તેમણે નર્મદના જન્મ તેમજ ઘડતર પરિબળો વિશે માહિતી આપી હતી.

## સામા પાંચમે સ્નાન...



(અરવિંદ ઠાકોર)

અમીરગઢમાં વિશ્વેશ્વર મંદિર તટમાં વહેતી બનાસ નદીમાં ગઈકાલે સામા પાંચમે સ્નાન કરવા મહીલાઓનો ભારે ઘસારો રહેવા પામ્યો હતો.

## દીઓદર પ્રગતિ નગરમાં પર્યુષણ પર્વની ઉજવણી

તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર હાઈવે ઉપર આવેલ પ્રગતિનગર સોસાયટી મધ્યે શ્રી પ્રગતિનગર જૈન ટ્રસ્ટના ઉપક્રમે પર્યુષણ પર્વની આરાધના સુંદર રીતે કરવામાં આવેલ.અહીં પ્રતિદીન સવાર - સાંજ પ્રતિક્રમણ આદિ યોજાયેલ. તેમજ દરરોજ પરમાત્માને સ્નાત્ર પુજા સૌ સાથે મળી ભાવ પૂર્વક કરતાં તેમજ પરમાત્માને ભવ્ય અંગ રચનાઓ કરવામાં આવેલ.સંવત્સરી પ્રતિક્રમણ કરતી વેળાએ સૌને ખમાવેલ. સોસાયટીમાંથી ૨ જેટલા આરાધકોએ પૌષધની આરાધના કરેલ.

# વેસ્ટર્ન સોમ ચિંતામણી રેસીડન્સી (પાલ) માં ઐતિહાસિક ચાતુર્માસ




સુરત

કચ્છ વાગડ સમુદાયનું ગૌરવ પ્રવચનદક્ષ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય સોમસુંદર સૂરીશ્વરજી મહારાજાનું વિ.સં. ૨૦૭૩ નું ચાતુર્માસ વેસ્ટર્ન સોમચિંતામણી રેસીડેન્સી (પાલ) શ્રી જગવલ્લભ સોમચિંતામણી શ્વે. મૂ. પૂ.જૈન સંઘના આંગણે યશસ્વી એવં ઐતિહાસીક બની રહ્યું. ઘર ઘરમાં અને ઘટ ઘટમાં તપના તોરણ બંધાયા આ વર્ષે ૧૨૦ સિદ્ધિતપ, ૨૦ માસક્ષમણ ૮૦ થી વધુ અઠ્ઠાઈ આદિ તપના પચ્ચકખાણ આરાધકો દ્વારા કરાયા. પર્યુષણા મહાપર્વની આરાધના જન્મવાંચનની વધામણી તથા સંવત્સરી મહાપર્વની સુંદર ઉજવણી કરાઈ. ભા.સુ. ૩ ના દિવસે સિદ્ધિતપના તપસ્વી તથા માસક્ષમણના તપસ્વીઓએ પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજીનું ગુરૂપુજન તથા પુંજણું કર્યું. ભા.સુ.૫ ના દિવસે સિદ્ધિતપના તપસ્વવીઓનો જાજરમાન વરઘોડો તથા ભા.સુ.૬ ના દિવસે સામુહિક પારણું ખરેખર નિહાળવા જેવું જ રહ્યું.

પૂજ્ય આચાર્ય ભગવંતશ્રીજી મેવાડ ઉદયપુર નિકટ રહેલા શ્રી દેલવાડા (દેવકુલપાટક) મહાતીર્થ જ્યાં મહામહીમ સંતિકરં સ્તોત્રની રચના થઈ. તેવા મહાતીર્થના તીર્થોદ્ધારક બની અનંત ઉપકારો કર્યા. શ્રી શામળા પાર્શ્વનાથ ભગવાનનું બાવન જિનાલય નૂતન સંગેમરમરથી યુકત નિર્માણ થયું. તેમજ પ્રાચીન શ્રી આદિનાથ જિનાલયનો જિર્ણોદ્ધાર બાદ આવતી સાલ વિ.સં. ૨૦૭૪ મહા વદ-૫ તા.૫-૨-૨૦૧૮ ના દિવસે મંગલ પ્રતિષ્ઠાનો દિવસ જાહેર કરાયો છે. શ્રી દેલવાડા મહાતીર્થમાં થનાર અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગની ઉછામણી વિ.સં.૨૦૭૩ આસો સુદ ૪ તા.૨૪-૯-૨૦૧૭ રવિવારના દિવસે વેસ્ટર્ન સોમચિંતામણી રેસીડેન્સીમાં રાખેલ છે.

# ભરૂચ સ્ટ્રેઈટ કેબલ બ્રીજમાં સ્થાનિકોને પણ ટોલટેક્ષમાં સમાવી લેતા કોંગ્રેસ દ્વારા વિરોધ

અંકલેશ્વર

ભરૂચ સ્ટેટ કેબલ બ્રીજ ઉપર ટોલટેક્ષ ચાલુ કરવાની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. જેમાં સ્થાનિકો ઉપર પણ ટોલટેક્ષમાં સમાવી લેવાના હોવાને લઈને ભારે હોબાળો મચી ગયો છે. કોંગ્રેસ દ્વારા ભરૂચ ખાતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

યુપીએ સરકારે ઈપીએસ ધોરણે બનાવેલ બ્રિજ પર ભારત સરકારે ટોલટેક્ષ નાખતા લોકોના અવાજને વાચા આપવાના ભાગરૂપે કોંગ્રેસ દ્વારા ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. મુલદ ચોકડી પાસે બનાવેલા ટોલટેક્ષ પ્લાઝા ખાતે ટોલ પ્લાઝા ખાતે ટોલ ઉઘરાવવા એજન્સી નક્કી કરવા માટે ટેન્ડર બહાર પાડી દેવાતા વિવાદ સર્જાયો છે.

અધુરામાં પુરુ જૂના સરદાર બ્રીજ ઉપરથી પસાર થતા વાહનો પર પણ ટોલટેક્ષ ઉઘરાવવાનો હોવાને લઈને પણ લોકોમાં નારાજગી છે. તેમાં સ્થાનિક વાહનોને પણ બાકાત રાખવામાં આવ્યા નથી.

# ડીસાના સમૌ ગામે રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

ડીસા

ડીસા તાલુકા પોલીસે મળેલ બાતમીના આધારે ગઈકાલે સમૌ ગામે રહેતા વાદળસિંહ અભેસિંહ જાદવના રહેણાંક મકાનમાં રેડ કરી હતી. જ્યાં પોલીસે કિ.રૂા. ૩૩,૬૦૦ નો ૮૪ બોટલ વિદેશી દારૂ ઝડપી લઈ વાદળસિંહ જાદવની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# રિવરફ્રન્ટ ખાતે યોગતિલકસૂરિજીની નિશ્રામાં 'વિશ્વાનંદ ઉત્સવ' ઊજવાશે

અમદાવાદ

અંકુર જૈન સંઘ ખાતે ચાતુર્માસ અર્થે બિરાજમાન આચાર્ય યોગતિલકસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં રવિવારે આગામી દીક્ષા કાર્યક્રમનો મુહૂર્ત પ્રદાન સમારોહ યોજાયો હતો. તેમાં મોટી સંખ્યામાં સાધુ- સાધ્વીજી ભગવંતો અને શ્રાવક- શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આગામી ૨૫ નવેમ્બરના રોજ ૨૩ શ્રાવકોની દીક્ષાનું મુહૂર્ત આપવામાં આવ્યું છે.

આચાર્ય યોગતિલકસૂરિશ્વરજી આ મુહૂર્ત પ્રદાન કરાયું હતું. આ સમયે તેમણે જણાવ્યું હતું કે, આ જિનચંદ્રસૂરિ, યોગતિલકસૂરિ, વ્રજભૂષણસૂરિ મનમોહનસૂરિ, કુલરત્નસૂરિ આદિ અનેક સાધુ-સાધ્વીજીઓની નિશ્રામાં આ દીક્ષાઓ માગશર સુદ દ્વિતીય છઠ્ઠ ૨૫ નવેમ્બરના રોજ પાલડી રિવરફ્રન્ટ ખાતે યોજાશે. દીક્ષા નિમિત્તે ચાર દિવસનો મહોત્સવ ''વિશ્વાનંદ ઉત્સવ'' ના નામે ઊજવવામાં આવશે. ૧૦ પુરુષ અને ૧૩ મહિલા તેમાં દીક્ષા લેશે. ડીસા પરિવારમાંથી કુલ પાંચ અને ૪ દીક્ષાર્થીઓની ઉંમર ૪૦ વર્ષથી વધુ છે અને બાકીના બધા દીક્ષાર્થીની ઉંમર ૨૦ થી ૩૦ વર્ષ વચ્ચેની છે. જૈનાચાર્ય યોગતિલકસૂરિ મ.સા.ની નિશ્રામાં અત્યાર સુધીમાં કુલ ૧૫૦ થી વધુ દીક્ષા થઈ છે. વર્ષ ૨૦૧૪ માં ૪૫ અને ૨૦૧૬ માં ૩૬ દીક્ષાઓ સુરતમાં થઈ હતી.

## પરમાણીના પરિવારના પાંચ સભ્યો દીક્ષા લેશે

ડીસાના પરમાણી પરિવારના પાંચ સભ્યો પ્રદીપભાઈ પરમાણી (૫૯), સુનિલભાઈ પરમાણી(૫૩), જૈનમભાઈ પરમાણી (૨૫), વીરાંગભાઈ પરમાણી(૧૪) અને સુનિતાબેન પરમાણી (૪૭) સંયમ જીવન અપનાવવાના છે. તેમના પરિવારના ૩ સભ્યોએ પાંચ વર્ષ અગાઉ દીક્ષા લીધી હતી. સુરતમાં ડાયમંડનો કરોડો રૂપિયાનો વેપાર છોડીને આખો પરિવારના સંયમના માર્ગે ચાલી નીકળ્યો છે.

## દીક્ષા લેનારા બે મુમુક્ષુ લાખોનો પગાર મેળવે છે

મુંબઈના નિવાસી ૨૭ વર્ષીય અનિશકુમાર શાહ સોફ્ટવેર એન્જિનિયરિંગનો અભ્યાસ કરીને જાણીતી આઈટી કંપનીમાં નોકરી કરીને મહિને લાખો રૂપિયાનો પગાર મેળવે છે. ૨૪ વર્ષીય નિશિલકુમાર શાહ પણ સિવિલ એન્જિ.નો અભ્યાસ પૂર્ણ કરીને સાધુઓ સાથે સંયમના માર્ગે નીકળી પડ્યા છે.

# દીઓદરમાં પર્યુષણ પર્વની ઉજવણી




તાલુકા પ્રતિનીધી દીઓદર

દીઓદર નગરે પર્યુષણ પર્વ દરમ્યાન અનેરો ઉલ્લાસ શ્રી દીઓદર જૈન સંઘમાં જોવા મળેલ. સવારે વ્યાખ્યાન, રાત્રે પ્રતિક્રમણ આદિમાં વિશાળ સંખ્યામાં લોકો જોડાયેલ.કલ્પ સુત્ર ઘરે લઈ જવાનો લાભ સેવંતીલાલ છોટાલાલ શાહ પરિવારે લીધેલ.જ્યાં સકળ સંઘ વાજતે-ગાજતે ગયેલ.રાત્રે ભક્તિ ભાવનાની રમઝટ જામેલ. રૂા.૧૦ની પ્રભાવના થયેલ.

મહાવીર જન્મ વાંચન અંતર્ગત સંવત્સરીના દિવસે જન્મની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવેલ.જૈન જાગૃતિ સેન્ટર દીઓદર દ્વારા બુંદીના લાડુની પ્રભાવના કરવામાં આવેલ.ભગવાનનું પારણું ઝુલાવવાનો તથા ઘરે પારણું લઈ જવાનો લાભ રસીકલાલ અમરતલાલ દોશી પરિવારે લીધેલ. સૌ વાજતે-ગાજતે તેમના ઘરે ગયેલ.રૂા.૧૦ ની પ્રભાવના તથા બીજા ચડાવાઓ સારા ગયેલ.ભગવાનનું નામ કરણ કરવાનો લાભ શાહ પુજાબેન શૈલેષકુમારે લીધેલ.૩ જેટલા પુરૂષો ચૌસઠ પ્રહરી પૌષધ કરેલ તેમને રૂા.૨૦૦/-ની પ્રભાવના કરવામાં આવેલ.તેમજ પાંચમના દિવસે જલ યાત્રાનો વરઘોડો યોજાયેલ જેમાં ભગવાનને રથમાં લઈને બેસવાનો લાભ શાહ કાંતીલાલ છોટાલાલ પરીવારે લીધેલ. મોટી જૈન-જૈનેતરો જોડાયેલ.ત્યારબાદ સંઘ સ્વામી વાત્સલ્ય યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં લોકોએ લાભ લીધેલ.

# દીઓદરમાંથી ગૌશાળાના નામે પૈસા ઉઘરાવતા બે ઈસમો ઝડપાયા




તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર હાઈવે વિસ્તારમાં ગુરૂવાર સાંજે રાજસ્થાનના બે યુવકો ઓમપ્રકાશ તેજારામ ચૌધરી (રહે.કિશનગઢ, તા.અહોરી, જિ.જાલોર), માધારામ પદમારામ માજીરાણા (રહે.ધાધરીયા, તા.રામસર, જી.બાડમેર-રાજસ્થાન) ગૌશાળાના નામે બે દાન પેટી લઈ પોતાની પથમેડાના ગૌસેવક તરીકેની ઓળખ આપી ગૌદાન ઉઘરાવતા હતા તે દરમ્યાન દીઓદર ગજાનન ગૌશાળાના ટ્રસ્ટી ખેતારામભાઈ જોષી દ્વારા બન્નેને જડપી લઈ દીઓદર પોલીસ મથકે લવાતાં પોલીસે બંને સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ તપાસ દરમ્યાન બંને ઈસમોએ જણાવ્યું હતું કે અમે અમદાવાદના સુપર ડીટરજન્ટ પાવડરનું વેચાણ કરતા હતા

અનુસંધાન પાના નં.૬

સુરતમાં સર્વ પ્રથમવાર બંધુ - ત્રિપુટીની પ્રેરણાથી

# ૪૫ દિવસમાં ૧૨,૦૦૦ થી વધુ આયંબિલ તપનો પારણા મહોત્સવ




સુરત

સુરતમાં અઠવાલાઈન્સ જૈન સંઘ ફુલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટમાં ચાતુર્માસ બિરાજમાન બંધુ ત્રિપુટી પૂ.આ.શ્રી અશોકસાગર સૂરિશ્વરજી, પૂ.આ. શ્રી હેમચંદ્રસાગર સૂરીશ્વરજી મ. તથા પૂ.આ. સૌમ્યચંદ્રસાગર સૂરિ મ., પૂ.આ.શ્રી મતિચંદ્ર સાગરસૂરિ મ.ની નિશ્રામાં ૧૭૫ થી વધુ આરાધકોએ ૪૫ આગમની ૪૫ સળંગ આયંબિલ તપની સાધના પૂર્ણ કરી છે.

શાસનને આગમ સંપદા અને સુરતને સમાધિની સાધના ભેટ ધરનાર સુરત આગમ મંદિરના પ્રેરક પૂ.આ.શ્રી આગમોધ્ધારક આનંદ સાગરસૂરીશ્વરજી મ. ૧૦૦ વર્ષ પહેલા આગમ- સ્વાધ્યાયનો શુભારંભ કર્યો હતો. દીક્ષાને ૧૨૫ વર્ષ થયા છે. જે નિમિત્તે જૈનના સર્વમાન્ય ૪૫ આગમની ૪૫ સળંગ આયંબિલ તપની વિશિષ્ટ- સર્વપ્રથમવાર તપ- સાધના થઈ રહી છે. ૪૫ દિવસ સુધી ૧૭૫ આરાધકોએ ઘી- દૂધ- દહી- મિઠાઈ- તળેલુ- સાકર વગર મીઠા મરચાં- ફળ- શાક એ વગર માત્ર બાફેલુ- શેકેલુ અનાજ એકવાર ખાવાનું હોય છે. ૪૫ દિવસમાં માત્ર અઠવાલાઈન્સ આયંબિલ શાળામાં ૧૨૦૦૦ થી વધુ આયંબિલ તપ થયા છે.

તપ સિધ્ધિને સત્કારથી શણગારવા ત્રણ દિવસના ભવ્ય પ્રસંગો ઉજવાશે. ભાદરવા સુદ સાતમને તા. ૨૮ ના રોજ ૪૫ આગમ રથયાત્રા નીકળશે. જેમાં ૪૫ આગમની રચના અને ૪૫ આગમની કલાત્મક શિબિકા

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં ગણપતિ બાપાની ભવ્ય શોભાયાત્રા નીકળી




તા.પ્રતિનિધિ દીઓદર

સમગ્ર ભારતમાં દર વર્ષે ભાદરવા સુદ -૪ના દિવસે ગણેશ ચતુર્થીની ભવ્ય ઉજવણી કરવામાં આવે છે.પહેલાં આ ઉજવણીઓ શહેર પુરતી સિમિત હતી જે હવે ધીરે ધીરે ગ્રામીણ વિસ્તારોમાં પણ જોવા મળી રહી છે.દીઓદર ખાતે ગણેશ ચતુર્થીના દિવસે દીઓદર ગજાનન યુવક મંડળ દ્વારા દર વર્ષેની જેમ આ વર્ષે પણ ઉજવણી કરવામાં આવેલ જેમાં ગણપતિ મંદિર ખાતે હવન યોજાયેલ.ત્યારબાદ ગણપતિ મંદિરેથી ભવ્ય શોભાયાત્રા સાંજે ૩ કલાકે દીઓદર શહેરમાં નીકળેલ જેમાં ઉંટ લારી,ઘોડા,બગી જેવા વાહનોને શણગારવામાં આવેલ.શોભાયાત્રા દરમિયાન બાળકો દ્વારા વિવિધ વેશભુષા શિવ,પાર્વતી,રાધે-કૃષ્ણ,ભારત માતા જેવા વેશ ભુષા લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બનેલ.શોભાયાત્રા દરમિયાન દીઓદરના વેપારી મિત્રોએ બંધ પાળીને શોભા યાત્રામાં જોડાયેલ.આ શોભાયાત્રા ગણપતિ મંદિરેથી દરબાર ગઢ,આઝાદ ચોક,મેઈન બજાર,માર્કેટ યાર્ડ,રેલ્વે સ્ટેશન વિસ્તાર થઈ પરત મંદિર ફરેલ.આ શોભા યાત્રામાં ક્ષત્રિય ઠાકોર સેના દીઓદર દ્વારા ઠંડા મિનરલ પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ તેમજ ભારત વિકાસ પરિષદ દીઓદર દ્વારા પણ મિનરલ ઠંડા પાણીની વ્યવસ્થા કરવામાં આવેલ જેનો લોકોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ.

શ્રી કે.આર.આંજણા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના એન.એસ.એસ.દ્વારા

# ધાનેરામાં સ્વચ્છતા અને પુન: સ્થાપનની કામગીરી




તા.પ્રતિ. ધાનેરા

તા.૨૩,૨૪/૭/૨૦૧૭ ના રોજ આવેલ વિનાશક પૂરને કારણે ધાનેરા તાલુકાને ખુબ જ પ્રમાણમાં નુકશાન થયેલ તેવા સમયે હેમ.ઉત્તર ગુજરાત યુનિ.પાટણના એન.એસ.એસ.ના કો-ઓર્ડિનેટર જે.ડી.ડામોરની સુચનાથી ધાનેરાની શ્રી કે.આર.આંજણા આર્ટસ અને કોમર્સ કોલેજના એન.એસ.એસ. વિભાગને ધાનેરા શહેરની જવાબદારી આપેલ આથી કોલેજના એન.એસ.એસ. ના પ્રોગ્રામ ઓફીસર પ્રા.હેમરાજભાઈ પટેલ તથા કોલેજના પ્રિ.ડો.એલ.કે. પટેલની રાહબરી હેઠળ ૬૦ થી ૭૦ જેટલા સ્વયં સેવકોએ શહેરમાં

અનુસંધાન પાના નં.૬

# વાવ નગરે પર્યુષણ પર્વની શાનદાર ઉજવણી

તા.પ્રતિનિધિ વાવ

વાવ નગરે ચાતુર્માસ દરમ્યાન બિરાજમાન પ.પૂ.યશોવિજય સૂરી મ.સા.ની આજ્ઞાથી પૂ. સાધ્વીજીની ગુરૂકૃપાથી અને મૃદુગીરીશ્રીજી તથા સાધ્વી ભગવંતોની પાવન નિશ્રામાં વાવ નગર ભક્તિના રંગે રંગાઈ ગયું હતું. મહાપર્વ પર્યુષણ દરમ્યાન મહાવીર સ્વામી ભગવાનના જન્મનું વાંચન, પ્રતિક્રમણ, વ્યાખ્યાન, મહાઆરતી, મહાપૂજા, અનુષ્ઠાન જેવા વિવિધ કાર્યક્રમોની હેલી યોજાઈ હતી. સંવત્સરીના દિવસે મિચ્છામિ દુક્કડમ પાઠવ્યા બાદ એક ભવ્ય શોભાયાત્રા નીકળી સમગ્ર વાવ નગરની પ્રદક્ષિણા કરી હતી. જે પ્રસંગે વિશાળ સંખ્યામાં જૈન બંધુઓ શોભાયાત્રામાં જોડાઈ મહાવીર ભગવાનનો જય જયકાર બોલાવ્યો હતો.

# ડીસામાં ગોપાલ સેના રબારી સમાજ દ્વારા ગણપતિ દાદાની સ્થાપના કરાઈ




ડીસા

શ્રી ગણેશ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે શ્રી ગોપાલ સેના રબારી સમાજ બનાસકાંઠા-ડીસા દ્વારા સતત સાતમાં વર્ષે શુક્રવારે વાજતે-ગાજતે શોભાયાત્રા નિકાળી શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી.

શ્રી ગોપાલ સેના રબારી સમાજ બનાસકાંઠા ડીસા દ્વારા ગણેશ મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સતત સાતમાં વર્ષે ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી.શુક્રવારે શાંતિનગર સ્થિત નરસિંહભાઈ દેસાઈ(બાઈવાડા)ના નિવાસ સ્થાને ગણપતિ દાદાની પૂજા-અર્ચના કરવામાં આવી હતી.ત્યાર બાદ વાજતે ગાજતે શોભાયાત્રા શ્રી નર્મદેશ્વર મહાદેવ મંદિર ખાતે આવી પહોંચતા ત્યાં ગણપતિ દાદાની સ્થાપના કરવામાં આવી હતી.આ પ્રસંગે નરસિંહ દેસાઈ(બાઈવાડા), બનાસકાંઠા જિલ્લા ગોપાલ સેના પ્રમુખ સાગર દેસાઈ(બાઈવાડા), ડીસા ગોપાલ સેના પ્રમુખ જીવરાભાઈ ભાંગરા(રાણપુર), રાજુભાઈ દેસાઈ(મુડેઠા), ગફુલભાઈ દેસાઈ(જોરણંગ), બાબુભાઈ ભોંકુ(ભાસ્કર), કિરણભાઈ લોઢા(વડાવળ), જયેશભાઈ નોગોસ, કાનાભાઈ દેસાઈ(બાઈવાડા), બાબુભાઈ પાનકુટા(બલોધર), મહેન્દ્રભાઈ દેસાઈ(ટેકરા), રમેશભાઈ દેસાઈ(ટેકરા), ફુલાભાઈ દેસાઈ, મોહનભાઈ દેસાઈ(ઝેરડા), મીઠાભાઈ દેસાઈ(તાલેગંજ), નટુભાઈ દેસાઈ(માણેકપુરા), ભગાભાઈ દેસાઈ(ગામડી), મોતીભાઈ દેસાઈ(વજાપુર) સહિત ગોપાલ સેના રબારી સમાજના યુવાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# દીઓદરમાં વડાપ્રધાનની મન કી બાત કાર્યક્રમ નિહાળ્યો




તા.પ્રતિનિધિ દીઓદર

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા યોજાતા મન કી બાત કાર્યક્રમમાં તા.૨૭-૮-૨૦૧૭ના રોજ બપોરે ૧૧ કલાકે રાજ્ય કક્ષાના મંત્રી શ્રી કેશાજી ચૌહાણના અધ્યક્ષ સ્થાને મન કી બાત કાર્યક્રમ દીઓદર તાલુકા ભાજપના કાર્યકરો સહીત ગામ લોકોએ ઉપસ્થિત રહી લાઈવ મન કી બાત સાંભળી હતી.આ પ્રસંગે દિલીપસિંહ એમ.વાઘેલા,મહામંત્રી ભરતભાઈ અખાણી,પૂર્વ મહામંત્રી ચેલાભાઈ પટેલ,દી.તા.યુવા ભાજપ પ્રમુખ નાગજીભાઈ દેસાઈ, જાકીરભાઈ મેમણ, એમ.ડી. મકવાણા, હિતેશભાઈ ત્રિવેદી, શૈલેષભાઈ ઠક્કર,રોહીતભાઈ સોની સહીત મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહી કાર્યક્રમ નિહાળેલ.

# થરા ખાતે ગુજરાત વિદ્યાપીઠ એન.એસ.એસ.સાદરાની સાત દિવસીય શિબિરનું સમાપન




તા.પ્રતિ. થરા

કાંકરેજ તાલુકામાં ગત તા.૨૪/૭/૨૦૧૭ ના બનાસ નદી-નર્મદા નહેરના ઘોડાપુરે ભારે તારાજી સર્જી હતી.જેના પાણી શાંત થતાં સ્વચ્છતા-જનજાગૃત્તિ માટે વિવિધ પ્રયત્ન થાય છે.ત્યારે ગુજરાત વિદ્યાપીઠના શારીરીક શિક્ષણ અને રમત-વિજ્ઞાન શાખાના એન. એસ.એસ.યુનિટ સાદરા દ્વારા બનાસકાંઠા પૂર રાહત શિબિર અંતર્ગત કાંકરેજ તાલુકામાં તા.૨૧/૮/૨૦૧૭ થી તા.૨૭/૮/૨૦૧૭ દરમ્યાન શાળા-ગામના જાહેર સ્થળોની સફાઈ સડેલા અનાજ-પશુઓના અવશેષોને ખાડામાં દાટી નિકાલ કરી દવા છંટકાવનો કાર્યક્રમ કર્યો હતો.તેમજ પ્રોગ્રામ ઓફીસર ડો.નિરજ સિલાવટ, શિબિરાધિપતિ ડો.જગદીશચંદ્ર સાવલીયા, ડો.પ્રભુભાઈ કાસુન્દ્રા, ડો.જગદીશચંદ્ર ગોઠી, ડો.નિમેષભાઈ ચૌધરીની રાહબરી હેઠળ ૯૦ જેટલા સ્વયં સેવકો દ્વારા કારકોટ, ખારીયા, માનસુંગજી ઓઢા, પટણી ઓઢા, ભદ્રેવાડી વગેરે ગામમાં સતત સાત દિવસ રહી સ્વચ્છતા, જનજાગૃતિ કાર્યક્રમો કર્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# વડાવળ પંથકમાં વરસાદનું ભારે ઝાપટું : વરસાદના પગલે ખેતી પાકને ફાયદો




પ્રતિનિધિ વડાવળ

આ વર્ષે મેઘરાજા પણ બનાસકાંઠામાં ધામા નાખ્યા હોય તેમ સમાંતરે વરસાદ વરસી રહ્યો છે. એક માસ અગાઉ મેઘરાજાએ કહેર વર્તાયા બાદ પણ જિલ્લામાં ભાદરવા માસમાં પણ હાજરી પુરાવી રહ્યા છે. ત્યારે ગતરોજ દિવસભર ભારે ઉકળાટ બાદ સાંજના ૩ કલાક આસપાસ કાળા ડિબાંગ વાદળો ચડી આવતા ડીસા પંથકના વડાવળ સહિતના અનેક વિસ્તારોમાં પવન અને ગાજવીજ સાથે વરસાદ તુટી પડતા ઠેરઠેર પાણી પાણી કરી દીધું હતું.

હવામાન વિભાગે ફરી પાછા ત્રણ દિવસ સુધી ગુજરાતમાં ભારે વરસાદના સંકેત આપ્યા છે. ત્યારે બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસથી ગરમી અને ભારે ઉકળાટ જોવા મળી રહ્યો હતો. દરમિયાન રવિવારના બપોર બાદ વરસાદનું આગમન થતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. વરસાદનું ભારે ઝાપટુ પડતા અનેક સ્થળો પર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

અનુસંધાન પાના નં.૬

# દીઓદરમાં લિંબચ યુવા સંગઠન દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ યોજાયો




તા.પ્રતિનિધિ દીઓદર

દીઓદર ખાતે તા.૨૫-૮-૨૦૧૭ને શુક્રવારના રોજ દીઓદર હાઈવે લોહાણા વાડી ખાતે લિંબચ યુવા સંગઠન(દીઓદર તાલુકા નાઈ સમાજ) દ્વારા તેજસ્વી તારલાઓનો સન્માન સમારોહ અને સ્નેહમિલન સમારોહ ઉજવવામાં આવ્યો હતો. આ પ્રસંગે પધારેલા મહેમાનોનું લિંબચ યુવક મંડળ દ્વારા ફુલહાર અને સાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.ધોરણ-૧ થી ૧૨માં ૧ થી ૩ નંબરે આવેલ તેજસ્વી તારલાઓને વિવિધ પુરસ્કાર,પ્રમાણ પત્ર,સિલ્ડ આમંત્રીત મહેમાનોના હાથે આપવામાં આવેલ.આ પ્રસંગે મોટી સંખ્યામાંથી દીઓદર તાલુકામાંથી નાઈ સમાજના ભાઈઓ, બહેનો, વડીલો ઉપસ્થિત રહેલ.

આ પ્રસંગે સમારોહના અધ્યક્ષ આંબાભાઈ નાઈ(પ્રમુખ,થરાદ તાલુકા કોંગ્રેસ સમિતિ),નથુરામભાઈ નાઈ(બાસ્પા), કલ્પેશભાઈ નાઈ, જસવંતભાઈ જી.શર્મા, કમલેશભાઈ રમણલાલ શર્મા વિગેરે પધારેલ.આ કાર્યક્રમને સફળ બનાવવા દિનેશભાઈ નાઈ,વિનોદભાઈ નાઈ,શૈલેષભાઈ નાઈ,રઘુભાઈ નાઈ,સોમાભાઈ નાઈ સહીત લિંબચ યુવક મંડળના સભ્યોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# તંત્રી સ્થાનેથી ...

## પરઉપકાર, વચન મનકાયા, સંત સહજ સુભાવ ખગ્રાયા

## ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોનું રિ-ડેવલપમેન્ટ જરૂરી

રાજ્ય સરકાર ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા વર્ષ ૧૯૭૨ થી ૧૯૮૭ દરમ્યાન રાજ્યભરમાં ૧ લાખ ૭૫ હજાર મકાનોનું નિર્માણ કર્યું હતું. તે પૈકીના અંદાજે ૭૫ હજાર મકાનો તો એકલા અમદાવાદમાં બાંધવામાં આવ્યા છે, અમદાવાદમાં બંધાયેલા મોટાભાગના ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાનોની આયુષ્ય સરેરાશ ૩૦ વર્ષ જુની થઈ ચુકી છે. પરંતુ ગેરકાયદે બાંધકામો તથા જાળવણીના અભાવે ગુજરાત હાઉસીંગ બોર્ડની મોટાભાગની વસાહતો જર્જરિત થઈ ચુકી છે. પણ અમદાવાદ મ્યુ.કોર્પોરેશન, ગુજરાત હાઉસીંગ બોર્ડ અને ગુજરાત સરકારની વચ્ચે વસાહતીઓ પિસાઈ રહ્યાં છે. જર્જરિત મકાનોને રિ- ડેવલપમેન્ટ કરવા માટે વારંવાર રજુઆતો કરવામાં આવી હોવા છતાં રિ-ડેવલેપમેન્ટ પોલીસીના અભાવે જર્જરિત ઈમારતોની સમસ્યાનો ઉકેલ ઝડપી આવ્યો નથી.

વળી અમદાવાદના નારણપુરાના ૧૩૨ ફુટના રીંગ રોડ પર આવેલી ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહત એવી એકતા નગરમાં જર્જરિત પિલર ઉપર પાણીની ટાંકી તુટી પડતાં બે જણાના મોત થયા હતા. જો જર્જરિત પિલરને ઈંટોનો ટેકો આપી નવેસરથી સિમેન્ટ પ્લાસ્ટર કરવામાં આવ્યું હોત તો ટાંકી તૂટી પડત નહિં. આ અંગે જે તે વહીવટ કરનારા સત્તાધિશોએ પોતાના અહેવાલ સરકાર સમક્ષ મુકવો જોઈએ. કોઈ પણ હાઉસીંગ બોર્ડના મકાનોને વ્યવસ્થિત કરવા માટે સરકારે એક સમિતિની રચના કરવી જોઈએ અને મકાનોનું રિપેરીંગ શરૂ કરાવવું જોઈએ. રાજ્યમાં સામાન્યજનોને પરવડે તેવા એક રૂમ- રસોડુ અને ટોયલેટ- બાથરૂમની સગવડતાવાળા મકાનો બનાવવા સરકારે જે નિર્ધાર વ્યક્ત કર્યો છે. તે એક દિશાસૂચક પગલું કહી શકાય.

ગુજરાત હાઉસીંગ બોર્ડના જર્જરિત મકાનોને પુનઃ મજબુત કરવી તે સરકારની ફરજમાં આવે છે. કેમ કે કોઈપણ દુર્ઘટનાનું નક્કી હોતું નથી.

ત્યારે હમણાં હમણાં ગુજરાત હાઉસીંગ બોર્ડની વસાહતોના રિ-ડેવલપમેન્ટની ચર્ચા શરૂ થઈ ચુકી છે. રાજ્ય સરકારે તા. ૧૧/૨/૧૬ ના રોજ ઠરાવ કરી હાઉસીંગ બોર્ડ રિ-ડેવલપમેન્ટ પોલીસી બનાવી હતી. પરંતુ આજદિન સુધી તેની અમલવારી થઈ શકી નથી. તેની પાછળનું કારણ એવું છે કે ગુજરાત હાઉસીંગ બોર્ડ રિ-ડેવલપમેન્ટ પોલીસીના મુદ્દે વસાહતીઓ વચ્ચે સંપત્તિ થઈ શકી નથી. બીજી તરફ હાઉસીંગની વસાહતોમાં મૂળ સ્ટ્રક્ચરમાં ફેરફાર કરી ગેરકાયદે બાંધકામો કરાયાની ફરિયાદ વધી હોવાનું પણ બહાર આવ્યું છે. પરંતુ હાઉસીંગ બોર્ડ પાસે બાંધકામો તોડવાની મશીનરી નથી. મ્યુ. કોર્પોરેશન મશીનરી પુરી પાડે તે માટે આજદિન સુધી હાઉસીંગ બોર્ડ ક્યારેય લેખિતમાં જાણ કરતું નથી.

નિરંતર ગેરકાયદે બાંધકામો વધ્યા છે. તેના લીધે મૂળ સ્ટ્રક્ચર ઉપર વિપરીત અસર પડી રહી છે. તેથી જર્જરિત ઈમારતોને વધુ જોખમ ઉભુ થયુ છે. આ બાબતે પણ રાજ્ય સરકારે વિચારવું જોઈએ.

રાજ્યમા ગેરકાયદેસર થતા બાંધકામો (મકાન નિર્માણ) અંગે ઉચ્ચ સ્તરે તપાસ ચલાવવી જોઈએ. હમણા તા. ૪/૮/૧૭ ના રોજ ગુજરાત હાઉસીંગ વસાહત મંડળ તેમજ ગુજરાત હાઉસીંગ બોર્ડના અધિકારીઓ વચ્ચે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં જર્જરિત મકાનો અને ઈમારતો અંગે ધ્યાન દોરવામાં આવ્યું હતું. જોઈએ હવે બોર્ડનો જર્જરિત વસાહતોનું ક્યારે રિ- ડેવલપમેન્ટ થાય છે.

## ફોર્ડ દ્વારા સેફ ડ્રાઈવીંગ બિહેવિયરને કાર્ટસીની રજૂઆત સાથે પ્રમોટ કરે છે, ડિસ્ટ્રેક્શન સર્વેના પરિણામો જાહેર કર્યા

વ્યક્તિ જ્યારે વાતચીતમાં આંખ સાથે આંખ મેળવીને વાત ન કરે ત્યારે તે ડિસ્ટ્રેક્ટેડ બિહેવિયર સામેવાળાને પરેશાન કરી દે છે અને અપમાનિત અનુભવે છે ખરૂ ને? જો તેનો જવાબ હામાં હોય તો શું આપણે એ જાણીએ છીએ કે રોજિંદા જીવનમાં અન્યો માટે વિવેકપૂર્ણ રહેવું જોઈએ?આજના સમયની આવશ્યકતા એ છે કે આપણે વાહન ચલાવીએ ત્યારે અન્યો પ્રત્યે આપણે સજાગ રહીએ, વિવેક જાળવીએ.સેઈફ ડ્રાઈવીંગ બિહેવિયરને પ્રમોટ કરવાના પોતાના પ્રયાસોને ચાલુ રાખતા, ફોર્ડ દ્વારા ડ્રાઈવરોને માર્ગો પર સજાગ રહેતા, વિવેકપૂર્ણ રહેતા અને અન્યો પ્રત્યે સન્માન જાળવતા પ્રોત્સાહન આપતા કેમ્પેન કાર્ટસીની રજૂઆત કરી છે.આ કેમ્પેન કે જેનો હેતુ બિહેવિયરલ ઈસ્યુઝથી સેઈફ ડ્રાઈવીંગ પર કઈ રીતે અસર કરે છે, કઈ રીતે ડિસ્ટ્રેક્ટેડ ડ્રાઈવીંગ આપણા માર્ગોને ઓછા સુરક્ષિત બનાવે છે એ દર્શાવવાનો છે.વાલીઓ ઘણીવાર તેમના બાળકો ટીવી સ્ક્રીન સામે કે કમ્પ્યુટર સામે બેસી રહેતા હોવાથી ચિંતિત હોય છે પણ તેમાંના મોટાભાગના ડિસ્ટ્રેક્ટેડ ગ્રૂપ્સના ડ્રાઈવરો હોય છે જેઓમાં મુખ્યત્વે પુરૂષો હોય છે. રસપ્રદ રીતે જ્યારે મોટાભાગની માતાએ અન્ય ગ્રૂપ્સ કરતા વધુ જવાબદા રહે છે તે પણ મોટાભાગે ડ્રાઈવિંગ વખતે કંઈક વાંચવા કે જોવાની (૩૫ ટકા) કોશિશ કરે છે.

ફોર્ડ ઈન્ડિયાના માર્કેટીંગના વાઈસ પ્રેસિડન્ટના રાહુલ ગૌતમે કહ્યું હતું, 'મોટાભાગના એવા લોકો કે જેઓ ભારતીય માર્ગો પર જીવલેણ અકસ્માતોનો ભોગ બને છે તેમાં અન્યોનો વાંક વધુ હોય છે. ફોર્ડ માર્ગ સુરક્ષા માટે જાગૃતિ વધારવા માટે કટિબદ્ધ છે અને ડ્રાઈવરોને સુરક્ષિત ડ્રાઈવીંગ પ્રેક્ટીસીસ વિશે જાણકારી આપે છે.' 'સામાન્ય રીતે ફોન સૌથી મોટી ખલેલ (ડિસ્ટ્રેક્શન)નું સાધન છે જ પરંતુ તે વાહન ચલાવતી વખતે તો જીવલેણ સાબિત થઈ શકે છે.' ડ્રાઈવીંગ વખતે ફોનનો ઉપયોગ કરતી વખતે પ્રતિક્રિયાનો ઓછો સમય (નોંધપાત્ર રીતે બ્રેકિંગ રિએક્શન ટાઈમ રહે છે પણ સાથે ટ્રાફિક સિગ્નલ્સ માટે પણ પ્રતિક્રિયા આપવામાં ઓછો સમય રહે છે) રહેતો હોવાથી યોગ્ય લેનમાં રહેવું મુશ્કેલ બને છે અને સાથે યોગ્ય અંતર પણ જાળવી શકાતું નથી. ટેક્સ્ટ મેસેજીસ મોકલવા માટે ૧૦ સેકન્ડ્સ લાગે છે જે હાઈવે પર ૨૮૦ મીટરના અંતર કાપવા જેટલો સમય છે, એ સમયે કાર ૧૦૦ કિમી પ્રતિ કલાકના હિસાબે દોડતી હોય છે.

## શનિવાર સા રે ગા મા પા લિટલ ચેમ્પ્સ ના સેટ પર આદર જૈન, અન્યા સિંઘ સાથે સિનિયર એક્ટર સચિન પિલગૌનકર અને રવિવારે ફરહાન અખ્તર, ડાયના પેટી અને ટેલેન્ટેડ દિપક ડોબરિયાલ પહોંચશે



શનિવાર ૨૬ ઓગસ્ટે ઝી ટીવીના ટોપ રેટેડ નોન ફિક્શન શો સા રે ગા મા પા લિટલ ચેમ્પ્સ ના સેટ પર આદર જૈન, અન્યા સિંઘ સાથે સિનિયર એક્ટર સચિન પિલગૌનકર પોતાની આગામી ફિલ્મ કૈદી બેન્ડના પ્રમોશન અર્થે પહોંચશે, તેમજ ફેમસ ડાયરેક્ટર અમોલ ગુપ્તે પણ સા રે ગા મા પાના સેટ પર પોતાની આગામી ફિલ્મ સ્નિફને પ્રમોટ કરવા પહોંચશે. તો રવિવાર ૨૭ ઓગસ્ટ ફરહાન અખ્તર, બ્યુટિફુલ ડાયના પેટી અને ટેલેન્ટેડ દિપક ડોબરિયાલ અને ઈનામુલ્હાક પણ સા રે ગા મા પા લિટલ ચેમ્પ્સના સેટ પર તેઓની આગામી ફિલ્મ લખનઉ સેન્ટ્રલને પ્રમોટ કરવા પહોંચશે.

**'રખેવાળ' ના આ પાના ઉપર પ્રસિધ્ધ થતી વિગતો અને લેખો જે તે લેખકના વ્યકિતગત મૌલિક વિચારો ઉપર આધારીત હોય છે. તેની સાથે તંત્રી-સંપાદક સહમત નથી. જે તે વિગતો અને લેખોની સંપૂર્ણ જવાબદારી લેખકોની જ રહેશે.**

# કોઈના ઉપર ખોટો આક્ષેપ મુકતાં સો વખત વિચારવું રહ્યું..નહીતર અંતે અનેકગણું ગુમાવવાનો વારો આવે

**સંવેદના**

**પ્રવીણ એમ. નાઈ**

"આપણે શુધ્ધ અને પવિત્ર મનવાળા હોઈએ..સહેજ પણ ઈર્ષ્યા, અદેખાઈ, અહંકારપણું, લોભ, લાલચ, કામ આપણા અંતરપટમાં ન હોય..તો પણ જગતના લોકો આપણી જ ભૂલ કાઢવાનો પ્રયાસ કરતા હોય, આપણને કલંક અડાડવવાનો મિથ્યા પ્રયાસ કરતા હોય ત્યારે પ્રકૃતિમાં એવો નિયમ છે કે શુધ્ધ મનવાળો બધી જ કસોટીમાંથી પાસ થઈ જાય છે.અને કુદરતી રીતે તેની પાસે જે આત્મસુખ કે ભૌતિક સુખ હોય છે તેમાં ચોક્કસ વધારો થાય છે.શુધ્ધ મનવાળાને આપોઆપ એ ખોટા કલંક સામે ઝઝુમવાની આત્મશક્તિ વધી જાય છે.હા, થોડોક સમય લાગે, પણ અંતે જે સુખ મળે છે તે બેવડાઈ જાય છે." કલંક લગાડવામાં મનુષ્યે ઈશ્વરને પણ છોડ્યા નથી તો આપણા જેવા સામાન્ય મનુષ્ય માટે તો થાય..એમાં શી નવાઈ ? પૌરાણિક એક પ્રસંગ છે કે યાદવોનો આગેવાન સત્રાજીત હોય છે તે ભગવાન સૂર્યની ઉપાસના કરનાર ગણાતો હોય છે.આ સત્રાજીત યાદવમાં એવો નિયમ કે સૂર્યની ઉપાસના કર્યા વગર દૈનિક કામ ન જ કરવું... પરમ ઉપાસક સત્રાજીત યાદવ ઉપર સૂર્યભગવાન ખુશ થયા અને ખુશીમાં તેને એક મણી આપ્યો તે મણીનું નામ હતું સ્યમનિકમણિ.સત્રાજીત આ મણીને પોતાના પૂજાના સ્થાને રાખતો અને દરરોજ તેની પણ પૂજા કરતો.આ સ્યમની કમણીની લાક્ષણિકતા એવી હતી કે, દરરોજ તે આઠ ભાર સોનું આ સત્રાજીતને આપે અને જ્યારથી સૂર્યભગવાને આ મણિ સત્રાજીતને આપ્યો ત્યારથી તેની સુખ સમૃધ્ધિમાં સતત વધારો થવા લાગ્યો.જેમ સાચા સંત ભજન કરતાં અને વેલ વધતાં ન દેખાય તેવી રીતે સત્રાજીત યાદવને ત્યાં સુખ સમુધ્ધી સતત વધવા લાગી જાણે દિવસે ન વધે એટલી રાતે વધે ને રાતે ન વધે એટલી દિવસે વધવા લાગી.આ તો સૂર્યદેવની ઉપાસનાનું ફળ, શું બાકી રહે..!

શ્રીકૃષ્ણ યાદવ જ હતા, તેમને આ સત્રાજીતને કહ્યું કે, સત્રાજીત તારી પાસે આ મણિ છે તે ઉગ્રસેનને આપી દે પણ સત્રાજીત તે મણિ આપવા તૈયાર થતો નથી.અને જ્યારથી શ્રીકૃષ્ણે મણિ આપવાની વાત કરી ત્યારથી સત્રાજીત શ્રીકૃષ્ણને પણ સંકાથી જોવા લાગ્યો.તેને એમ કે આ કૃષ્ણ ક્યારે મારી સાથે લડાઈ કરે..ને મણી લઈ લેશે તો..એટલે ખૂબ જ સાવધાનીથી તે રહેતો હતો.

હવે બન્યુ એવું કે સત્રાજીતનો ભાઈ પ્રસેન શિકાર કરવાનો શોખીન હોય છે.તે એકલો જંગલમાં ઘોડા ઉપર બેસીને શિકાર કરવા જવાની તૈયારી કરે છે ત્યારે સત્રાજીતે પૂજાના સ્થાને જે મણી મુકેલ છે તે સાથે લઈ જાય છે.જંગલમાં આ પ્રસેન યાદવ શિકાર કરવાના મોહમાં વધુમાં વધુ ઉંડે જંગલમાં જતો રહે છે.આવ્યો હોય છે પ્રાણીઓનો શિકાર કરવા પણ કુદરતી રીતે સિંહ તેની સામે આવે છે અને ઘોડા સહિત પ્રસેનનો શિકાર તે સિંહ કરી નાંખે છે.પ્રસેનની પાસે જે મણી હતો તેને પણ સિંહ ગળી જાય છે.આ બંનેનો શિકાર કરીને સિંહ એક ગુફામાં ચાલ્યો જાય છે.જે ગુફામાં સિંહ ગયો હોય ત્યાં ઋતુરાજ જાંબુવત(રીંછ)તેના પરિવાર સાથે રહેતો હોય છે.આ સિંહને તેના ઘરમાં આવેલો જોયો એટલે જાંબુવત ખુબજ ક્રોધાયમાન થાય છે અને સિંહને મારી નાંખે છે.સિંહને જ્યારે ચીરી નાખે છે ત્યારે તેના પેટમાં રહેલો અત્યંત પ્રકાશીત મણી દેખાય છે અને તે મણિને લઈને જાંબુવત તેના બાળકોને રમવા માટે આપી દે છે અને બાળકો આનંદિત થઈને રમવા લાગે છે.

આ બાજુ સત્રાજીત યાદવ શ્રીકૃષ્ણ ઉપર ખોટો આરોપ મુકે છે કે, તમે જ મારા ભાઈને મારી નાખ્યો છે અને સ્યંમનિક મણી લઈ લીધો છે.શ્રી કૃષ્ણે કહ્યું કે મારી પાસે તારો મણી નથી.તુ નાહકનો મારા ઉપર શક કરે છે પણ સત્રાજીત એકનો બે થતો નથી ત્યારે શ્રી કૃષ્ણ મનમાં નક્કી કરે છે કે કોઈપણ રીતે આ પ્રસેનના મોતમાં હુ સામેલ નથી એવું સાબિત કરીને જ રહીશ.શ્રીકૃષ્ણ ભેદ ઉકેલવા માટે જંગલમાં જાય છે.

શ્રી કૃષ્ણતો સ્વયં અંતર્યામી છે પરંતુ અહી લીલા કરવા માટે આવ્યા હોવાથી તે મનુષ્ય દેહે હોય છે જંગલમાં ફરતાં ફરતાં શ્રીકૃષ્ણ ગુફામાં પ્રવેશે છે. જ્યાં તેમને જાંબુવત મળી જાય છે.જાંબુવત શ્રી કૃષ્ણને ઓળખી શકતો નથી.શ્રીકૃષ્ણે જોયું તો જાંબુવતના બાળકો તે સ્યંમનિકમણી વડે રમી રહ્યા હોય છે ત્યારે શ્રીકૃષ્ણ પ્રેમથી જાંબુવતને વાત કરે છે અને બધી જ હકીકત જણાવે છે અને પોતાને તે મણી આપવા કહે છે.પણ જાંબુવત તેમને આ મણી આપવાની ના પાડે છે બંને વચ્ચે ખુબ જ જોરદાર યુધ્ધ ચાલે છે, બંને વચ્ચે અઢાર દિવસ યધ્ધ ચાલે છે પણ એકય પાછો પડે તેમ નથી.અંતે જાંબુવત મનમાં વિચારે છે, કે આ મનુષ્ય કંઈક અલગ પ્રકારનો લાગે છે.નહીતર મારી સામે ભગવાન સિવાય બીજા કોઈનું લડવામાં ગજું નથી.જાંબુવત શ્રીકૃષ્ણને કહે છે કે તમે કોણ છો ? તમે મૂળરૂપમાં આવો.જાંબુવતની વિનંતી સાંભળીને શ્રીકૃષ્ણ સ્વયં ચતૃર્ભુજ રૂપમાં આવે છે.ભગવાનનું આ રૂપ જોઈને જાંબુવત ખુબ જ આનંદિત થઈ જાય પણ મનમાં ક્ષોભ પણ અનુભવે છે કે મે પરમાત્મા સામે યુધ્ધ કર્યું..! પગમાં પડી જાય છે.માફી માગે છે ત્યારે જાંબુવતને શ્રીકૃષ્ણ માફ કરી દે છે.જાંબુવત શ્રીકૃષ્ણને સ્યંમનિકમણી આપીને વાત કરે છે કે, મારી પુત્રી જાંબવતી લગ્ન કરવાની ઉંમરની થઈ છે તમે તેનો હાથ પકડો.શ્રીકૃષ્ણ જાંબુવતી સાથે લગ્ન કરવા તૈયાર થાય છે અને સ્યંમનિકમણિ અને જાંબુવતીને લઈને શ્રીકૃષ્ણ પોતાના ઘરે આવે છે.

સ્યંમનીકમણિને લઈને આવેલા શ્રીકૃષ્ણને જોઈને સત્રાજીત યાદવ ખુબજ શરમ અનુભવે છે અને મનમાં થાય છે કે મેં ખોટો શ્રીકૃષ્ણ ઉપર આરોપ મુક્યો.શ્રીકૃષ્ણ સત્રાજીતને બધીજ વાત કરે છે પ્રસેનના મોત વિશેના સમાચાર સાંભળીને સત્રાજીત ખુબજ દુઃખ અનુભવે છે.શ્રીકૃષ્ણને વંદન કરીને સત્રાજીત કહે છે કે મને માફ કરજો મે ખોટો તમારા ઉપર આરોપ મુક્યો.શ્રીકૃષ્ણ તેને પણ માફ કરી દે છે ત્યાર પછી સત્રાજીત કહે છે, મારી પુત્રી સત્યભામા પણ લગ્નની ઉંમરની થઈ છે હું તેનાં લગ્ન તમારી સાથે કરવા માગું છું.શ્રીકૃષ્ણ તેનો પ્રસ્તાવ મંજૂર રાખે છે અને સત્યભામા સાથે લગ્ન કરે છે.

આ સમગ્ર પ્રસંગ કહેવાનો મારો હેતું એટલો જ કે, આપણે શુધ્ધ અને પવિત્ર મનવાળા હોઈશું અને જગતના લોકો આપણી જ ભૂલ કાઢવાનો પ્રયાસ કરે, ખોટો કલંક આપવાનો પ્રયાસ કરે તો ગભરાવવાની જરૂર નથી. પ્રકૃતિમાં એવો નિયમ છે કે આપણામાં આપોઆપ આત્મશક્તિ આવશે અને આત્મસુખ કે ભૌતિક સુખ બેવડાઈ જશે...

**પ્રવીણ એમ.નાઈ રતનગઢ (તા.કાંકરેજ)**

## ગર્ભાવસ્થા બાદ તંદુરસ્તી માટે માલિશ જરૂરી

Himalaya SINCE 1930

ગર્ભાવસ્થા બાદ બાળકનાં જન્મ પછી તમારું શરીર ધીમે ધીમે નિયમિત બને છે.ગર્ભાવસ્થાને કારણે શરરમાં કેટલાક દુખાવા થાય છે તે સામાન્ય છે.વધુમાં શશુને સ્તનપાન કરાવવાને કારણે હાથ,ખભા અને કમરનો દુખાવો વધી જાય છે.પરંતુ આ બધાં પ્રશ્નોને કારણે ચિંતા કરવાની કોઈ જૅર નથી કારણ કે તેને દૈનિક ત્વચાની સંભાળની સાથે દૂર કરી શકાય છે. માલિશ એક અસરકારક ઉપાય છે તેના કારણે સ્નાયુઓ લચકદાર બને છે,ત્વચા પૂર્વવત થાય છે અને દુખાવામાં પણ રાહત મળે છે.તેના કારણે ગર્ભાવસ્થાની સ્થિતિમાંથી ઝડપથી બહાર નીકળાય છે અને ઘણી સ્ત્રીઓનાં આરોગ્યમાં પણ સુધારો થાય છે.માલિશના કારણે રક્તપ્રવાહ અને પરિભ્રમણમાં પણ સુધારો થાય છે.તેના કારણે આરામ મળે છે,તણાવ ઘટે છે,દુખાવામાં રાહત થાય છે તેમજ ધાવણમાં પણ વધારો થાય છે.નવી બનેલી માતાઓએ કુદરતી વસ્તુનો ઉપયોગ કરવો જોઈએ કે જે તમારાં શરીરને મુલાયમ બનાવે છે અને તેને પૂર્વવત્ કરે છે. તલનું તેલ ચામડીને તંદુરસ્ત બનાવવા માટે જાણીતું છે. તેમાં રહેલાં તત્વો ત્વચાને મુલાયમ બનાવે છે અને તેને સૂકી થતાં અટકાવે છે. સુગંધીદાર તેલની માલિશ કરવાને કારણે તમારા મૂડમાં પરિવર્તન આવે છે.તેના કારણે તમારી ઈન્દ્રિયોને ઊર્જા મળે છે અને તમે હળવાશ અનુભવો છો.તલનું તેલ અને દેશી મેલો ધરાવતાં તેલની માલિશ કરવાથી ત્વચા સુંવાળી અને સ્વસ્થ બને છે તેમજ તમારો તણાવ પણ દૂર થાય છે.ત્વચાની જાળવણી માટે માલિશ ઉપરાંત પાણીના કારણે તમારાં શરીર અને ત્વચામાં તેનું પ્રમાણ જળવાઈ રહે છે.

## વિધ્નહર્તા ગણેશમાં પ્રેતનો ડરાવનારો દેખાવ



સૌથી વહાલા ભગવાન ગણેશની ધાર્મિક વાર્તા સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર પ્રસારીત કરવામાં આવશે. શાસ્ત્ર અને મૂળ સ્ત્રોત અનુસાર, આ કલ્પનાસભર વાર્તામાં ઘણા બધા પાત્રો છે જેમાં ભગવાન શિવના ગના વિધ્નહર્તાગણેશની અદભુત વાર્તામાં મહત્વની ભૂમિકા ધરાવે છે.શિવ ભૂતપિશાચોની દુનિયામાં વસતા ભગવાન તરીકે પણ જાણીતા છે. આ વસવાટમાં વિકૃત પ્રાણીઓ અને વિચિત્ર અને સરકિ શકે તેવો દેખાવ ધરાવે છે. અભિનેતા જીતેન્દ્ર દુહન વિધ્નહર્તા ગણેશમાં પ્રેતની ભૂમિકા ભજવે છે. આ સૌ પ્રથમ વખત જીતેન્દ્ર ધાર્મિક શ્રેનીનિ ભાગ બન્યા છે અને આ પાત્રએ તેને ઉતેજીત કરી દિધો છે કે તે તેનુ કાર્ય શરૂ કરી દે. મેક-અપ અગત્યની ભૂમિકા ભજવે છે કે જેથી કાલ્પનિક પાત્ર જીવંત હોય તેવુ દેખાય. ક્રિએટીવ ટીમે ઘણુ બધુ સંશોધન કર્યુ છે કે જેથી 'પ્રેત' નો દેખાવ જેટલો બને તેટલો ડરાવનારો હોય જે દર્શકોને ચોક્કસ આશ્ર્ચર્ય પમાડશે. ક્રિએટીવ ટીમે મને એક સારો વિચાર આપ્યો છે કે મારુ પાત્ર એકદમ અલગ દેખાય અને સ્ટાઈલ તેમજ દેખાવ તે પ્રમાણે કરવામાં આવે. મેક-અપની આખી જ ટીમના કલાકારોએ તેઓ જયારેમને આ ભાગ માટે તૈયાર કરતા હતા ત્યારે મને અરીસામાં ઝાંખવા પણ દિધુ ન હોતુ. ૩કલાકોની લાંબી રાહ જોયા બાદ તેમણે મને અરીસો બતાવ્યો હતો અને હું એકદમ આંચકો પામી ગયો હતો! મારો દેખાવ મારી કલ્પના બહારનો ડરાવનારો હતો. હું એકદમ વિચિત્ર અને ભય પમાડનારો દેખાતો હતો. મને ચોક્કસપણે ખાતરી છે કે મારો દેખાવ દર્શકોને ભય સહિત પકડિ રાખશે.ચાલો આપણે વિધ્નહર્તા ગણેશની અદભુત વાર્તાને સોની એન્ટરટેઈનમેન્ટ ટેલિવિઝન ઉપર નિહાળવા માટે રાહ જોઈએ.

## મેજિકબ્રિક્સ એપે છેલ્લા ત્રિમાસિક માં નવા વપરાશકારોમાં ૪૦ ટકાની વૃદ્ધિ નોંધાવી

ઘર ખરીદવું આજે એટલું મુશ્કેલ નથી રહ્યું જેટલું કે એક દાયકા પહેલા હતું. તે સમયે ઘર ખરીદનારા લોકોને પૂરી રીતે દલાલો અને અંગત સંપર્કો પર નિર્ભર રહેવું પડતું હતું. જો કે ટેલનિકલ ઉન્નતિના ચાલતા આજે વ્યક્તિ પોતાના આંગળીઓન ટચની સાથે સંપત્તિ સંબંધિત દરેક જાણકારી હાંસલ કરી શકે છે. મેજિકબ્રિક્સ જેવા મોબાઈલ એપ્સ આવવાથી પૂરી પ્રક્રિયા ખૂબ જ સરળ થઈ ગઈ છે. મોબાઈલ ડેટા તથા સ્માર્ટફોનના વધતા વપરાશની સાથે મોબાઈલ એપ્સનું ચલણ પણ ઝડપી વધી રહ્યું છે. દૂરસંચારની આ ઉન્નતિના ચાલતા આ સેગમેન્ટ ઝડપથી વિકસિત થઈ રહ્યું છે. છેલ્લા ત્રિમાસિકમાં મેજિકબ્રિક્સ એપ ડાઉનલોડમાં ૪૦ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. અમે વપરાશકર્તાની બદલાતી માંગ અનુરૂપ તેમને એવી ઓનલાઈન સેવાઓ ઉપ્લબ્ધ કરાવવા માટે પ્રયત્નશીલ છીએ જેથી તેમની ઘર ખરીદવાની યાત્રા ખૂબ જ સરળ અને સુગમ થઈ જાય. મેજિકબ્રિક્સ એપ આજની પેઢી માટે ખૂબ જ ફાયદારૂપ સાબિત થઈ રહ્યું છે કેમકે અમારા ૪૦ ટકા વપરાશકર્તા એપના માધ્યમથી જ સાઈટનો વપરાશ કરે છે. ઉપસ્થિત પરિવેશને ધ્યાનમાં રાખતા એપ્સ ઘર ખરીદવાના નિર્ણયમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવી રહ્યા છે.

## વિશ્વમાં રહેવા લાયક શહેરોમાં સતત ૭મી વખત મેલબોર્નનું નામ જાહેર થયું



મેલબોર્નને સતત સાતમાં વર્ષે પણ એન્યુઅલ ઈકોનોમિસ્ટ ઈન્ટેલિજેન્સ યુનિટના ગ્લોબલ રહેવાલાયક શહેરોની યાદીમાં સ્થામ મળ્યું છે. સ્ટેબિલિટી, હેલ્થકેર, કલ્ચર, પર્યાવરણ, શિક્ષણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર જેવી કેટગરીમાં રેટિંગ દ્વારા વિશ્વના ૧૪૦ શહેરોમાં કરવામાં આવેલા રેન્કિંગમાં મેલબોર્નનું નામ આવ્યું છે.

## ટપરવેર દ્વારા ઉબેરકુલ લંચ સેટ રજૂ



સામાન્ય રીતે તે જાણીતું છે કે રોજીંદા કાર્યક્ષમ કરવા માટે સંતુલિત અને તંદુરસ્ત ભોજન મહત્વનું છે. સાથે સાથે વિકસતી જરૂરિયાતો, જીવનશૈલી અને ગ્રાહકોની શૈલી માટે જરૂરી છે કે આપણી રોજિંદા જરૂરિયાતો આપણા લંચના બોક્સ સહિતના સમય સાથે પણ ચાલુ રહે. ટપરવેર દ્વારા રજૂ કરવામાં આવેલ ઉબેરકુલ લંચ સેટ ઓફિસની જરૂરિયાત પ્રમાણે છે અને સ્ટાઈલીશ પણ છે. ખરીદો ઉબેરકુલ લંચ સેટ માત્ર રૂ. ૧૧૦૦ માં.

# વાણી, વર્તન અને વ્યવહાર છે... મનુષ્યની પરખનો આધાર...

**વિખ્યાત બે સંસ્થાના મહામંત્રી અને કર્મચારીના જવાબમાં કેટલો ફરક : કોઈને ઉપયોગમાં આવીએ તે જ સાચુ કર્મ..બાકી...**




મારા મિત્ર વડોદરા આવ્યા.અહીની એક ખ્યાતનામ સંસ્થામાં તેને કામ હતું.મિત્રને ડર હતો કે ચાર-પાંચ ધક્કા બાદ કામ પૂર્ણ થશે.અમે તે સંસ્થામાં ગયા.ત્યાંના મહામંત્રી હજુ આવ્યા ન હતા.ફોન પર વાત થઈ, ખૂબ સહજતાથી, વિવેકપૂર્ણ રીતે એમણે વાત કરી અડધો કલાકમાં પહોંચશે કહ્યું ત્યાં સુધી મિત્રએ તેના કામ માટેના જરૂરી કાગળીયામાં તે સંસ્થામાં કામ કરતા નિવૃત્તિ પછી પણ કામ કરતા શર્માજીને આપ્યા.

પટ્ટાવાળો આવ્યો ન હતો. વડીલ શર્માજી અમને બંનેને પાણી આપવા ઉભા થયા.અમે વડીલને ના કહી "આપ વડીલ છો .." તો કહે 'ના..તમે આ સંસ્થાના મહેમાન કહેવાય અમારી કેવી છાપ લઈને જાવ ? 'માત્ર ૧૫ મિનિટમાં કામ થઈ ગયું. મહામંત્રી આવ્યા. તેમને મળ્યા. ખૂબ ઝડપથી કામ થયું.મેં ઓળખાણ આપી. આપની સંસ્થામાં ઝડપથી કામ થાય છે તેને બિરદાવી રહી તો પણ મહા ભારપૂર્વકના પાડી.. સંસ્થા અને તેના કર્મચારીઓ એનું કામ કરે તે તો એનો ધર્મ છે.તેથી નામ ન છાપસો.પણ મન ન માન્યુ અહીં લખાઈ ગયું.. સારી વાત સહુને પહોંચે તે જરૂરી છે ગત ઓક્ટોબર માસમાં દીપોત્સવના અંક ઘણા મેગેઝીનોએ બહાર પાડ્યા તે જ રીતે અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી વિધ ગુજરાતી સમાજના મેગેઝીન 'વિશ્વમેળો' એ પણ અંક બહાર પાડ્યો.

તેઓ દ્વારા મારી વાર્તા મંગાવાઈ હતી.તે મે મેઈલ કરી.ત્યાંથી મેઈલ મળ્યાનો પુષ્પાબેને તેને જાણ કરી.વાહ આનંદ થયો.

એ બાદ એ દિપોત્સવ અંક મને ના મળ્યો એ પણ મે ત્રણ-ચાર પત્રો લખ્યા પાંચ વાર મેઈલ કર્યા પણ વિશ્વ મેળો મેગેઝીન ના મળ્યું તેથી મેં રીમાઈન્ડર માટે ત્યાં ટેલીફોન કર્યા.કોઈ શુકલાજી ફાન રીસીવ કર્યો અને કહે બહુ કામ રહે છે.આજે અંક મોકલુ છું.પણ સમય જાય પણ મેગેઝીન ના મળે.

હમણાં મારી બ્રહ્મ ગૌરવ એવોર્ડ માટે પસંદગી થઈ તેથી ૨૦ મી ઓગસ્ટે મારે અમદાવાદ જવાનું થયું તે પૂર્વે એક માસથી વિધ ગુજરાતી સમાજના મહામંત્રી પો.પંડ્યા સામે વોટસએપ પર આ મેગેઝીન ના મળ્યા અંગે વાતો થતી પરંતુ તેઓ પણ ગોળ ગોળ વાતો કરે. (માત્ર.. નામ..માટે ..?)

આખરે હું મેગેઝીન મેળવવા સંસ્થાની ઓફીસ નવરંગપુરા પહોંચ્યો.મારો અડધો દિવસ એમજ બગડ્યો.સંસ્થાપર તાળુ હતુ.બપોરનો સમય હતો ગરમી બહુ હતી.સદનસીબે કામ કરતા અને ટેલીફોન પર ઠંડો જવાબ આપનારા શુક્લાજી આવી ગયા.સંસ્થાનું તાળુ ખોલતા જ મને કહે 'તમારી મેર છપાઈ ન હોય તો ક્યાંથી મેગેઝીન મોકલું'

મારા પિતા કરતા મોટી ઉંમરના આ વડીલ એ પણ મને અડધો કલાક બેસાડીને ભગવાનને અગરબત્તી કરતા રહ્યા.એ પછી મને મોડુ થતું હોવાથી મેં દિપોત્સવ અંક જોવા માગ્યો. ૧૫ મિનિટે તે અંક લઈને આવ્યા અને મને કહે 'સોરી' તમારી વાર્તા છપાઈ છે.

મે કહ્યું કાકા ૧૫ જેટલા પત્રસેન અને ઈમેઈલ બાદ આજે રૂબરૂ આવ્યો ત્યારે કહો છો કે મેટર છપાઈ છે.તો તરત જ કોઈ ક્ષોભવગર ઠાવકાઈથી કહે મેં તમને સોરી તો કહ્યું ને લો બોલો "સમય, શક્તિ અને નાણાંનુ નુકશાન થયું તેની કોઈ જ વાંધા તેમના ચહેરા પર ન હતો કે ન તેમણે પાણીનું સુધ્ધા, પૂછ્યું..આ વાત અત્રે લખવા માટેનો મારો ઈરાદો માત્રને માત્ર એટલો જ છે કે આપણે જે પદ પર કામ કરતા હોઈએ તેને શોભે તે રીતે કામ કરીએ તો જ લોકો યાદ કરે.બાકી જીવન તો પશુ-પક્ષી પણ જીવી જાય છે."

મંત્રી હોય કે સંત્રી કોઈ આપણી પાસે પોતાની મુશ્કેલી રજૂ કરે તો રસ લઈને તેનો ઉકેલ લાવવા પ્રયત્ન કરીએ તે જ સાકાર ગણાય બાકી હા, શર્માજી બનવું કે શુકલાજી એ આપણે જ નક્કી કરવાનું છે.સંસ્થાને કારણે આપણી ઓળખ હોય છે.આપણા કારણે સંસ્થાની નહી.આપ શુ માનો છો ? એ મને ૧૪, સત્સગીરી સોસાયટી નં.૩, સાંઈ મંદિર અને બગીચા પાછળ, વિશ્વામિત્રી ક્રોસીંગ, માંજલપુર વડોદરા-૩૯૦૦૫ અથવા મો.૯૯૨૫૬૨૮૪૯૮ પર જણાવશો હોં કે ?

**સંવેદના :** મંદિરમાં પૂજા કરવા કરતા આપણી પાસે રહેલા કામને નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરનારને જ ભગવાન પુરા માર્કસ આપે છે.

**મનિષ જોષી,'મૌન' વડોદરા**

## આયુષ્યમાન ખુરાના અને પરિણીતી ચોપડાની માસૂમ પ્રેમકહાણી 'મેરી પ્યારી બિંદુ'



અમદાવાદ

હિન્દી મૂવીઝ અને સ્પેશ્યલ ઈવેન્ટ્સની પ્રમુખ ચેનલ સોની મેક્સ પોતાના દર્શકો માટે રજૂ કરી રહી છે એક લવસ્ટોરી 'મેરી પ્યારી બિંદુ' જે સન ૧૯૮૦ના સમયને ધ્યાનમાં રાખીને રચવામાં આવી છે.

ફિલ્મ નિર્દેશક છે અક્ષય રૉય જેમણે પહેલીવાર કોઈ ફિચર ફિલ્મનું નિર્દેશન કર્યુ. મુખ્ય ભૂમિકામાં છે આયુષ્યમાન ખુરાના અને પરિણીતી ચોપડા.

કહાણી અભિમન્યુ રૉય (આયુષઅયમાન ખુરાના)ની છે જે પોતાના કામના ક્રિટીકલ એપ્રીશિયેશનના અભાવે નિરાશ થઈને ઘરે પરત ફરી રહ્યો છે જેનાથી તે વધુ શ્રેષ્ઠ અને અર્થપૂર્ણ સાહિત્યની રચના કરી શકે. તે એક કહાણી વિશે નિર્ણય લે છે જે હવે ત્રણ વર્ષથી રચના પ્રક્રિયામાં હતી.

આ કહાણી લખવામાં તે એક બાધા અનુભવતો હતો અને તેને ચોક્કસ ખબર હતી કે આ નડતર શું છે.






# ભૂખ વધારવા માટે આ ઘરેલૂ ઉપાય

ભોજનને લઈને બાળક હમેશા નાટક જ કરે છે. તેને દરેક સમયે ભોજન ન કરવાના કઈંક ન કઈંક બહાના કાઢે છે. બદલતા લાઈફસ્ટાઈલના કારણે પણ ભૂખ ન લાગવું આજકાલ સામાન્ય સમસ્યા થઈ ગઈ છે.

જેનાથી બાળકનો વિકાસ રોકાઈ શકે છે. તેનાથી બાળક શરીરમાં નબળાઈ પણ આવી શકે છે. તમે તેના માટે ઘરેલૂ ઉપાય અજમાવીને પણ રાહ્ત મેળવી શકો છો.

**૧. સફરજન :**

બાળકને જો ભૂખ નહી લાગતી તો તેને સફરજન ખાવા માટે આપો. તેનાથી બાળકનો લોહી સાફ થવું શરૂ થઈ જશે અને ભૂખ પણ લાગવા લાગશે. સફરજનની સાથે સંચણ જરોર આપો. બાળક સફરજન ન ખાય તો તેનું જ્યૂસ પણ ફાયદાકારી છે.

**૨. ફુદીના**

ફુદીના ઠંડી હોય છે. થોડું ફુદીનોના રસમાં મધ મિક્સ કરી સવારે સાંજે આ મિશ્રનને ૧-૧ ચમચી હૂંફાણા પાણી સાથે બાળકને આપો. તેનાથી પેટ સાફ રહેશે અને ભૂખ પણ લાગવી શરૂ થઈ જશે.

**3. લીલા શાકભાજી**

લીલી પાંદળાવાળી શાકભાજીનો સૂપ બાળકને આપો. તેનાથી કબ્જિયાતની પરેશાનીથી રાહત મળે છે અને પેટમાં ગૈસ પણ નહી બને. તેનાથી તમારી ભૂખ વધી જશે.

# સ્નાયુ તેમજ જ્ઞાનતંતુની ખાસ દવા : કાલમીયા લેટીફોબીયા

**હોમીયોપેથીક એક સરળઉપાર** — ડૉ. જગદીશ ધોળકીયા

**જીજ્ઞાસુ મિત્રો,**

સ્નાયુ તેમજ જ્ઞાનતંતુની ખાસ દવા : કાલમીયા લેટીફોબીયા

આ દવા સ્નાયુશુળ, જ્ઞાનતંતુઓની વ્યાધિ, ન્યુરેલ્જીયા, હ્રદયની બીમારી, ગર્ભાશયની બિમારી વિગેરેમાં ખુબ જ ઉપયોગી બને છે.

શરીરમાં વા, સંધિવા, ગઠીયો વા વિગેરેમાં આ દવા ખુબ જ ઉપયોગી છે. રોગની શરૂઆત ઉપરી અંગોમાં શરૂ થઈ શરીરના નીચેના ભાગો સુધી રોગ પ્રસરે છે.સ્નાયુશુળ, મુખ ઉપરથી શરૂ થાય.

'વા' સાથે હ્રદયની બીમારી હોય ત્યારે આ દવા ખુબ જ ઉપયોગી બને છે. દર્દ તેમજ દુખાવાની જગ્યાએ વારંવાર બદલાયા કરે છે. થોડો સમય ઉપરના ભાગમાં દુ:ખાવો થાય.

શરૂઆતમાં માથામાં ચક્કર આવે, માથાની આગળના ભાગમાં (કપાળ)માં દુખાવો થાય, આંખોમાં ડોળાનું હલનચલન થાય તેમ દુ:ખાવો વધે.

આંખમાં ઝાંખપ આવે જમણી આંખની પાંપણમાં દુ:ખાવો થાય,તેની સાથે આંખોમાં બળતરા થાય, આંખોમાં મરચાં નાખ્યા હોય તેવી અનુભૂતિ થાય. રૂમેટીક આર્થરાઈટીસની આ ખાસ દવા છે.

જમણી બાજુના ચહેરા ઉપર સખત વેદના થાય, જલન થાય, સોજો આવે, જ્યારે ટ્રાઈનેમીનલ ન્યુરલ્જીયાની વ્યાધિ થાય ત્યારે કાલમીયા સ્પાઈજેલીયા વેરબાસ્કમ નામની દવાઓ ખુબ જ ઉપયોગી બને છે. જીભ પણ દુ:ખે જીભ ઉપર કોઈએ કાંટા ભોંકયા હોય તેવી અનુભૂતિ થાય.

વા કે ન્યુરેલ્જીયા સાથે હ્રદયની બિમારી થાય ત્યારે આ દવા ઉપયોગી બને છે.

હ્રદય નબળું પડે, નાડી ધીમી ચાલે, હ્રદયના ધબકારા વધી જાય, ગાઉટી તથા રૂમેટીક મેટાસ્ટેસીસ ઓફ હાર્ટની આ ખાસ દવા છે.હ્રદયના ધબકારા વધી જાય, શ્વાસ ચડે, છાતીમાં ખુબ જ દુ:ખાવો થાય, પરીણામે શ્વાસ લેવામાં તકલીફ પડે ત્યારે આ દવા ઉપયોગી બને છે.

પીઠમાં દુ:ખાવો થાય જે ખભા સુધી દુખાવો પ્રસરે. ઘણી વાર કમ્મરથી નીચે પણ દુ:ખાવો થાય.

જમણા ખભા તેમજ હાથમાં વિશેષ દુ:ખાવો થાય, હાથ પગનાં લાંબા હાડકામાં દુ:ખાવો થાય, તેમજ સ્નાયુઓમાં પણ દુ:ખાવો થાય તે ભાગ વારંવાર જગ્યા બદલે, જ્યાં દુ:ખાવો થાય તે ભાગ સુનો થાય. હાથમાં જ અલ્નારનર્વ આવેલી છે. તેમાં સખત દુ:ખાવો થાય. સાંધાઓ લાલ થાય ગરમ થાય તેમજ સોજા આવે.

બહેનોને માસિક વહેલું આવે અથવા અટકી જાય, માસિક સાથે વા,સંધીવાની અસર થાય ત્યારે આ દવા ઉપયોગી છ.

રસપ્રદ કિસ્સો : ૧. બનાસકાંઠાની વૈશાલી ઉ.વ. ૧૮ જે વડોદરામાં અભ્યાસ કરે છે તે આજથી એક વર્ષ પહેલાં અમારી કલીનીકમાં આવેલા. તેને છેલ્લા પાંચ વર્ષથી ગઠીયો વા હતો. હાથ પગના આંગળાં વળી ગયેલાં, સાંધામાં દુ:ખાવો રહેતા, સોજો આવેલો, પેન પકડી શકે નહીં, સાણસી પકડી શકે નહીં તેમજ દરરોજનું રુટીન કામમાં પણ ઘણી તકલીફ પડવા લાગી. તેમણે અનેક વિશેષજ્ઞોની દવા લીધેલી પણ દવા લે તેટલો સમય રાહ્ત પણ દવા બંધ થાય એટલે તકલીફ બમણી થાય, તેઓ એક વર્ષ પહેલાં અમારી કલીનીકમાં આવતાં અમે લક્ષણ પ્રમાણે દવા આપતાં બેથી ત્રણ મહીનામાં સિત્તેર ટકા રાહ્ત થયેલ.

અનુસંધાન પાના નં.૬ ઉપર

# સ્વાઇન ફ્લુ ના ઘરેલું ઔષધો

**આયુર્વેદનું અમૃત** — વૈદ્ય મહેશ અખાણી

દર્દ કરતા પણ દર્દ નો ભય વધુ મોટો હોય છે. સર્પદંશ થી પણ જેને મૃત્યુ ની સજા આપવાની છે તેવા કેદીને અંધારી રાત્રે જયારે માત્ર સાપનો ફુંફાળો સંભળાવીને ટાંકણી મારવામાં આવે ત્યારે તેનું મૃત્યુ થાય અને તેના લોહીમાં સર્પનું ઝેર આવે કારણ કે તે ઝેર તેના ભય થકી આવેલું હોય છે.આજે માણસ ભયથી જ જીવતો રહેલો છે. સુખના સોફા ઉપર બેસી ને પણ જેમ ઉંદર ભયથી જ મીઠાઈ ખાતો હોય છે તેમ આજે માણસ અનેક પ્રકારના ભય હેઠળ જ જીવતો રહેલો છે. તમામ પ્રકારના ભયને દૂર કરવા માટે માત્રને માત્ર ઈશ્વર નું ચિંતન, મનન અને ધ્યાન જ મદદરૂપ થાય. આયુર્વેદ વનસ્પતિના ઔષધો પ્રભુના પ્રતિનિધિ છે તેમ સમજીને તેનો ઉપયોગ થશે તો દર્દ મટશે, દર્દનો ભય જશે, ભક્તિ થશે, ભાવ વધશે , આરોગ્ય સુધરશે અને દીર્ઘાયુ પ્રાપ્ત થશે.

**૧. તુલસી** – વિષ્ણુ પ્રિયા તુલસી સૌની જાણીતી છે, જ્યાં હોય તુલસી ત્યાં પ્રભુ નો વાસ હોય. તુલસી સ્વાદમાં તીખી છે, કડવી છે, હ્રદય ને ગમે તેવી છે, ગુણમાં ગરમ છે, ભૂખ લગાડનાર છે, પિત કરનાર છે, બળતરા કરે છે. તમામ પ્રકારના ચામડીના રોગો મટાડે છે. પેશાબની અટકાવતને દુર કરે છે. પડખા નો દુ:ખાવો મટાડે છે, શરદી , ખાંસી , શ્વાસ અને કફ મટાડે છે. બધા જ રોગોમાં બળવાન એવા વાયુનું શમન કરે છે.

**૨. સુંઠ** – મહા ઓષધ, વિશ્વભેષજ અને વિશ્વા જેનું નામ છે તેવી સુંઠ નિયમિત રીતે નરણા કોઠે લઈ શકાય. તે ખોરાક પ્રત્યે રૂચી ઉપજાવે છે, આમવાત મટાડે છે, ખોરાક નું પાચન કરે છે, ગુણમાં તીખી અને પચવામાં હલકી છે છતાં પચ્યા પછી મધુર છે, ગરમ છે, સ્નિગ્ધ છે તેથી વાયુ, કફના રોગો (સ્વાઈન ફ્લુ) મટાડનાર છે. વીર્ય વધારે છે, ચોંટી ગયેલા કફ યુક્ત મળને ઉખાડે છે, સ્વર સારો રહે છે, ઉલટી, શ્વાસ, ખાંસી, પેટનો દુ:ખાવો, હ્રદયના રોગો, સોજા, પેટનો વાયુ, પેટ વધી જવું તે સુંઠના સેવનથી દૂર થાય.

**3. કાળામરી** – મરી તીખા છે, તીક્ષ્ણ છે, ભૂખ લગાડનાર છે, ગરમ છે, પિત કરનાર છે, રુક્ષ છે, શ્વાસ રોગ, કરમિયા, પેટનો દુ:ખાવો મટાડનાર છે.

**૪. ધાણા** – સુકા ધાણા ગરમ છે, વીર્ય માટે સારા નથી પરંતુ તેનું ઉકાળેલું, ઠરેલું પાણી પીવાથી તે તાવ મટાડે છે. પેશાબ છૂટથી લાવે છે, પાચન કરનાર ને રૂચી ઉપજાવનાર છે. તરસ, બળતરા, ઉલટી, શ્વાસ, ઉધરસ ને કૃમિ મટાડે છે.

**૫. ગળો** – જેના સેવન થી અમૃત્તત્વ, અમરત્વ, રોગરહિતપણું પ્રાપ્ત થાય છે તેવી અમૃતા. લીમડાના વૃક્ષ ઉપર ચડેલી ગળો, અમૃત સમાન છે. ગળો સ્વાદમાં તીખી, કડવી છે, પચવામાં મીઠી છે, બધી જ ધાતુઓ વધારનાર છે, ગુણમાં ગરમ છે, હલકી છે, ભૂખ લગાડનાર, બળ આપનાર, ત્રણેય દોષ દુર કરનાર, આમદોષ, તરસ, બળતરા, પ્રમેહ, ઉધરસ, પાંડુ, કમળો તમામ ચામડી ના રોગો, તાવ, ગાંઠિયો વા, કરમિયા, ઉલટી, શ્વાસ રોગો, મસા, પેશાબની અટકાયત તથા હ્રદય રોગ ને મરડાને મટાડનાર છે. યાદશક્તિ વધારનાર અને રોગપ્રતિકારક શક્તિ વધારવા માં ગળો ઉત્તમ છે.

**૬. કરિયાતું – સુદર્શન:** જ્વરે ન કિંચિત પરં કીરાતાત્ - તાવ મટાડવા મતે કરિયાતા થી ઉત્તમ એક પણ ઔષધ નથી.. કદાચ કરિયાતું સહેલાઈ થી સારું ન મળે તો બજાર માં મળતી સુદર્શન ઘનવટી, સુદર્શન ચૂર્ણ કે સુદર્શન નો ઉકાળો ના ભૂકા માં અડધો અડધ કરિયાતું હોય છે. કરિયાતું નું ચૂર્ણ કે સુદર્શન ચૂર્ણ કે ઉકાળો લઈ શકાય છે. કરિયાતું કડવું છે, તે તાવ ને મટાડે છે, પેટ સાફ લાવે છે, રુક્ષ છે, ઠંડુ છે, કડવું છે, પચવા માં હલકું છે. સ્વાઈન ફ્લુ જ્યારે મારક બને છે ત્યારે તને સન્નીપાતજ જવર કહી શકાય. તેમાં કરીયાતું ઉત્તમ ઔષધ છે. શ્વાસ રોગ, શરદી, ખાંસી, કફ, પિત, લોહી બગડવાના દર્દો, ચામડી નારોગો, હાઈબીપી, બળતરા, સોજા, તરસ, ગડગુમડ, ઘા તથા કૃમિને કરિયાતું મટાડે છે.

**૭. દશમૂલ** – દસ પ્રકાર ની વનસ્પતિ ના મૂળ નો જ્યાં ઉપયોગ થાય છે તે દશમૂળ કવાથ નો ઉકાળો પીવાથી સોજા, કફ, તાવ, શ્વાસ રોગ, ખાંસી, આફરો, દુ:ખાવો, સાંધા નો, પડખાનો. છાતી નો, માથા નો દુ:ખાવો , અરુચિ મટાડે છે. દશમૂલ માં બીલી, સીવણ, પાટલા, અરણી, ઉંબરો, ઉભી અને બેઠી ભોરીંગણી, શાલીપર્ણી, પૃશ્નીપર્ણી અને ગોખરું મળી ને દશ વનસ્પતિઓ આવે છે.

**૮. હરડે** - લવણ રસ સિવાય ના પાંચ રસ ધરાવતી હરી ના સ્થાન માં ઉત્પન્ન થયેલી અને માતા સમાન ગુણકારી હરડે ગુણ માં ગરમ છે, વાયુ કફ નો નાશ કરનારી છે, શરદી, ખાંસી, શ્વાસ, સોજા, ચામડી ના રોગો દુર કરનારી, આમ નું પાચન કરનારી હરડે છે. જેને ફક્ત ચૂસવા થી પણ આમ દોષ નું પાચન થઈ વાયુ નું અનુલોમન થઈ દર્દ દુર થાય છે.

**૯. હળદર** – સ્વાદ માં તીખી હળદર ગળાના, કાન, નાક, ફેફસાં, હાડકા ના રોગ માટે નું ઉત્તમ ઔષધ છે: હળદર ને દૂધ કે મધ સાથે લઈ શકાય.આજના વાતકફજ રોગ એટલેકે ફ્લુ ની સારવાર માટે ઉતમ ઘરેલું ઔષધો આ પ્રકાર ના છે જે નજીક ના વૈદ્ય ના માર્ગદર્શન થી લઈ શકાય.

**વૈદ્ય મહેશ અખાણી વૈદ્ય પરાશર મ.**
**કીર્તિ ચેમ્બર્સ, (પાલનપુર)**
**મો.૯૪૨૬૩૯૯૧૨૫**

# બ્રેન ટ્યુમરનો ઈલાજ સાયબર નાઈફથી

**સાઈકોથેરાપીસ્ટ**

સાયબર નાઈફની આગામી જનરેશન એમ-૬ ભારતમાં પહેલા ઉપયોગમાં લેવામાં આવનારી સર્જરીઓની તુલનામાં વધારે પરિષ્કૃત છે, તેમાં રેડિએશનનો મહત્તમ ડોઝ અનેક અલગ-અલગ ખૂણેથી ટ્યુમર સુધી પહોંચાડવામાં આવે છે. તેનો સફળતાનો દર પણ ઘણો ઊંચો છેઆજકાલ સાયબર નાઈફ રેડિયો સર્જરી સિસ્ટમને સર્જરીના વિકલ્પ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ મગજના કેન્સરયુક્ત અને કેન્સર રહિત ટ્યુમરોનના પ્રબંધનમાં અન્ય ઉપચારો સાથે આ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. આ ટેક્નોલોજી ભારતમાં છેલ્લા ત્રણ-ચાર વર્ષથી ઉપયોગમાં લેવામાં આવી રહી છે. આ ટેક્નોલોજી દ્વારા શરીરના મોટાભાગના કેન્સરયુક્ત ટ્યુમરો અને કેન્સરસહિત ટ્યુમરોનો ઉપચાર શક્ય છે, જેમાં સામેલ છે પ્રોસેટ્ટ, લિવર વગેરેના ટ્યુમર. હવે સામાન્ય રીતે તેનો ઉપયોગ મગજ અને સ્પાઈનના ટ્યુમરને નષ્ટ કરવા માટે થઈ રહ્યો છે. આધારભૂત રીતે સાયબર નાઈફ રેડિએશન સર્જરી સર્વાધિક વિકસિત, નોન-ઈનવેસિવ રેડિએશન થેરેપી ટૂલ છે જે કેન્સરયુક્ત ટ્યુમરોની સાથે જ કેન્સરરહિત ટ્યુમરો અને અન્ય બીમારીઓના ઈલાજ માટે ઉપલબ્ધ છે. આ થેરેપીમાં રેડિએશનના હાઈ ડોઝ પરિશુદ્ધ કિરણોનો ઉપયોગ કરાય છે. આ સારવારમાં ના તો કોઈ પીડા થાય છે અને ના તો તેમાં કોઈ જોખમ છે. આ માટે હોસ્પિટલમાં રોકાવાની જરૂર પણ નથી પડતી કારણ કે સેશન પૂર્ણ થતાં જ તરત જ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવે છે. સાયબર નાઈફ રેડિએશન સર્જરીમાં રેડિએશનના હાઈ ડોઝ સીધા તમારા ટ્યુમરને આપવામાં આવે છે જે માટે પરિષ્કૃત ઈમેજ ગાઈડેન્સ સિસ્ટમનો ઉપયોગ કરાય છે.

સાયબર નાઈફ રેડિએશન થેરેપીનો સફળતાનો દર વધારે છે. જોકે આ એ ટ્યુમરો માટે સર્વશ્રેષ્ઠ કાર્ય કરે છે જેમનો આકાર લગભગ ૨-૨.૫ સે.મી. હોય છે. જોકે કેટલાક દુર્લભ કેસોમાં તેનો ઉપયોગ મગજના ટ્યુમરોના ઉપચારના વિકલ્પ તરીકે પણ કરાય છે કે એ દરદીઓ માટે જેમની ખરાબ મેડિકલ કન્ડિશન વગેરેને કારણે બ્રેન કેન્સર સર્જરી કરી શકાતી નથી. આ ઉપચારની સફળતાનો દર ૯૦ ટકાથી વધારે હોઈ શકે છે. સાયબર નાઈફની આગામી જનરેશન એમ-૬ ભારતમાં પહેલા ઉપયોગમાં લેવામાં આવનારી સર્જરીઓની તુલનામાં વધારે પરિષ્કૃતિ છે કારણ કે તેની કેટલીક અસાધારણ વિશેષતાઓ છે. તેમાં રેડિએશનનો મહત્તમ ડોઝ અનેક અલગ-અલગ ખૂણેથી સીધા ટ્યુમર સુધી પહોંચાડવામાં આવે છે. તેનો સફળતાનો દર પણ ઘણો વધારે છે. આ સાથે જ ગહન ઊર્જાની ઉત્સર્જિત કેન્દ્રિત કિરણો કેન્સર સેલને નષ્ટ કરી દે છે અને ટ્યુમરના વિકાસને નિયંત્રિત કરે છે. આ લિક્ષત સેલ્સને વધતા રોકે છે. રેડિએશન થેરેપીનો ઉદ્દેશ્ય હાનિકારક સેલ્સને નષ્ટ કરવાનો અને સ્વસ્થ સેલ્સને ઓછામાં ઓછું નુકસાન પહોંચાડવાનો હોય છે. આ ઉપરાંત સાયબર નાઈફ સિસ્ટમ આપમેળે જ સામંજસ્ય બેસાડી લે છે અને ટ્યુમરને શોધી કાઢે છે જેનાથી સ્વસ્થ અંગો અને ટિશ્યુ સુધી રેડિએશનના એક્સપોઝરને ઘટાડવામાં મદદ મળે છે. પરંપરાગત રેડિએશન ઈલાજ અને સર્જરીના અનેક ફાયદા છે. મોટાભાગના દરદીઓમાં કોઈ આડઅસર દેખાતી નથી અને તે ઈલાજના તરત જ બાદ પોતાના દૈનિક કાર્યો કરી શકે છે. કેટલાક સામાન્ય કાર્યો કરવામાં થોડી ગણી સમસ્યાઓ ઉદ્ભવી શકે છે.

ઉપચાર પહેલા પોતાના ન્યુરોસર્જનથી તમામ સંભાવિત સાઈડ ઈફેક્ટ્સ અંગે ચર્ચા કરો કારણ કે તમારા મગજ કે સ્પાઈનમાં ટ્યુમરની સ્થિતિ અને પ્રકારના આધારે તે અલગ-અલગ હોઈ શકે છે. સાઈડ ઈફેક્ટ્સ જે અસ્થાયી હોય છેતેમાં છે માથાનો હળવો દુ:ખાવો, ગભરામણ વગેરે. તેનાથી કોઈ ફરક નથી પડતો કે તમારામાં કયા પ્રકારના ટ્યુમરનું નિદાન થયું છે, આ પ્રાયમરી ટ્યુમર છે કે કેન્સરયુક્ત છે જે શરીરના અન્ય ભાગમાંથી તમારા મગજમાં મેટાસ્ટેસાઈઝ્ડ થઈ ગયું છે. સૌથી જરૂરી છે કે તેનું વહેલામાં વહેલી તકે નિદાન કરવામાં આવે અને સર્વશ્રેષ્ઠ ઈલાજના વિકલ્પો અંગે જાણી લેવામાં આવે.

# ટી.વી ચેનલોથી મહિલા વર્ગમાં વૈચારિક ક્રાંતિ

**મન બિલોરી કાચ** — મંજુ પ્રજાપતી

સમાજમાં કોઈપણ પરિવર્તનનો પ્રારંભ દિમાગથી એટલે કે વિચારોથી થાય છે

આકાશમાંથી વરસી રહેલી આશરે ૩૦૦ થી ૩૫૦ જેટલી ટીવી ચેનલોએ સમાજ ઉપર તેની વિવિધ પ્રકારની સીધી કે આડકતરી અસરો પણ છોડી છે.આજે આપણે અહીં ચર્ચા કરવી છે મહિલાઓ ઉપર થયેલી ટીવી ચેનલોની સારી અને વિપરીત અસરોની.

આપણો સમાજ અવારનવાર એવી ચર્ચા છેડતો રહે છે કે, મહિલા તો પુરૂષ સમોવડી જ હોવી જોઈએ.જો કે હજુ આપણે ૩૩ ટકા મહિલા અનામત સુધી પણ પહોંચી શક્યા નથી.સરકાર આવા પગલા લે એ પહેલા તો મહિલાએ જાતે જ દોટ મૂકી છે.કેટલાક ક્ષેત્રોમાં તો પુરૂષને પાછળ છોડીને મહિલાઓ આગળ નિકળી ગઈ છે.આગળ ધપવાના પ્રોત્સાહન અને પ્રેરણા આપવામાં ટીવી ચેનલોએ ખુબજ મહત્વની ભૂમિકા ભજવી છે.

દર્શક મહિલાઓના દિમાગ પર ટીવી ચેનલોની સીરીયલોમાં ચમકતી તેજોતરોર, પ્રખર બુધ્ધિશાળી, બહાદુર, ખટપટમાં નિપૂણ, સમજદાર અને સદગુણોનો ભંડાર ધરાવતી ઉપરાંત ગુનાખોર માનસ ધરાવતી કે પછી રૂપરૂપના અંબાર જેવી મહિલાઓએ જબરદસ્ત અસરો પહોંચાડી છે.ખાસ કરીને મહત્વકાંક્ષાઓ વધી છે.જે પૂર્ણ કરવાની ધુનમાં યુવતીઓ ગફલત કરી બેસે છે.

ચિત્ર વિચીત્ર આભુષણો, સુંદર વસ્ત્ર પરિધાન અને મેકઅપના ધપેડાથી અત્યંત આકર્ષક તથા ખુબસુરત બાહ્ય દેખાવથી ઓપતા ટીવીના વિભિન્ન મહિલા પાત્રોએ કરોડો મહિલા દર્શકોને નવુ નવુ વિચારતા કરી મૂક્યા છે.

વૈચારિક પરિવર્તનની દિશામાં કદાચ આ પ્રથમ પગલુ ગણાશે.કોઈપણ પરિવર્તન કે ક્રાંતિની શરૂઆત કે તેનો જન્મ વ્યક્તિના દિમાગમાં થાય છે.નવો ઉદભવતો વિચાર માત્ર પણ અભૂતપૂર્વ પરિવર્તન સર્જે છે.

એક વાત ખાસ નોંધવા જેવી છે અત્યાર સુધી મનોરંજનના માધ્યમોએ સ્ત્રી પાત્રને માત્ર ઉપભોગ અને આનંદ પ્રમોદના એક સાધન તરીકે જ પેશ કર્યું છે પરંતુ ટીવી ચેનલોએ એવું પુરવાર કરવાનો પ્રયાસ કર્યો છે કે મહિલાઓ ઈચ્છે તો પુરૂષોને પોતાના વશમાં રાખી પ્રગતિની રાહ પર ઘણે દૂર સુધી જઈ શકે છે.

ટીવી ચેનલોએ મહિલાને જાગૃત કરવામાં ખુબ મોટુ યોગદાન આપ્યું છે.કમ સે કમ મહિલાને ચોક્કસપણે વિચારતી તો કરી જ મૂકી છે તેમાં શંકાને કોઈ જ સ્થાન નથી.ટીવી ચેનલો જોઈને મહિલાઓ ઉત્તમ અને પવિત્ર વિચારો અપનાવે તો ટીવી સમાજ માટે આશીર્વાદ બની રહેશે પંરતુ નકારાત્મક વિચારોના પ્રવાહમાં તણાઈને મહિલાઓ અણધાર્યા પરિણામોને આમંત્રણ આપે છે.ખાસ કરીને યુવા વર્ગની મહિલાઓમાં સવિશેષ જોવા મળે છે એ અસરો દરેક કુટુંબે સમજવા જેવી છે.વડીલોએ પરિવારની જુવાન પુત્રી કે પુત્રવધુમાં આવતા વૈચારિક પરિવર્તનોનો ગંભરીતા પૂર્વક અભ્યાસ કરતા રહી વખતો વખત સલાહ સૂચનો કરવા જરૂરી બને છે.

જેમ કે વધુ પડતું વજન ધરાવતી યુવતીઓને પાળતા બનવાની ઈચ્છા જાગે છે.ઘણી યુવતીઓ સુંદર દેખાવા માટે અવનવા પ્રયોગો કરશે.પોતાના અસલ વ્યક્તિત્વને ઓળખ્યા વગર નવા રંગરૂપ અને દંભી બાહ્ય દેખાવ પાછળ દોડવા લાગતી યુવતીઓને એ પણ સમજાવવું જરૂરી બની જાય છે કે વ્યક્તિની સુંદરતા માત્ર વસ્ત્રો, શરીરનો બાંધો, મધ મીઠી ભાષા કે મેકઅપથી જ પ્રાપ્ત થઈ જતી નથી.

વ્યક્તિને તેના સદગુણો, સંસ્કાર, સારો વ્યવહાર અને સમજદારી તેને વધુ સુંદર બનાવે છે.હા, દંભી સુંદરતા પામવાની ઘેલછામાં અને સહુ કોઈને

અનુસંધાન પાના નં.૬ ઉપર

# ચોમાસામાં ડેન્ગ્યુથી રહેજો સાવધાન

**આરોગ્ય સંહીતા**

ચોમાસુ બીમારીઓની ઋતુ પણ કહેવાય છે. વરસાદને કારણે ઘરની આસપાસ અને પાણી જમા થાય છે જેને પગલે મચ્છરોનો ઉપદ્રવ વધી જાય છે. ડેન્ગ્યુ એક પ્રકારના મચ્છર કરડવાને કારણે થાય છે તેથી આ ખતરનાક તાવથી રક્ષણ માટે તમારે ખાસ તકેદારી રાખવાની આવશ્યકતા છે. ચોમાસાની સિઝન આમ તો અત્યંત આહલાદક અને ખુશનુમા સિઝન હોય છે. જોકે આ ઋતુ પોતાની સાથે કેટલીક બીમારીઓ પણ લાવતી હોય છે. ચોમાસામાં કેટલીક બાબતોની, ખાસ કરીને ખાવા-પીવાની તેમજ આરોગ્યને લગતી તકેદારી રાખવી જરૂરી છે. તો સાફસફાઈ પણ આ ઋતુમાં ખાસ જરૂરી બની જાય છે. છેલ્લા કેટલાક વર્ષોથી આપણે ત્યાં ડેન્ગ્યુની બીમારીએ જોરદાર રીતે માથુ ઉચક્યું છે. આ બીમારી ગંભીર છે કારણ કે અત્યાર સુધી તેની કોઈ દવા શોધી શકાઈ નથી. કોઈ એવી રસી પણ બનાવી શકાઈ નથી કે તેનાથી બચી શકાય. ડેન્ગ્યુનો આતંક એટલો બધો વધતો જાય છ`કે આનાથી બચવાની યોજના કરવી પડે તેમ છે. ચોમાસામાં આ બીમારી માથુ ઉચકતી હોય છે.

ડેન્ગ્યુથી બચવાનો સૌથી પહેલો રસ્તો એ છે કે તમે ડેન્ગ્યુથી બચવાના ઉપાય કરો. ડેન્ગ્યુની બીમારીના લક્ષણો જાણો અને તે બીજાને કહો. આપણે જાતે જ બચવાના ઉપાયો કરી તેનાથી સુરિક્ષત રહી શકીએ છીએ. ડેન્ગ્યુ એક વાયરસનો તાવ છે જે માદા એન્ડીઝ મચ્છર કરડવાથી થાય છે. આ તાવની શરૂઆત સામાન્ય તાવની જેમ જ થાય છે. કયો તાવ ડેન્ગ્યુનો તાવ છે તે શોધવા માટે ટેસ્ટ કરવામાં આવે છે. ટેસ્ટ કર્યા પછી જ ખબર પડે કે કયો તાવ છે. ડેન્ગ્યુ આ તાવમાં દર્દીના શરીરમાં લોહીના પ્લેટલેટ્સ એટલે કે રક્તકણો ઓછા થવા માંડે છે. જેને કારણે લોહી પાતળું થઈ જાય છે અને શરીરમાં કોઈ પણ ભાગમાંથી લોહી નીકળવાનું શરૂ થઈ જાય છે. **અનુસંધાન પાના નં.૬ ઉપર**

# મનનું કરો અતિક્રમણ.. તેની પેલે પાર છે... પરમાનંદ જ પરમાનંદ...!

**માનસ** — ડૉ. પ્રવીણ પટેલ

**ગતાંકથી ચાલુ**

પ્રાણીઓ, પક્ષીઓ પણ વનસ્પતિની જેમ ખુબ જ ધીમે પણ સતત પોતાના કાર્યમાં લાગુ રહે છે. તેઓ કયારેય ઉતાવળ કરી ફટાફટ કામ પતાવીને વહેલા છુટા થવાનો પ્રયત્ન કરતા નથી.

અહીં શ્રીમદ્ રાજચંદ્ર જાણે બુદ્ધના મધ્યમ માર્ગની જ ચર્ચા કરતા હોય તેવું લાગે છે. ન ઉદાસ રહેવું કે ન ઉત્તેજીત થવું, ન ઉદ્યમ રહીત રહેવું, નરેન્દ્ર મોદીને પુછાયેલા એક પ્રશ્નના જવાબમાં તેઓ તેમની કાર્ય પદ્ધતિ અંગે અને સફળતાના સૂત્ર તરીકે જવાબ આપતાં 'ચરૈવેતી ચરૈવેતિ' નામનું સરળ અર્થસભર સૂત્રો બોલ્યા હતા, લાગ્યા રહો, કરતા રહો, કરતા રહો, સતત પ્રતિક્ષા કરો પણ પ્રયત્નો કયારેય અધવચ્ચે છોડો નહીં..

દીપક ચોપ્રા તેમનાં એક પુસ્તકમાં સફળતા વિશે છણાવટ કરતાં કહે છે : 'કામે લાગેલા રહો, ધીરજ અને ખંતપુર્વક. ધીમેથી પણ સાતત્યપુર્ણ પ્રતિક્ષા કરો અને કયારેય તેને છોડો નહીં. પછી આખી દુનિયા પણ તમારા પગમાં પડે છે. કોઈ વસ્તુને તમારા સુધી પહોંચતા કોઈ અટકાવી શકતું નથી. 'લગે રહો મુન્નાભાઈ' ને પોતાનો જીવનમંત્ર બનાવી દો..!'

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે:

'કામ કરતો જા, હાક મારતો જા..

કરેલું ફોગટ જતું નથી પરંતુ ફળની આશા વગર કામમાં લાગ્યા રહો..

તેનાં પરિણામ અંગે કોઈ વિચાર, ચિંતા ન કરો, ફકત કામ કરતા જાઓ.

અને તે પણ મનમાં 'કર્તાભાવ' રાખ્યા વગર. અહીં કર્મ છે પણ તેઓ કરનાર કોઈ 'હું' નથી. કૃતકર્મની ક્રિયા માત્ર રહે છે તો પછી કોઈ ચિંતા, વિચાર, ભય કઈ રીતે રહી શકે ? અને આવું ફળની અપેક્ષા કે જે માત્ર ચિંતન અવસ્થા જ છે. રાખ્યા વગર કર્મ કરવામાં જ પરમ આનંદમયતા છે.

અહીં ગીતામાં જેમ કૃષ્ણ નિષ્ક્રિય ન બનવા ઉપર ભાર આપે છે અને કહે છે.. પોતે સમગ્ર સૃષ્ટીના રચયિતા હોવા છતાં પણ તેમને કર્મ કરવું જ પડે છે. તે જ રીતે અહીં રાજચંદ્ર પણ ધીરજવાળો, ઉદ્યમ ચાલુ રાખવા (કોઈ ચિંતા વિચાર વગર) નો જ ઉપદેશ આપે છે. રમેશ બાલસેકર તેમનાં મોટા ભાગનાં પુસ્તકોમાં ગીતાના 'કર્મયોગ' ના આ સિદ્ધાંતને અનુસરવા માટે તેમના શિષ્યોને ઉપદેશ આપે છે. તેઓએ આધુનિક વિજ્ઞાન અને ગીતાના કર્મયોગે બંનેનો સમન્વય કરીને એક સરસ પુસ્તક લખ્યું છે. પેસ એન્ડ હાર્મોની ઈન ડેલી લીવીંગ તેમાં કર્મનો સિદ્ધાંત સમજાવતાં ભગવાન બુદ્ધના એક વાકયનો વારંવાર ઉલ્લેખ કરતાં કહે છે :

'કાર્યો આપમેળે થઈ રહ્યા છે, ક્રીયાઓ પણ અવિરત ચાલુ રહે છે, બધું બદલાયા કરે છે પરંતુ અહીં એવું કોઈ નથી કે જે આ કામો કે ક્રિયાઓ કરતું હોય કે

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

# કબજિયાતને દૂર કરવાની આયુર્વેદિક ટિપ્સ

**આરોગ્ય**

કબજિયાત હોવાનો અર્થ એ થયો કે તમારૂ પેટ સાફ નથી થયુ કે પછી તમારા શરીરમાં તરલ પદાર્થોની ઊણપ છે. કબજિયાત દરમ્યાન વ્યક્તિને તાજગી અનુભવાતી નથી. જો તમને લાંબા સમયથી કબજિયાત રહે છે અને તમે આ બીમારીનો ઈલાજ નથી કરાવ્યો તો આ એક ભયંકર બીમારીનું રૂપ લઈ શકે છે. કબજિયાત થવા પર વ્યક્તિને પેટ સંબંધી તકલીફો પણ થાય છે. જેવું કે પેટમાં દુ:ખવુ, વ્યવસ્થિત રૂપે તાજગી અનુભવવામાં પરેશાની થવી, શરીરમાંથી મળ સંપૂર્ણ રીતે ન નીકળવો વગેરે. કબજિયાત માટે પ્રભાવશાળી પ્રાકૃતિક ઉપાય ઉપરાંત આયુર્વેદિક સારવાર દ્વારા પણ તેને દૂર કરી શકાય છે.

કબજિયાતમાં આયુર્વેદિક નુસ્ખા - કબજિયાત થતાં વધુ માત્રામાં પાણી પીવાની સલાહ આપવામાં આવે છે. ડોક્ટર ગરમ પાણી પીવાની પણ સલાહ આપે છે. - કબજિયાતના રોગીને પાતળા તરલ પદાર્થ અને સાદુ ભોજન જેવું કે ઉપમા, ખિચડી વગેરે ખાવાની સલાહ આપવામાં આવે છે. - કબજિયાત દરમ્યાન ઘણી વાર છાતીમાં બળતરા થવા લાગે છે. આ પરિસ્થિતિમાં ખાંડ અને ઘીને મિક્સ કરીને ખાલી પેટે ખાવા જોઈએ. - લીલા શાકભાજી અને ફળો જેવા કે પપૈયુ, દ્રાક્ષ, શેરડી, જામફળ, ટામેટા, બીટ, અંજીર, પાલકનો રસ કે કાચી પાલક, કિશમિશને પાણીમાં પલાળીને ખાવ. રાત્રે મોટી દ્રાક્ષ ખાવાથી કબજિયાત દૂર કરવામાં મદદ મળે છે.

હકીકતમાં પાણી અને પાતળા પદાર્થોની ઊણપ કબજિયાતનું મુખ્ય કારણ છે. પાતળા પદાર્થોની કમીથી મળ આંતરડામાં સૂકાઈ જાય છે અને મળના નિકાલ માટે જોર લગાવવું પડે છે જેથી કબજિયાતના રોગીને ખાંસી થવા માંડે છે.

ડોક્ટર કબજિયાતને દૂર કરવા માટે મોટાભાગે ઈસબગુલ ખાવાની સલાહ આપે છે. ઈસબગુલને રાત્રે સૂતા પહેલા ગરમ દૂધમાં કે પાણીમાં મિક્સ કરીને પીવું જોઈએ. - ખાવામાં લીલા પાંદડાની શાકભાજી ઉપરાંત રેશેદાર શાકભાજીનું સેવન વિશેષરૂપે કરવું જોઈએ. જેનાથી શરીરમાં પાતળા પદાર્થોમાં વધારો થાય છે. - ચિકાશવાળા પદાર્થો પણ કબજિયાત દરમ્યાન

**અનુસંધાન પાના નં.૬ ઉપર**

**હોમીયોપેથીક**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

છ મહીના બાદ ગઠીયો વા સંપૂર્ણ મટી ગયેલ છે. આજે છ મહીનાથી સંપૂર્ણ દવા બંધ છે છતાં કોઈ જ તકલીફ નથી, સંપુર્ણ સારૂં છે.

ર. આજથી એક મહીના પહેલાં વડોદરાના દિપીકાબેન કે જેઓ વૈશાલી વડોદરામાં અભ્યાસ કરતી હોઈ તથા વૈશાલી તેની પાડોશી હોઈ વૈશાલીએ તેમની તકલીફની સઘળી માહિતી આપતાં તે રૂબરૂ આજથી એક મહીના પહેલાં આવેલાં. વૈશાલીને સંપુર્ણ મટી ગયેલ તેનાથી પ્રભાવિત થઈ આવેલા દીપીકાબેનને છેલ્લા એક વર્ષથી ગઠીયો વા હતો એટલું જ નહીં તેની સાથે આખા શરીરમાં ફરતો વા હતો. સવારે ઉઠે તો ચાલી શકાય નહીં, સાણસી પકડી શકાય નહીં, પ્યાલા રકાબીમાં ચા પી શકાય નહીં, વેલણથી રોટલી વણી શકાય નહીં તેની કેસ હીસ્ટ્રી લેતાં આખા શરીરમાં વાની અસર હતી. ગરદન હલાવી શકે નહીં, વાંકા વળી શકે નહીં, ખોરાક ખાવા જાય તો જડબું પણ હલાવી શકે નહીં તેઓને એકવીસ દીવસની સારવાર આપેલી, દવા લીધી બાદ પંદર જ દિવસમાં ફાયદો પણ થવા લાગ્યો. જડબાં દુખતાં બંધ થયાં, ગરદન સહેલાઈથી હલી શકે, આંગળીઓ સીધી થવા લાગી, એકંદરે સાઈઠથી સીત્તેર ટકા રાહત થઈ છે. આમ હોમિયોપેથીમાં શ્રદ્ધાથી દવા તેમજ સારવાર લેવામાં આવે તો સંપુર્ણ સારૂં થાય છે. હોમિયોપેથીમાં કયારેય પેઈન કીલર દવાઓ આપવામાં આવતી નથી. રાજકોટના ડૉ. આલાપ ધોળકિયા જુના હઠીલા રોગો માટે દર શુક્રવારે સવારે ૧૦ થી ૧ વ્રજ કોમ્પલેક્ષ પહેલે માળે, ત્રણ હનુમાન મંદિરના બાજુમાં, હાઈવે ડીસા મુકામે મળે છે.

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

**ડૉ. જગદીશ ધોળકિયા**
**ડૉ.આલાપ ધોળકિયા ડીસા**

**માનસ..**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

તેના માટે માત્ર તે જ જવાબદાર હોય !

તેઓ ડેસ્ટીની (નિયતિ) શબ્દ ઉપર ભાર આપે છે અને કહે છે.. બધું જ કર્મના નિયમ અનુસાર થતું રહે છે. જે કંઈપણ થાય છે તેના થવા માટેનું કારણ ભુતકાળમાં બની ગયું હોય છે અને તેમ છતાં (કાર્ય) થતાં તેને કોઈ અટકાવી શકતું નથી. કોઈપણ ઘટના ઘટવા માટેના સંજોગો પહેલાંથી ઘડાઈ ચુકેલા હોય છે.

કોઈપણ ખરાબ ઘટના માટે પોતાની જાતને જ માત્ર દોષિત ઠેરવવી બિલકુલ ઉચિત નથી. તે જ પ્રમાણે પોતાને નુકશાનકારક નીવડેલી કોઈ બાબતનો સંપુર્ણ દોષ માત્ર બીજી કોઈ વ્યક્તિ ઉપર નાખવાનું પણ ઉચિત નથી.ઘણાં બધાં કારણો મળીને કોઈ ઘટના ઘટતી હોય છે. સમગ્ર બ્રહ્માંડના સઘળા ભાગો અને નાનામાં નાના ભાગો પણ એકબીજાથી અનેક રીતે સંકળાયેલા હોય છે. તેના કોઈ અંશમાં થયેલો ફેરફાર સમગ્ર બ્રહ્મા-ડમાં સ્થિત દરેક અંશ પર પ્રતિ ફેરફાર નિર્મિત કરે છે. પછી કોઈ ઘટના માટે માત્ર પોતાને કે માત્ર બીજી કોઈ એક બે વ્યક્તિઓને જ શા માટે દોષિત ઠેરવવી ? તેમના ઉપદેશ મુજબ'તમે ફકત આ ક્ષણે થતી ક્રિયા કે કર્મ ઉપર સંપુર્ણ ધ્યાન માત્ર આપો અને તમારી પાસે જે શ્રેષ્ઠ વિકલ્પ હોય તે પ્રમાણે કરો.' સાથે સાથે ભુત ભવિષ્યને બિલકુલ ભુલી જાઓ.

**ડૉ. પ્રવિણ પટેલ**

**આરોગ્ય સંહીતા**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

જે પાછળથી જાન લેવા હુમલો પણ કરી શકે છે. ડેન્ગ્યુમાં તાવના લક્ષણો - ડેન્ગ્યુ મચ્છર કરડતા શરીરમાં તાવ આવવાની શરૂઆત થાય છે. શરીરમાં ખૂબ જ દુ:ખાવો રહે છે. દુ:ખાવો શરીરના સાંધાઓમાંથી શરૂ થાય છે. શરીરની માંસપેશીઓમાં પણ દુ:ખાવો રહે છે. - માથાની પાછળના ભાગમાં અસહ્ય દુખાવો થાય છે. જ્યારે ડેન્ગ્યુનો તાવ શરીરમાં ત્રણ-ચાર દિવસ સુધી રહે તો શરીર ઉપર દાણા જેવી ફોલ્લી અને ચાંઠો પડી જય છે. આ તાવ ચેપી હોતો નથી જેમ કે એકબીજાને અડવાથી આ રોગ થઈ શકે નહીં. આ રોગ મચ્છર કરડવાને કારણે જ થાય છે. ડેન્ગ્યુના સામાન્ય ઉપાય - સામાન્ય રીતે જ્યારે આપણને તાવ આવે છે તો પહેલા સામાન્ય દવા ખાઈએ છીએ. ડેન્ગ્યુનો તાવ હોય તો આપણે આ દવા ખાઈ શકતાં નથી. તેનાથી શરીરમાં નુકસાન થાય છે. સામાન્ય તાવની દવા લેવાથી શરીરની રક્તવાહિનીઓ ઓછી થવા માંડે છે. એટલા માટે તાવ ઉતારવા માટે પેરાસિટામોલ દવા ખાવી જરૂરી છે. - દર્દીને હવા-ઉજાસવાળો અને ચોખ્ખો રૂમ આપવો જોઈએ. પોષણયુક્ત ખોરાક આપો જેનાથી લોહી બની શકે. - સામાન્ય વ્યક્તિના શરીરમાં ૪૦ હજારથી લઈને ૩ લાખ પ્લેટલેટ્સ ક્યુબિકની વચ્ચે હોવી જોઈએ. શરીરમાં બહારથી જે પ્લેટલેટ્સ આપવામાં આવે છે તે ત્યાં સુધી કાર્યરત નથી થતાં કે જ્યાં સુધી શરીરમાં જાતે જ પ્લેટલેટ્સ પોતાની જાતે બનવા લાગે. ડેન્ગ્યુના દરેક તાવ ખતરનાક હોતો નથી. ખતરનાક ડેન્ગ્યુ તાવને હિમોરિજિક ફીવર એટલે કે ડીએચએફ કહેવામાં આવે છે. ડેન્ગ્યુથી બચવા શું કરશો

મચ્છર કરડવાથી બચવું એ તેનો પહેલો ઉપાય છે. તમારા ઘરની આસપાસ ગંદકી અને પાણી ભરાવા દેશો નહીં. મચ્છર ગંદકીને કારણે જ વધારે ફેલાય છે. જે વિસ્તારમાં ડેન્ગ્યુનો તાવ આવતો હોય તેવી જગ્યાએ બાળકોને આખી બાંયના કપડાં પહેરાવો. બાળકોને પગના મોજા જરૂર પહેરાવો. શરીરના લોહીમાંથી એક યુનિટ જેટલા પ્લેટલેટ્સ બહાર નીકળી જાય છે.

જ્યાં સુધી શરીર જાતે પ્લેટલેટ્સ બનાવવાનું ચાલુ કરતું નથી ત્યાં સુધી બહારથી આપવામાં આવે છે. ડેન્ગ્યુ તાવને માપવા માટે એક કિટનો ઉપયોગ થાય છે જે ૫૦૦થી ૮૦૦ રૂપિયા સુધીની આવે છે. બાળકો અને ટીનેજરને આ તાવ જલદી પકડી લેતો હોય છે. ડેન્ગ્યુ ફેલાવનાર મચ્છર મહિલાઓને મુકાબલે પુરૂષોને વધારે કરડે છે તેથી પુરૂષોને વધારો ખતરો છે. ડેન્ગ્યુનો તાવ ત્રણ લેવલમાં આવે છે. પહેલા લેવલમાં તાવ આવે છે. બીજા લેવલમાં ચામડી પર અસર થવા લાગે છે. અને ત્રીજા લેવલમાં શરીરમાંથી લોહી વહેલા લાગે છે. લોહી શરીરમાંથી ગમે તે જગ્યાએથી નીકળી શકે છે. તેથી જ જ્યારે પણ તમને તાવ આવે ત્યારે ટેસ્ટ કરાવવો જરૂરી બને છે.

કારણ કે શરૂઆતમાં તમને ખબર નહીં પડે કે આ કયો તાવ છે જ્યારે પાછળથી ટેસ્ટ કરાવો ત્યારે ડેન્ગ્યુનો તાવ છે તેની ખબર પડે છે. આ રોગ મચ્છર કરડે તેનાથી ફેલાતો રોગ હોવાથી ઘરમાં અને બહાર નકામો કચરો, પાણી અને ગંદકી કરવી ના જોઈએ. ગંદકી હશે તો મચ્છર પણ ત્યાં રહેશે અને બીમારી ફેલાશે.

**આરોગ્ય**

**અનુસંધાન ૫ નુ ચાલુ..**

લેવા ફાયદાકારક રહે છે. - ગરમ પાણી અને ગરમ દૂધ પણ કબજિયાત દૂર કરે છે. રાત્રે ગરમ દૂધમાં કેસ્ટનર એટલે કે દિવેલ નાખીને પીવું એ કબજિયાત દૂર કરવાનો અસરકારક ઉપાય છે. લીંબુના રસને પાણીમાં નાંખીને, દૂધમાં ઘી નાંખીને, ગરમ પાણીમાં મધ નાંખીને પીવાથી કબજિયાત દૂર થાય છે. સવારે ગરમ પાણી પીવાથી પણ કબજિયાત દૂર થવામાં ઘણી મદદ મળે છે. - અળસીના બીજનો પાવડર પાણીની સાથે લેવાથી કબજિયાત દૂર થવામાં મદદ મળે છે.

# સ્થૂળતા સાથે રોગપ્રતિકારક ક્ષમતાના સંબંધો છે: રિપોર્ટ

## રોગપ્રતિકારક ક્ષમતા ઘટી જવાના લીધે સતત થાક લાગે છે વારંવાર ઈન્ફેક્શન થાય છે, શરીરમાં દુખાવો રહે છે

કેટલાક લોકો વારંવાર બીમાર થઈ જાય છે અને નોકરી પર રજા પડી જાય છે. આડેધડ નોકરીમાં રજા પડવાના કારણે વ્યક્તિની પ્રતિષ્ઠા ઉપર માઠી અસર થાય છે.

વારંવાર બીમાર કેમ થઈ જવાય છે અને ઓફિસમાં રજા કેમ પડે છે તેને લઈને હાલમાં જ કરવામાં આવેલા એક નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે નબલી રોગપ્રતિકારક ક્ષમતાના લીધે વારંવાર વ્યક્તિ નાની મોટી બિમારીઓથી ઘેરાઈ જાય છે. રોગપ્રતિકારક ક્ષમતાને વધતી જતી સ્થૂળતા માઠી અસર કરે છે. રોગપ્રતિકારક ક્ષમતાને સ્થૂળતા ઘટાડે છે. સ્થૂળતા અને રોગપ્રતિકારક ક્ષમતા વચ્ચે સીધા સંબંધ રહેલા છે. હાલમાં જ કરવામાં આવેલા નવા રિસર્ચમાં જાણવા મળ્યું છે કે સ્થૂળતા અને નબળી રોગપ્રતિકારક ક્ષમતા વચ્ચે આંતર સંબંધો રહેલા છે. રીતે ઓછી રોગપ્રતિકારક ક્ષમતા ધરાવતા લોકો તાવ, શરદી ગરમી, અન્ય પ્રકારના ઈન્ફેક્શનો, હાથપગના દુખાવાથી પીડીત રહે છે. રોગપ્રતિકારક શક્તિ ઘટવાનો મતલબ એ છે કે વજન ઘટે છે. જુદા જુદા રોગો સામે લડવામાં સક્ષમ રોગપ્રતિકારક ક્ષમતા ઘટી જવાથી બિમારીઓ સંકંજો વધુ મજબૂત બનાવે છે. સાથે સાથે વહેલી તકે બિમારીમાંથી રિકવર થવામાં પણ સમય લાગે છે.

હાઈફેટનો મતલબ ઓછા આયુષ્ય સાથે સંબંધિત છે. સાથે સાથે સામાન્ય રીતે વય સંબંધિત બિમારીઓનો ખતરો વધી જાય છે.

બાયોલોજીકલ વયની સરખામણીમાં રોગપ્રતિકારક ક્ષમતાની કામગીરી વયની પ્રક્રિયા સાથે વધી સીધા સંબંધ ધરાવે છે. આનો મતલબ એ થયો કે જો તમારી વય ૫૦ વર્ષની છે અને રોગપ્રતિ-કારક ક્ષમતા મજબૂત છે તો બાયોલોજીકલ વય માઠી અસર કરશે નહીં. પુરુષો સામાન્ય રીતે મહિલાઓ કરતા ઊંચા મેટાબોલીક રેટ ધરાવે છે. હાર્મોનની આ સમતુલા અથવા માંદગીની પણ અસર થાય છે. ચોક્કસ દવાઓ, ખાસ કરીને સ્ટેરોઈડ વજન વધારવામાં ભૂમિકા ભજવે છે. સ્ટેરોઈડ અથવા કેટલીક એન્ટી ડિપ્રેશન સાથે સંબંધિત દવાઓ વધારે પડતું વજન વધારે છે. રોગપ્રતિકારક ક્ષમતા ઘટી ગઈ છે તે વાત કઈ રીતે જાણી શકાય તેવા પ્રશ્નોના જવાબમાં તબીબોનું કહેવું છે કે વધારે પડતો થાક, વારંવાર ઈન્ફેક્શન, શરીરમાં દુખાવા, ઘા ઝડપથી ઠીક ન થવાનો સમાવેશ થાય છે. સ્કીન ઈન્ફેક્શન, વેજીનીયર ઈન્ફેક્શન, લો ગ્રેડ ફિવર, વાર ખરી જવા જેવી બાબતો પણ રોગપ્રતિકારક શક્તિ ઘટવાનો સંકેત આપે છે.

### સામાન્ય ક્ષમતા કઈ રીતે વધે.....

ફ્રૂટ અને શાકભાજી વધારે પ્રમાણમાં લેવા જોઈએ

વિટામીન સી રોગપ્રતિકારક ક્ષમતાને વધારે છે

એનર્જી અને ઈમ્યુલિટીને વધારવા દરરોજ મલ્ટી વિટામીન લેવા જોઈએ

વિટામીન એ, સિલેનીયમ, ઝીંક, વિટામીન સી, વિટામીન ઈ જેવી ચીજો દરરોજ લેવી જોઈએ

ઈમ્યુલીટી પાવર વધારવામાં એન્ટી ઓક્સિડન્ટની મહત્વની ભૂમિકા છે

પ્રોસીસ્ડ ફૂડ જેવી વાનગી ટાળવી જોઈએ જેમાં કેક, હાઈફેક, માંસનો સમાવેશ થાય છે

પૂરતા પ્રમાણમાં વિટામીન લેવાની સલાહ, ડેરીની ચીજવસ્તુ, કઠોળમાં પૂરતા પ્રમાણમાં પ્રોટીનના સોસ છે

ગ્રીન ટી પણ રોગપ્રતિકારક ક્ષમતા વધારે છે.

**મન બિલોરી કાચ**

**અનુસંધાન ૫ નુ ચાલુ...**

પોતાના ઘણી આકર્ષિત કરવાની ધૂનમાં યુવતીઓ ક્યારેક તેની જાત માટે પણ મુશ્કેલીઓ ઉભી કરી દે છે.

ટીવી ચેનલોના ચીત્ર-વિચીત્ર કાર્યક્રમો પરથી શું શીખવું ને કેવી રીતે તેનો અમલ કરવો તેની સમજદારી કેળવવી અત્યંત જરૂરી છે.

અનૈતિક, અસામાજિક અને અધ:પતન નોંતરે અવી એક પણ વાત ટીવી પડદા સુધી જ સીમીત રહેવી જોઈએ એવી નકારાત્મક બાબતોને ટીવીમાંથી બહાર કાઢી આપણા ઘરમાં ના લવાય.ટીવીનો માત્ર નિર્દોષ મનોરંજન અને માહિતી મેળવવાના એક સાધન તરીકે સદૂપયોગ કરવો જોઈએ.પરિવારોના યુવા સદસ્યો ઉપર થતી ટીવીની નકારાત્મક અસરો ઓછી કરવા વડીલોએ જાગૃતિ દાખવવી પડશે.

યુવા વર્ગને સમજદારીપૂર્વક વર્તવાને અનુસરવાનું માર્ગદર્શન પણ આપવું પડશે.જો વડીલો ઉંઘતા રહી જશે તો યુવક યુવતીઓ વધુ પડતા જાગૃત થઈ જશે...!

**- મંજુ પ્રજાપતિ**

રખેવાળ ના માધ્યમથી તમારા લાડલાને અથવા સ્નેહીને જન્મદિન શુભેચ્છાઓ.....

**'જન્મદિન મુબારક' માં ભાગ લેવા આટલું કરો**

★ તમારા સ્નેહીને વિનામુલ્યે જન્મદિન-મુબારક પાઠવવાનો નીચેની કુપનમાં જણાવેલ વિગત જન્મદિવસ તારીખ અગાઉ એક સપ્તાહ પહેલાં મળી જાય તે રીતે મોકલી આપવું.

★'રખેવાળ' માં પ્રસિદ્ધ થયેલ કૂપન સિવાય અન્ય કાગળોમાં મોકલેલ વિગતો ધ્યાને લેવાશે નહીં.

કૂપન સાથે જન્મ તારીખના દાખલાની ઝેરોક્ષ અવશ્ય મોકલવી.

★ જન્મદિન મુબારકમાં જો આપ ફોટો છપાવવા ઈચ્છતા હોવ તો તે માટે ટીકીટ સાઈઝ ફોટા માટે રૂા. ૧૦૦/- તથા ૪ સે.મી. સાઈઝ ફોટો માટે રૂા. ૨૫૦/- ચાર્જ એડવાન્સ મોકલી આપવાના રહેશે.

**જન્મદિન મુબારક**

નામ :........................ પતિ/પિતા :........................
માતા : ........................જ.તા. ..................ઉ.વ.
પરિચય: ....................................................
સરનામુ : ....................................................
મોકલનારની સહી : ........................................

**ભાજપ શાસિત ...**

**પાના નં.૧ ચાલુ**

ઉક્તિ મુજબ મોદીના નામે પાલનપુરમાં પણ કેટલાય લોકો તરીને નગરસેવકપદ શોભાવી રહ્યા છે. ત્યારે તેઓ ફરીથી મોકો મળે કે ના મળે તેમ સમજી બહેતી ગંગામાં હાથ ધોઈ લેવાની માનસિકતા સાથે ભયમુક્ત બની ભ્રષ્ટાચાર આચરી ભાજપ અને મોદીની સ્વચ્છ ઈમેજને ધુમિલ કરી રહ્યા હોવાની રાવ ઉઠી છે. ત્યારે આગામી વિધાનસભાની ચૂંટણીને લઈને ભાજપ મોવડી મંડળ પણ ગાંધારીની ભૂમિકા ત્યજે તેવી લાગણી ખુદ ભાજપી કાર્યકરો વ્યક્ત કરી રહ્યા છે.

**વડાવળ પંથકમાં...**

**પાના નં.૩ ચાલુ**

તો વળી વરસાદના પગલે ખરીફ સિઝનના ઉભા પાકને ફાયદો થયો હોવાનુ ખેડુતો જણાવી રહ્યો છે. તો બીજી તરફ વરસાદના પગલે ગણેશોત્સવની ઉજવણી કરતાં આયોજકો માટે મુશ્કેલીઓ ઉભી થઈ રહી છે. જિલ્લાભરમાં ગણેશ મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. તેવા સમયે વરસાદ પડતાં ગણેશ મહોત્સવમાં રંગમાં ભંગ પણ પડી શકે છે. પણ બપોરના સમયે જોરદાર ઝાપટા બાદ હવામાન ખુલ્લુ થવા પામ્યું હતું. પણ હજુ આગામી દિવસોમાં વરસાદ થવાની શક્યતાઓ જોવા મળી રહી છે.

**ધાનેરામાં સ્વચ્છતા...**

**પાના નં.૩ ચાલુ**

આવેલ પગાર કેન્દ્ર પ્રાથમિક શાળાની પસંદગી કરીને તા.૨/૮/૨૦૧૭ થી તા.૯/૮/૨૦૧૭ સુધી કેમ્પ યોજીને શાળાની ભૌતિક સામગ્રી તથા દરેક રૂમમાંથી કાદવ-કીચડ વગેરેની સફાઈ કરેલ અને પુન:સ્થાપન કરવામાં અગત્યની ભૂમિકા ભજવી હતી.

**થરા ખાતે...**

**પાના નં.૩ ચાલુ**

ગઈકાલે થરા જલારામ મંદિરે સ્વચ્છતા અભિયાન સાથે પ્રદેશ ભાજપ કિશાન મોરચાના મહામંત્રી કિર્તીસિંહ વાઘેલા, ભાજપ અગ્રણી પૃથ્વીરાજસિંહ વાઘેલા, યશપાલસિંહ વાઘેલા, અમરતલાલ ઠક્કર, કનુભાઈ ઠક્કર, નિરંજનભાઈ ઠક્કર, ફકુભાઈ સાચોરા, ભારતીબેન સોની, તેજાજી ઠાકોર વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં સમાપન સમારોહ યોજાયો હતો.જેના પ્રોગ્રામ ઓફીસર ડો.નિરજ સિલાવટે સાત દિવસીય શિબિરાર્થીઓની કામગીરીનો અહેવાલ રજૂ કર્યો હતો.

કાર્યક્રમ દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની મન કી બાત કાર્યક્રમને સાંભળ્યો હતો.જેમાં "સ્વચ્છતા એજ સેવા" ના મહામંત્રને સાર્થક કરવા સંકલ્પ બધ્ધ બનવા સૌને અપીલ કરી હતી.અંતે કાર્યક્રમની આભાર વિધિ ડો.જગદીશચંદ્ર સાવલીયાએ કરી હતી.

**૪૫ દિવસમાં...**

**પાના નં.૩ ચાલુ**

તપસ્વીની બગ્ગી- બેન્ડ વિવિધ મંડળી અને સકલ શ્રી સંઘ હાજર રહેશે. આકાશમાંથી પુષ્પ વર્ષા પણ થશે. ૯:૦૦ વાગે ભાદરવા સુદ-૮ ના મુંબઈ રંગમંચના કલાકારો ગુજરાતના નાથ મહારાજા કુમારપાલનું ભવ્ય નાટક ભજવાશે. ત્યારબાદ તપસ્વીના સુવર્ણ સન્માન સંપ્રતિ મહારાજા બનીને થશે. ભાદરવા સુદ-૯ ના સવારે ૭:૩૦ કલાકે રજવાડા પારણા શ્રેણિક-મહારાજા કરાવશે. આ પ્રસંગે સુરતમાં બિરાજમાન તમામ પૂજ્યો પધારીને ભગવતી- સૂત્ર સપ્તાહમાં પ્રવચન ફરમાવશે.

**દીઓદરમાંથી ગૌશાળાના...**

**પાના નં.૩ ચાલુ**

પરંતુ થોડાક દિવસ અગાઉ અમારુ પાકીટ ખોવાઈ જતાં નાણાં ભીડ આવતાં ઉઝા ખાતેથી એક વડીલે અમોને ગૌદાન પેટી આપી હતી.જેથી અમે ગૌશાળાના નામે છેલ્લા ૧૦-૧૨ દિવસથી દાન ઉઘરાવતા હતા.જેમાં ૫૦ ટકા દાન અમે ગૌશાળામાં આપવાના હતા અને ૫૦ ટકા અમારે લેવાના હતા.

**થરાદમાં મસ્જીદના...**

**પાના નં.૮ ચાલુ**

સાથે દોડી આવ્યા હતા. મુસ્લીમ સમાજે પણ નગરમાં જળવાતી કોમી એકતા અને ભાઈચારની ભાવના ને ઠેસ પહોંચાડવાના ઈરાદે કૃત્યુ કરવામાં આવ્યું હોઇ તેની સામે પગલાં ભરવાની માંગણી પણ કરવામાં આવી હતી. આ બનાવની પોલીસમથકમાં અરજી પણ આપવામાં આવી હતી.

આ અંગે મુસ્લીમ સમાજના પ્રમુખ હાજીભાઈ એ જણાવ્યું હતુંકે પોલીસે મસ્જીદ તેમજ બાજુમાં મોટામહાવીરનું જીનાલય હોઇ તેમજ અત્યારે ગણપતિ મહોત્સવ તેમજ આગામી દિવસોમાં ઈદ સહિતના મુસ્લીમ તહેવારોને અનુલક્ષીને ભવિષ્યમાં આવી પ્રવૃતીઓ ન થાય તે માટે પોલીસ પોઈન્ટ અને પેટ્રોલીંગ કરવાની પણ ખાત્રી આપી હતી.જ્યારે મુસ્લીમ સમાજ દ્વારા પણ મસ્જીદના દરવાજે સીસીટીવી કેમેરા ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.તેમજ પોલીસ દ્વારા આ પ્રકારની હરકત કરનાર શખ્સને ઝડપી લેવા માટે પણ તમામ પ્રયાસો કરવાની ખાત્રી આપી હતી.નગરમાં બનેલા આ બનાવથી ચકચાર મચવા પામી હતી.બનાવના પગલે બહોળી સંખ્યામાં મુસ્લીમ સમાજના અગ્રણીઓ એકઠા થવા પામ્યા હતા.

**વાવ ખાતે શ્રી...**

**પાના નં.૮ ચાલુ**

ચૌધરી (કેન્દ્રીય મંત્રી લઘુઉદ્યોગ રાજ્ય કક્ષા), શંકરભાઈ ચૌધરી (મંત્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણ ગુ.સરકાર), મહંત અને રાજયસભાના સાંસદ શંભુનાથ ટુંડીયા મહારાજ, રાજ્યમંત્રી કેશાજી ચૌહાણ, જિ.પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે વાવ રાણા સાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણ તેમજ વિશાળ સંખ્યામાં મેઘવાળ સમાજના બંધુઓ અને રાજકીય અગ્રણીઓની ભૂમિપૂજનનો કાર્યક્રમ યોજી દીપપ્રાગટ્ય કરી એક સભા સંબોધવામાં આવી હતી. જે પ્રસંગે દાનવીર દાતાઓ તરફથી દાનની સરવાણીનો ધોધ વહ્યો હતો. જેમાં મહંત શંભુનાથ ટુંડીયાએ તેમની રાજ્યસભાની ગ્રાન્ટમાંથી રૂા. ૨૫ લાખ, શંકરભાઈ ચૌધરીએ તેમની ગ્રાન્ટમાંથી ૫ લાખ ઉપરાંત પોતાની રૂા. ૧૨ લાખ મળી કુલ ૧૬ લાખ તેમજ હરિભાઈ ચૌધરીએ પોતાની ગ્રાન્ટમાંથી રૂા. ૧૦ લાખ, વિજયભાઈ ચક્રવર્તીએ રૂા. ૧,૫૧,૦૦૦ ધારાસભ્ય પરબતભાઈ પટેલે રૂા. ૧,૧૧,૦૦૦ વાવ રાણા સાહેબ ગજેન્દ્રસિંહજી ચૌહાણે રૂા. ૫૧૦૦૦ જિ.પંચાયત પ્રમુખ દિનેશભાઈ દવે રૂા. ૫૧૦૦૦, ડૉ.દેવીકાબેન રૂા. ૧,૫૧,૦૦૦ ઉપરાંત વાવ સુઈગામ પંથકના મેઘવાળ સમાજમાંથી રૂા. ૧ કરોડ ૧ લાખ અને ૧૫ હજાર રૂપિયાની દાનની રકમ મળી હતી.

આ પ્રસંગે રાજયમંત્રી શંકરભાઈ ચૌધરીએ મેઘવાળ સમાજના વિકાસ માટે હરહંમેશા સાથ સહકાર આપવા તત્પર હોવાનું જણાવ્યું હતું રાજ્યમંત્રીની વાતને ઉપસ્થિત દરેક મિત્રોએ તાળીયોના નાદથી વધાવી લીધી હતી. વધુમાં કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરી અને રાજ્યસભાના સાંસદ શંભુનાથ ટુંડીયાએ પણ મેઘવાળ સમાજના વિકાસ અંગે તેમજ નવીન ઉભુ થનાર શૈક્ષણિક સંકુલમાં મેઘવાળ સમાજના બાળકો ભણી ગણીને હોંશિયાર બની પ્રગતિના સોપાનો સર કરે તેવું જણાવ્યું હતું. કાર્યક્રમનું સફળ આયોજન અને સફળ સંચાલન શ્રી અખંડ મેઘવાળ સમાજ વાવ- સુઈગામ તરફથી કરવામાં આવ્યું હતું. બપોરે ૧૨:૦૦ કલાકે શરૂ થયેલો કાર્યક્રમ બપોરે ૩:૦૦ વાગ્યા સુધી ચાલુ રહ્યો હતો.

**થરાદની નર્મદા...**

**પાના નં.૮ ચાલુ**

જેવાં ગામોમાં હજુ પણ ચારથી પાંચ કિમીના ઘેરાવામાં ભરાયેલાં પડ્યાંછે.જેના નિકાલનો અન્ય કોઇ વિકલ્પ નહી હોવાના કારણે સિંચાઇ વિભાગ દ્વારા થરાદની નર્મદાવિભાગની સાથે મળીને મુખ્ય નહેરમાં તેનો નિકાલ કરવામાં આવી રહ્યોછે.

આ પાણી તળીયે ચીકણી માટી અને લીલ સેવાળના કારણે શોષાવાને બદલે દિવસે દિવસે કોહવાઈને જાડું બની રહ્યુંછે.વળી તેમાં અસંખ્ય પશુઓના મૃતદેહો અને અન્ય પ્રકારની ગંદકીના કારણે કોહવાઈને તીવ્ર વાસ પણ મારી રહ્યુ છે.આ નર્મદાનું પાણીને પંપ વાટે ખેંચીને થરાદ નગરપાલિકા દ્વારા શહેરને અને પાણીપુરવઠા બોર્ડ દ્વારા તાલુકાનાં ૫૦ ગામોને પણ પીવા માટે આપવામાં આવી રહ્યુંછે.વળી તેમાં શુદ્ધિકરણના નામે બ્લીચીંગ પાવડર જ નાંખવામાં આવતો હોવાનું પણ ચર્ચાસ્પદ બનવા પામ્યું છે.

થરાદ શહેરના ઘરમાં આવતું પાણી પણ ડહોળું અને દુર્ગંધ વાળું હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. આથી આવું દુષિત અને ગંદું પાણી પીવાલાયક નહી હોવાથી પ્રજાના આરોગ્ય માટે ખતરનાક બિમારીઓનું કારણ પણ બની શકે તેમછે.આથી આ પાણીના નિકાલનો બીજો કોઇ વિકલ્પ ન હોયતો મુખ્ય નહેરના બદલે માયનોર કેનાલમાં નાખવામાં આવે તેવી માંગણી પણ ઊઠવા પામીછે.થરાદના પુર્વસુપ્રિન્ટેન્ડેન્ટ અને ખાનગી તબિબ ડૉ.કમલેશભાઇ એન્જીનીયરે આવા દુષીત પાણીથી પાણીજન્ય પેટના રોગો જેવાકે ઝાડા,ઊલટી,ટાઈફોઈડ,આંતરડાને લગતા, કોલેરા તથા મચ્છરજન્ય રોગો પણ થઇ શકેછ તેમ જણાવ્યું હતું.

**અંબાજી જતાં...**

**પાના નં.૮ ચાલુ**

ચહલ પહલ શરૂ થઈ ગઈ છે. ત્યારે આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ માર્ગો ઉપર રથ અને ધજાઓ સાથે પદયાત્રીઓ બોલ મારી અંબે જય જય અંબેના જયઘોષ સાથે પસાર થવા લાગશે. જેને લઈ પદયાત્રીઓની રાત- દિવસ સેવા માટે વિસામા કેન્દ્રો શરૂ થઈ રહ્યા છે. માંના ધામમાં જતા પદયાત્રીઓ માટે ચા- નાસ્તો, ભોજન, મેડીકલ સેવાઓ સહિતના વિસામા કેન્દ્રો અત્યારથી સજ્જ થઈ રહ્યા છે. ચાલુ વર્ષે વરસાદની મૌસમ હોવાના કારણે આયોજકો દ્વારા સંપૂર્ણ વૉટરપ્રુફ ટેન્ટ બાંધવામાં આવી રહ્યા છે. જેના પગલે પદયાત્રીઓને વરસાદમાં પણ આરામથી વિસામો કરી શકે તે માટે તમામ તૈયારીઓ આયોજકો દ્વારા કરવામાં આવી રહી છે.

# નરોડા ગામ કેસ અંગે નિર્ણય લેવા ચાર મહિનાની મહેતલ

નવીદિલ્હી

નરોડા ગામ સાથે સંબંધિત વર્ષ ૨૦૦૨ના ગુજરાત રમખાણ કેસમાં ટ્રાયલ અંગે ચાર મહિનામાં નિર્ણય કરવા ગુજરાતમાં નીચલી અદાલતને આદેશ કરવામાં આવ્યો છે. સુપ્રીમ કોર્ટ દ્વારા ગુજરાતમાં નિચલી અદાલતને સૂચના આપવામાં આવતા કાયદાકીય નિષ્ણાતોમાં ફરી એકવાર આની ચર્ચા શરૂ થઇ ગઇ છે. ચીફ જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચને માહિતી આપવામાં આવી હતી કે, આ મામલામાં ટ્રાયલ પ્રગતિમાં છે. રાજ્યમાં ખાસ અદાલત દ્વારા ડિફેન્સ પુરાવાની નોંધણી કરવામાં આવી રહી છે. બે મહિનામાં ડિફેન્સ સાક્ષીઓના પુરાવા નોંધી લેવા માટે નીચલી કોર્ટને સૂચના આપી દેવામાં આવી છે. બાકી રહેલા ડિફેન્સ સાક્ષીઓના પુરાવાની નોંધણીની પ્રક્રિયાને ઝડપથી પુરી કરવા માટે કહેવામાં આવ્યું છે. જસ્ટિસ એએમ ખાનવીલકર અને ડીવાય ચંદ્રચુડની બનેલી બેંચે કહ્યું હતું કે, તમામ સંજોગો હેઠળ અમને આશા અને અપેક્ષા છે કે, ટ્રાયલ કોર્ટ ચાર મહિનાની અંદર મામલામાં તેનો ચુકાદો આપવાની સ્થિતિમાં આવી જશે.

# ૧૭મીએ મોદી નર્મદા યાત્રામાં ભાગ લેવા માટે આવશે

ગાંધીનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૧૭મી સપ્ટેમ્બરના દિવસે ગુજરાતમાં નર્મદા યાત્રામાં હાજરી આપવા માટે પહોંચે તેવી શક્યતા છે. આની તૈયારી પણ શરૂ કરવામાં આવી છે. ગુજરાતના વિધાનસભાની ચૂંટણી પણ આ વર્ષે મોડેથી યોજાનાર છે. આવી સ્થિતિમાં મોદીની તેમના વતન રાજયની મુલાકાતને મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. નર્મદા મહોત્સવ યાત્રામાં ભાગ લેવા માટે મોદી પહોંચનાર છે. છઠ્ઠી સપ્ટેમ્બર અને ૧૫મી સપ્ટેમ્બર વચ્ચે રાજ્ય સરકાર યાત્રા યોજના છે. આ યાત્રા શરૂઆતમાં જુલાઈ અને ઓગસ્ટમાં યોજવાનીતૈયારી હતી પરંતુ ગુજરાતમાં ભારે વરસાદ અને પુરની સ્થિતિના કારણે કાર્યક્રમને મોકૂફ કરવામાં આવ્યો હતો. ભાજપ સરકાર યાત્રા દરમિયાન રાજ્યભરમાં ૮૦ રથ લઈને ફરનાર છે. ગામો અને શહેરોને આવરી લેવામાં આવશે. નર્મદા પ્રોજેક્ટના લાભ, સરકારની જુદી જુદી યોજનાઓના લાભ લોકો સુધી કઈરીતે પહોંચ્યા છે તે અંગેની માહિતી આપવા માટે આનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદીએ છેલ્લે ૨૫મી જુલાઈના દિવસે ગુજરાતની મુલાકાત લીધી હતી તે વખતે મોદીએ પુરગ્રસ્ત ઉત્તર ગુજરાતની મુલાકાત લીધી હતી અને ૫૦૦ કરોડની સહાયતાની જાહેરાત કરી હતી. નર્મદા બંધની પૂર્ણાહૂતિની ઉજવણી કરવા માટે ભાજપ દ્વારા આક્રમક તૈયારી કરવામાં આવી છે. જો કે, ભારે વરસાદના કારણે અગાઉની તૈયારીઓ ધોવાઈ ગઈ હતી. રાજ્યસરકારમાં રહેલા સુત્રોએ કહ્યું છે કે, હવે ફરીવાર આયોજન કરવામાં આવી રહ્યું છે. એક અગ્રણી અંગ્રેજી અખબારે આ અંગેના અહેવાલ પ્રકાશિત કર્યા બાદ ભાજપના અન્ય કાર્યકરોમાં પણ મોદીના આગમનને લઇને તૈયારીઓ કરાઈ છે. સાથે સાથે ભાજપના કાર્યકરોમાં અભૂતપૂર્વ ઉત્સાહ પણ વધે તેવા સંકેત દેખાઈ રહ્યા છે.

# અમદાવાદ એરપોર્ટ પરથી ૮૧ લાખનું સોનુ ઝડપાયુ

અમદાવાદ

અમદાવાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી આજે શારજાહથી આવેલા પેસેન્જર પાસેથી આશરે રૂ.૮૧ લાખની કિંમતના ત્રણ કિલો સોનાના જથ્થો મળી આવતાં જબરદસ્ત ચકચાર મચી જવા પામી હતી. અન્સારી અબ્દુલ મહંમદ ઈસ્માઈલ નામનો શખ્સ શારજાહથી અમદાવાદ આવતી ફલાઇટમાં આવ્યો હતો અને કસ્ટમ ઓથોરીટીએ બહુ મોટા ઓપરેશનમાં તેની પાસેથી ત્રણ કિલો સોનુ જપ્ત કરી તેને ઝડપી લીધો હતો.

કસ્ટમ અધિકારીઓએ આ શખ્સ સોનું કયાંથી અને કેવી રીતે લાવ્યો તેમ જ કયાં લઇ જવાનો હતો તે સહિતના મુદ્દે પણ ઝીણવટભરી તપાસ અને પૂછપરછ હાથ ધરી છે. અમદાવાદ એરપોર્ટ પર આજે પેસેજન્જરોના માલ-સામાનના ચેકીંગ ચાલી રહ્યા હતા એ વખતે શારજાહથી આવેલા શખ્સની હરકત શંકાસ્પદ જણાતાં કસ્ટમ અધિકારીઓએ તેને અલગ બોલાવી તપાસ અને ચેકીંગ કર્યા હતા, જે દરમ્યાન તેની પાસેથી રૂ.૮૧ લાખની કિંમતનું ત્રણ કિલો સોનું મળી આવતાં કસ્ટમ અધિકારીઓ પણ ચોંકી ઉઠયા હતા. અધિકારીઓએ આ શખ્સની પૂછપરછ કરતાં તે શારજાહથી અમદાવાદની ફલાઇટમાં આવ્યો હતો.

Website : www.rakhewaldaliy.com
E-mail : rakhewal@gmail.com
મહેસાણા, પાટણ, રાધનપુર, સિધ્ધપુર, ચાણસ્મા, ઉંઝા, વિસનગર, હિંમતનગર, ખેડબ્રહ્મા
રખેવાળ


## રાધનપુર તાલુકાના નાયનવાડાના પૂરગ્રસ્તો સહાયથી વંચિત

પ્રતિ. રાધનપુર

રાધનપુર તાલુકાના નાયનવાડા ગામમાં ૧૦૦ જેટલા ઘરોમાં પૂરના પાણી ભરાઈ ગયા હતા અને અમુક ઘરોમાં તો આજે પણ પાણી ભરાયેલા છે.તેમ છતાં ગામના મોટા આગેવાનો ઘરવખરીની સહાય ચૂકવવા ના દેતા હોવાથી આ પરિવારજનોએ ઉગ્ર આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે અને સર્વે કરાવીને ઘરવખરી ચુકવવા રજૂઆત કરી છે.ગામના સરપંચ ધ્યાન ના આપતા હોવાના આક્ષેપ કરાયા છે.

## રાધનપુરમાં ગણપતિ મહોત્સવની ધૂમ




પ્રતિ. રાધનપુર

રાધનપુરમાં ગણપતિ મહોત્સવની ધૂમ જોવા મળી રહી છે.શહેરના અનેક વિસ્તારોમાં ભગવાન ગણેશજીની સ્થાપના કરીને પૂજા-અર્ચના કરવામાં આવી રહી છે.કોલેજ રોડ ઉપર જલારામ સત્સંગ મંડળ દ્વારા જલિયાણા યુવક મંડળ આયોજિત તેમજ રામદેવ ટાઉનશીપના રહીશો દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે.અને ધર્મસભર કાર્યક્રમો યોજાય છે.

## રાધનપુર તાલુકાના દેવ ગામે હિમજા માતાને મોરપીંછનો શણગાર




પ્રતિનિધિ રાધનપુર

રાધનપુર તાલુકાના દેવ ગામે ઐતિહાસિક હિમજા માતાજીના મંદિરમાં રવિવારે ભાદરવી સુદ છઠ્ઠના દિવસે હિમજા માતાજીનો જન્મદિવસ હોવાથી માતાજીને મોરપીંછના શણગાર કરવામાં આવે છે.અને નવચંડી યજ્ઞનું આયોજન પણ કરવામાં આવનાર છે.આ પ્રસંગે દુર દુરથી ભક્તજનો દર્શનાર્થે આવીને માતાજીને હેપી બર્થ ડે કહે છે.મંદિરના પૂજારી મૌલિકભાઈ ત્રિવેદીના જણાવ્યા મુજબ સમગ્ર ભારતભરમાં હિમજા માતાજીના પચ્ચીસ મંદિર છે અને હિમજા માતાજીએ પાર્વતીનું સ્વરૂપ કહેવાય છે.

## રાધનપુર-સાંતલપુર તાલુકામાં વિસનગરની કોલેજ દ્વારા સહાય




પ્રતિ. રાધનપુર

રાધનપુર અને સાંતલપુર તાલુકાના પુરગ્રસતોની વહારે વિસનગરની એસ.આર.પટેલ એન્જીનીયરીંગ કોલેજ આવી હતી.કોલેજના અયોજકો-સંચાલકો દ્વારા વિદ્યાર્થીઓને દફતર, પાંચ નોટબુક અને કંપાસની ૧૫ હજાર કીટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.રાધનપુર તાલુકાના સિનાડ, સરદારપુરા, ભાડિયા, નવાવાસ, વડનગર, બાદરપુરા, મધાપુરા, શાહપ-ુર, જવાહરનગર, કુંતાસરી, નવા અમીરપુરા, શબ્દલપુરા સહિતના ગામોના ધો-૧ થી ૮ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટ અર્પણ કરી હતી.આ ઉપરાંત મદદરૂપ બનનાર ભેમાભાઈ ચૌધરીનું મોમેન્ટ આપીને સન્માન કરવામાં આવ્યુ હતુ.

## પાટણ ખાતે આજે આઈકોનીક બસ પોર્ટનું ખાતમુહુર્ત

પાટણ

પાટણ ખાતે જુનું એસ.ટી. બસ સ્ટેશનની જગ્યાએ પીપીપીના ધોરણે નવું આઇકોનીક બસ પોર્ટ બનશે.ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમ અને કતિરા કન્સ્ટ્રકશન લી. તેમજ સી.સી.ઇ.એલ, ભુજ દ્વારા પબ્લીકપ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી)ના ધોરણે રૂ. ૭૭.૩૮ કરોડના ખર્ચે નિર્માણ થનાર આઇકોનીક બસ પોર્ટનુંખાતમુહુર્ત રાજયના નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના હસ્તે થનાર છે.આઇકોનીક બસ પોર્ટના ખાતમુહુર્તનો કાર્યક્રમ તા. ૨૮ ઓગસ્ટ-૨૦૧૭ના સોમવારના રોજ બપોરે ૧૨.૦૦કલાકે એસ.ટી. ડેપો, પાટણ ખાતે યોજાનાર છે.આ કાર્યક્રમમાં મહેસુલ અને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમારઠાકોર, વાહન વ્યવહાર વિભાગના રાજયકક્ષાના મંત્રી વલ્લભભાઇ કાકડિયા, સંસદીય સચિવ રણછોડભાઇ દેસાઇ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. સાંસદશ્રી લીલાધરભાઇ વાઘેલા, એસ.ટી. નિગમના ડીરેકટર સર્વભરતભાઇ આર્ય, ભગવાનદાસ પંચાલ, દિનેશભાઇ અનાવાડીયા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે, તેમ એસ.ટી. મહેસાણાના વિભાગીય નિયામકની એક યાદીમાં જણાવ્યું છે.

## મીઠા ગામે સામાજિક બાબતની તકરારમાં શખ્સ પર છરીથી હુમલો

મહેસાણા

મહેસાણાના મીઠા ગામ ખાતે સામાજિક બાબતની તકરારમાં એક શખ્સ પર ઉશ્કેરાઈ જઈને છરીથી હુમલો કરી ઈજા કરવામાં આવી હતી.જયારે ત્રણ અજાણ્યા શખ્સોએ ગડદાપાટુનો માર મારતાં ચકરાર મચી જવા પામી છે.આ અંગે ચાર આરોપી સામે સાંથલ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાતા પોલીસે તપાસ હાથ ધરી છે.

જાણવા મળતી વિગતો અનુસાર મહેસાણાના નુગરના ગમાનભાઈ રબારીએ અમદાવાદના ખરોજ ખોડીયાર ખાતે રહેતા બાબુલાલ મુળજીભાઈ રબારી તથા અન્ય ત્રણ શખ્સો સામે ફરીયાદ નોંધાવી છે.

ફરીયાદમાં જણાવ્યા અનુસાર આરોપી બાબુભાઈ રબારી ફરીયાદી ગમાનભાઈના બનેવી થાય છે.ગમાનભાઈ રબારીની દિકરીના સંબંધ અંગે આરોપીએ તેમના કાકાના દિકરા સાથે સંબંધ કરવાનું કહેતા ગમાનભાઈએ કહેલ કે દિકરી હજુ નાની છે અને ભણે છે તેથી ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈને છરીથી હુમલો કર્યો હતો.જયારે ત્રણ અજાણ્યા ઈસમોએ ગડદાપાટુનો માર મારતાં સાંથલ પોલીસે તપાસ હાથ ધરી છે.

## રાધનપુરમાં ગરબાની રમઝટ સાથે ગણપતિ બાપાની સ્થાપના




પ્રતિ. રાધનપુર

રાધનપુર શહેરમાં શુક્રવારના દિવસે ગણેશચતુર્થીના પાવન પ્રસંગે ગરબાની રમઝટ સાથે ગણપતિ બાપ્પાની સ્થાપના કરવામાં આવી હતી.શહેરના ક્રિષ્ના બંગ્લોઝ અને ક્રિષ્ના હેરીટેઝના રહીશોએ સંયુક્ત રીતે બાપ્પાની સ્થાપના કરી હતી.પ્રોફેસર ચિરાગ રાવલે સ્થાપના વિધિ કરી હતી.શુક્રવારે રાત્રે આનંદનો ગરબો અને ગરબાની રમઝટ વચ્ચે પૂજા-અર્ચના થઈ હતી.જયારે શનિવારે સુંદર કાંડ રાખવામાં આવેલ છે.અને રવિવારે વાજતે ગાજતે બાપ્પાનું વિસર્જન કરવામાં આવશે.આ પ્રસંગે મહિલા મંડળના સદસ્યો હિના ખેતાણી, રિનલ ઠક્કર, કવિતા ભટ્ટ રાવલ, નિલમબેન ઠક્કર, મિનાક્ષી ઠક્કર, સંગીતા સિંહા સહિતે સમગ્ર ગણેશોત્સવનું આયોજન કર્યુ છે.આ ઉપરાંત પરા યુવક મંડળ દ્વારા પરા વિસ્તારમાં લાલબાગમાં વલ્લભનગરમાં તેમજ શહેરના અનેક મહોલ્લા-સોસાયટીઓમાં ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવનાર છે.

## પાટણમાં હજારો પાટીદારોની ઉપસ્થિતિમાં યોજાયેલ ''એક શામ શહીદો કે નામ'' કાર્યક્રમ

ચાણસ્મા

પાટીદાર અનામત આંદોલનને ૨ વર્ષ પૂર્ણ થતાં ઉત્તર ગુજરાતના પાટણ ખાતે શુક્રવારે રાત્રે યોજાયેલા ''એક શામ શહીદો કે નામ'' કાર્યક્રમ તળે પાટીદારોએ વિશાળ શક્તિ પ્રદર્શન કર્યુ હતું. અંદાજે ૨૦ થી ૨૫ હજાર પાટીદારોની જનમેદની વચ્ચે પાસના નેતા હાર્દિક પટેલ અને એસપીજીના નેતા લાલજી પટેલે એક મંચ પરથી સરકારને લલકાર કર્યો હતો કે પાટીદારોને અનામત માટે બંને સંગઠનો એક જ છે. અનામત માટે બલિદાન આપનારા પાટીદાર શહીદોનું બલિદાન એળે નહીં જવા દઈએ, તેમ કહી સમાજને અનામત હક્ક મળે તે માટે આંદોલનને વિધાનસભાની ચૂંટણી પહેલાં આક્રમક મોડમાં લઈ જવા હાકલ કરી હતી. શુક્રવારે રાત્રે પાટણના પ્રગતિ મેદાનમાં ખિચોખિચ ભરેલી જનમેદનીએ આંદોલનમાં શહીદ ૧૪ પાટીદારો તેમજ દેશની રક્ષા કરતા કરતાં શહાદત પામેલા જિલ્લાના ૪ શહીદોના પરિવારોનું સન્માન કરી યથાયોગ્ય સહયોગ આપ્યો હતો. સાથે મીણબત્તી પ્રગટાવી શહીદોને શ્રદ્ધાંજલી આપી હતી. આ પ્રસંગે પાસના પ્રવક્તા વરુણ પટેલ, દિનેશ બાંભણિયા, કેતલ પટેલ, ચિરાગ પટેલ, નિલેશ સેરવાડિયા, રાષ્ટ્રીય પાટીદાર મિશન- નવી દિલ્હીના પ્રણેતા જંગબહાદુર પટેલ, પાટણ જિલ્લા પાસ કન્વીનર ડૉ.કિરીટ પટેલ સહિતના આગેવાનોએ સભાને સંબોધન કર્યુ હતું.

આ તકે હાર્દિક પટેલે જણાવ્યું કે, અમદાવાદની જેમ પાટણના કાર્યક્રમને પણ નહીં થવા દેવા ઘણા દબાણો કર્યા, ડૉ. કિરીટભાઈ સામે અગાઉના કેસો ખોલવાની ધમકીઓ પણ આપી છતાં કાર્યક્રમ થઈને રહ્યો. આપણા આંદોલનને તોડવાના પ્રયાસે આપણા જ કહેવાતા ભાઈઓ- રાજકારણીઓ દ્વારા થઈ રહ્યા છે. પણ આપણને અનામત જોઈએ છે એટલે લડત તો આપવી જ પડશે. પાછા પડીએ તો માનું ધાવણ લાજે. રાક્ષસી સરકાર સામે લડવાના કોઠા મેં જેલમાં બેઠાં બેઠાં શીખ્યાં છે. હાર્દિકે કહ્યું કે, ૨૮ મી એ નીતિન પટેલ અને ભુપેન્દ્રસિંહ ચુડાસમા પાટણ આવી રહ્યા છે. ત્યારે બહેનો તમારા હથિયારો સજાવી દો. આપણા ૧૪૪ પાટીદારો હજુ જેલમાં છે. તેમને બહાર કાઢવા અને અનામત લેવા હું અને લાલજીભાઈ એક જ છીએ.

જયારે એસપીજીના અધ્યક્ષ લાલજી પટેલે પણ આક્રમક વલણ અપનાવતાં જણાવ્યું કે, દરેક પાટ-ીદાર એક- એક સરદાર છે. કડવા અને લેઉવાના ઝેર હવે અમૃત થઈ ગયા છે. આ સભામાં પાટણ શહેર-જિલ્લા ઉપરાંત મહેસાણા, બનાસકાંઠા સહિતના ગ્રામ્ય વિસ્તારમાંથી ખૂબ મોટી સંખ્યામાં લોકો સ્વખર્ચે અને સ્વયંભૂ ઉમટી પડ્યા હતા. સભાના આરંભે પાટણના પ્રો.ડૉ.કિરીટ પટેલે શહીદોના પરિવારોને સન્માન કરી સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમ ખૂબ જ શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થયો હતો. પોલીસ સહિતના તંત્ર દ્વારા બંદોબસ્ત જાળવવામાં આવ્યો હતો.

## રૂા.૭ લાખની સોપારી ભરેલ ટ્રકની લુંટ ચલાવનાર ૪ ઈસમોને ઝડપતી મોડાસા પોલીસ



મોડાસા

પોલીસ મહા નિરીક્ષક-ગાંધીનગર વિભાગની સૂચના મુજબ પોલીસ અધિક્ષક કે.એન. ડામોર (અરવલ્લી જિલ્લા) તરફથી હાઈવે લૂંટના વણ શોધાયેલ ગુન્હા શોધી કાઢવા તથા બીજા ગુન્હા બનતા અટકાવવા સારું નાઈટ પેટ્રોલિંગ તેમજ વાહન ચેકિંગ નાકાબંધીની કામગીરી તા.૨૪/૮/૨૦૧૭ થી પ્રારંભ કરી હતી.દરમ્યાન ભેરૂન્ડા ગામની સીમમાં એક શંસ્કાસ્પદ ડાલામાં સોપારીનો જથ્થો લઈ ચાલક સતારભાઈ ઉર્ફે કાળુ માંગુભાઈ મુલતાની (રહે.ચાંદ ટેકરી, મોડાસા) તથા બીજો ઈસમ સમીરભાઈ સાબારભાઈ મુલતાની(રહે.ચાંદ ટેકરી, મોડાસા) તથા અન્ય આરોપીઓએ સાથે મળી વલસાડ જિલ્લાના પારડી પોલીસ સ્ટેશનની હદમાંથી સોપારી ભરેલી ટ્રકની લુંટ ચલાવી ભાગી ગયા હતા. જે બાબતે પોલીસ સ્ટેશને ફ.ગુ.ર.નં.૧૧૨/૧૭ થી ગુનો દાખલ કરવામાં આવેલ.

જે લુંટના મુદ્દામાલ પૈકી સતારભાઈ તથા સમીરભાઈ પાસે ગતરોજ સોપારીના ૧૮ કોથળા મળી આવતા પકડાયા હતા. પોલીસે તેમની પુછપરછ દરમ્યાન લુંટનો બીજો મુદ્દામાલ મોડાસાના સુકા બજારમાંથી તથા મોડાસા માર્કેટમાંથી કબ્જે લીધો હતો.જયારે બીજો મુદ્દામાલ સહ આરોપીઓએ મળી હિંમતનગર નજીક ઈલોલ ગામે રહેતા નજીરભાઈ ગુલાલરસમ બેલીમ તથા તાજપુરાના આશીફભાઈ મોસીનભાઈના ઘરે મળી આવેલ.આમ જુદી જુદી જગ્યાએથી સોપારીના કુલ ૫૪ કોથળા કિંમત રૂા.૭,૦૨,૦૦૦ તથા જી.જે.૭બી ડબલ્યુ ૭૪૭૦ નંબરની બોલેરા ગાડી(કિં.રૂા.૪ લાખ) મળી કુલ રૂા.૧૧,૦૨,૦૦૦ નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લેવામાં આવેલ.તેમજ કલમ ૪૧(૧)(ડી)મુજબ ઉપરોક્ત ૪ ઈસમોની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## પાટણ જિલ્લા ભાજપ સોશિયલ મિડીયાના પદાધિકારીઓની કરવામાં આવેલ નિયુક્તિ

પાટણ

જિલ્લા સંગઠન પ્રભારી મયંકભાઈ નાયક તથા જિલ્લા ભાજપ પ્રમુખ મોહનભાઈ પટેલની અનુમતીથી, જિલ્લા ભાજપ મહામંત્રી દશરથજી ઠાકોર, પ્રવિણભાઈ ઠક્કર તથા ભાવેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ, જિલ્લા સોશિયલ મિડીયાના પદાધિકારીઓ અને વિધાનસભા ઈન્ચાર્જોની આજરોજ નિયુક્તિ કરવામાં આવે છે. એમ જિલ્લા ભાજપ કાર્યાલય મંત્રી નવીન પ્રજાપતિ અખબારી યાદીમાં જણાવે છે.

સોશિયલ મિડીયાના જિલ્લાના પદાધિકારીઓ

ઈન્ચાર્જઃ- ૧. રાવલ અર્પિત-કુમાર રસિકલાલ (મોટી પીંપળી), ૨. પટેલ રાગીણીબેન મહેન્દ્રભાઈ (બિલીયા), ૩. નાયી શૈલેષકુમાર બાબુલાલ (વામૈયા), ૪. પટેલ બ્રિજેશ જયંતીલાલ (ચાણસ્મા શહેર).

સભ્યોઃ- ૫. દવે કપિલ હસમુખભાઈ (સિધ્ધપુર શહેર), ૬. ઝાલા નરેન્દ્રસિંહ ગુલાબસિંહ (સંખારી), ૭. ઝુલા પરીક્ષીતદાન ઘનશ્યામદાન (રોઝુ), ૮. રાવલ વિશાલકુમાર નટવરલાલ (રાધનપુર તાલુકો), ૯.ઠાકોર અલ્કેશકુમાર ગાનાજી (રાવિન્દ્રા), ૧૦. જાદવ હસમુખભાઈ (ગોધાણા), ૧૧.પટેલ હર્ષદકુમાર અમૃતલાલ (ગાંગલાસણ),૧૨. પટેલ જલ્પેશ બી. (બાલીસણા), ૧૩. ઠાકર જગદીશભાઈ (હારીજ શહેર), ૧૪. ઠાકોર મુકેશજી ચેહુજી (શંખેશ્વર તાલુકો).

વિધાનસભા સીટઃ- ઈન્ચાર્જનું નામ

૧૬- રાધનપુરઃ- ઠાકોર ભરતભાઈ સોમાભાઈ સમી તાલુકો, જોષી પ્રહલાદભાઈ અંબારામભાઈ રાધનપુર શહેર, જાડેજા વિક્રમસિંહ જોરુભા સાંતલપુર તાલુકો.

૧૭- ચાણસ્માઃ- જોષી કૌશલકુમાર ભરતભાઈ શંખેશ્વર તાલુકો, પટેલ પરેશભાઈ વિષ્ણુભાઈ ચાણસ્મા શહેર, ગઢવી જીતુદાન હારીજ શહેર.

૧૮-પાટણઃ- રાઠોડ સુમિત રાકેશભાઈ પાટણ શહેર, પરમાર કેતનભાઈ પાટણ શહેર, દરબાર અર્જુનસિંહ એ. પાટણ તાલુકો.

૧૯- સિધ્ધપુરઃ- પાધ્યા હિરેનકુમાર અશોકભાઈ સિધ્ધપુર શહેર, બારોટ જય મહેન્દ્રભાઈ સરસ્વતી તાલુકો, ઠાકોર કનુજી જીતાજી સિધ્ધપુર તાલુકો.

## હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ ખાતે નમો ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાશે

પાટણ

માનવીય મુલ્યો સાથે ટેકનોલોજીના માધ્યમથી ઉચ્ચ શિક્ષણની ગતિને વધુ વેગવાન બનાવવા રાજયસરકાર દ્વારા કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને નમો ટેબલેટ આપવામાં આવે છે.હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના યુનિવર્સિટી સ્પોર્ટસ ગ્રાઉન્ડ ખાતે નમો ટેબલેટ વિતરણનો કાર્યક્રમ તા. ૨૮ ઓગસ્ટ-૨૦૧૭ સોમવારના રોજ સવારે ૯.૦૦ કલાકે રાજયના નાયબ મુખ્યમંત્રી નીતિનભાઇ પટેલના અધ્યક્ષસ્થાને યોજાનાર છે. આ કાર્યક્રમમાં મહેસુલ અને શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શ્રમ અને રોજગાર મંત્રી દિલીપકુમાર ઠાકોર, સંસદીય સચિવ રણછોડભાઇ દેસાઇ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહેશે, તેમ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ પ્રો. બી.એ.પ્રજાપતિની એક યાદીમાં જણાવ્યું છે.

## લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સનાં વિદ્યાર્થીઓ ખેલ મહાકુંભની તાલુકા કક્ષાની વોલીબોલ/ ચેસ સ્પર્ધામાં વિજેતા



પાટણ

આદર્શ વિદ્યાલય મુકામે ખેલ મહાકુંભની તાલુકા કક્ષાની વોલીબોલ સ્પર્ધા યોજાઈ ગઈ. તેમાં યુ-૧૪ માં ચાર ટીમો સાથે થયેલ સ્પર્ધામાં લોર્ડ ક્રિષ્ના સ્કુલ ઓફ સાયન્સની વોલીબોલ ટીમ તાલુકા કક્ષાએ વિજેતા બની જિલ્લા કક્ષાની સ્પર્ધામાં સ્થાન મેળવેલ છે. તે જ રીતે તા. ૨૪/૭/૨૦૧૭ નાં રોજ તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા લોર્ડ ક્રિષ્ના મુકામે યોજાઈ ગઈ. તેમાં જુદી જુદી શાળાના કુલ ૧૮૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો તેમાં ક્રિષ્ના સ્કુલનાં સૌથી વધુ કુલ ૭ વિદ્યાર્થીઓ તાલુકા કક્ષાએ વિજેતા બનેલ.

વોલીબોલમાં વિજેતાઃ- રિધેન મહેશભાઈ પટેલ, હેત જશવંતભાઈ પટેલ, ચિંતન જયપ્રકાશભાઈ પટેલ, રોનક રાજેન્દ્રભાઈ પટેલ, ભવ્ય હિતેષભાઈ પટેલ, રાજ ભાવેશભાઈ પટેલ, મનન રસિકભાઈ પટેલ, જયસિંહ વનરાજસિંહ ઝાલા, દેવ મયંકકુમાર પટેલ, પ્રિયંક ભગવાનભાઈ પટેલ, આયુષ મહેશભાઈ પટેલ, મયંક દિલીપભાઈ પટેલ.

ચેસમાં વિજેતાઃ- ફેમિના દિનેશભાઈ પટેલ, ફોરમ હિતેષભાઈ પ્રજાપતિ, ચેરિલ દિનેશભાઈ પટેલ, જૈમિન હરેશભાઈ પંચાલ, કુશલ અરવિંદભાઈ શાહ, ફોરમ હરેશભાઈ પટેલ, ઉત્સવ વ્રજેશકુમાર ચોક્સી.

તમામ સફળ વિદ્યાર્થીઓને શાળાના સ્પોર્ટસ ટીચર બળદેવભાઈ જોષી તથા ભરતભાઈ પટેલનું માર્ગદર્શન મળેલ. બાળકોને બિરદાવી શાળાનાં પ્રમુખ દિનાબેન પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી અમિતભાઈ પટેલ, ટ્રસ્ટી કે.પી. પટેલ, એલ.કે.પટેલ, ડી.એન. પટેલે પણ બાળકોને સ્પર્ધા માટે શુભકામના પાઠવી. માધ્યમિક ઉ.મા આચાર્ય કિશોરભાઈ રામી પ્રાથમિક આચાર્ય જગદીશભાઈ પંચાલ તથા અંગ્રેજી માધ્યમ આચાર્યા રીચાબેન દિવાને હાજર રહી બાળકોનો ઉત્સાહ વધાર્યો.

## માનદ વેતનમાં વધારો થતાં પાટણ જિલ્લાની આશા વર્કરોમાં ખુશીની લહેર પ્રસરી

પાટણ

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં૧૦૦૦ની વસ્તીએ ૧ આશા માનદ્ સેવાઓ આપતી હોય છે અને તેઓને તેમની કામગીરી માટે સેવાઓ મુજબ પેકેજ રૂપે ચુકવણુ થતુ હોય છે. જેમના દ્વારા આરોગ્યની જુદી જુદીસેવાઓની માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવે છે. આ રીતે આરોગ્ય વિભાગ અનેલોકો વચ્ચે કડી રૂપ કામગીરી કરવામાં આવતી હોય છે. તેમના દ્વારા અવાર નવાર સેવાઓની કામગીરી સામે મળતુ હોવાની રજુઆત સરકારશ્રીમાં કરવામાં આવતી હતી.જેના ભાગરૂપે માન.આરોગ્ય મંત્રીશ્રી અને આરોગ્ય વિભાગ દ્વારા તેમને મળતા વળતર સામે એપ્રિલ ૨૦૧૭ થી વધારો કરવામાં આવેલ છે. તેમજ વાર્ષિક ૨ જોડી સાડી અથવા ડ્રેસ પણ આપવા માટે જણાવેલ છે. જેથી તેમનામાં ખુશીની લહેર પ્રસરી ગયેલ છે અનેતેમના દ્વારા આરોગ્ય શાખા, જિલ્લા પંચાયત, પાટણ ખાતે આવી રાજેશરાજગુરૂ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડૉ.એસ. કે. મકવાણા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીને મળી રાજ્ય સરકારશ્રી અને આરોગ્યમંત્રી તેમજ આરોગ્ય વિભાગનો આભાર વ્યક્ત કરેલ અને જણાવેલ કે, મળવાપાત્ર વધારાને કારણે તેમના આનંદ અને ઉત્સાહમાં વધારો થયેલ છે અને તેમના દ્વારા કામ કરવાના જુસ્સામાં પણ વધારો થશેઅને જેના કારણે લોકોને વધુને વધુ ગુણવત્તાભર સેવાઓ આપવા માટેનો જુસ્સો જળવાઇરહેશે. આ પ્રસંગે સ્ટેટ કક્ષાએથી કામિનીબેન વાધેલા, ડી.વાય.પી.એમ. એ.આર.સી. પણ હાજર રહેલ.

## ચાણસ્મા ખાતે આજે એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ

પાટણ

પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે નવનિર્મિત એસ.ટી. બસ સ્ટેશનનું લોકાર્પણ કાર્યક્રમ તા. ૨૮ ઓગસ્ટ-૨૦૧૭ના સોમવારના રોજ સાંજના ૪.૦૦ કલાકે યોજાશે. આ કાર્યક્રમમાં શ્રમ અને રોજગાર વિભાગના મંત્રી દિલીપકુમાર ઠાકોર અને વાહન વ્યવહાર વિભાગના રાજયકક્ષાના મંત્રી વલ્લભભાઈ કાકડિયા ઉપસ્થિત રહેશે, તેમ એસ.ટી. મહેસાણાના વિભાગીય નિયામકશ્રીની એક યાદીમાં જણાવ્યું છે.

# પાલમાં સિદ્ધિતપના ૫૦૪ તપસ્વીઓના ઐતિહાસિક પારણા

**તપસ્વીઓની વિશાળ શોભાયાત્રાએ નગરમાં આકર્ષણ જમાવ્યું : વરસતા વરસાદ વચ્ચે તપસ્વીઓની ઠેર ઠેર અનુમોદનાની હેલી**





સુરત

દિક્ષા દાનેશ્વરી પૂજ્ય આચાર્ય ભગવંત ગુણરત્નસૂરીશ્વરજી મ.સા. અને પૂજ્ય આચાર્ય ભગવંત રશ્મિરત્નસૂરીશ્વરજી મ.સા.આદિ ઠાણાનું શ્રી પરમ જિન-ભદ્ર શાંતિ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ પાલ (સુરત)માં ચાતુર્માસ ઐતિહાસિક અને અવિસ્મણીય બની રહ્યું છે. પૂજ્ય ભગવંતોની પ્રેરણાથી સામુહીક સિદ્ધિતપનું આયોજન કરાયું છે. ૪૪ દિવસના ઉગ્ર તપમાં ૫૦૪ જેટલા વિક્રમી તપસ્વી રત્નો જોડાયાં છે. જે માત્ર સુરત જ નહીં પણ સંપૂર્ણ ભારત માટે અનુમોદનાનો અપુર્વ અવસર છે. તપસ્વી રત્નોની તપસ્યા શાતાપુર્વક સંપન્ન થતાં ગઈકાલે તા.૨૭-૮-૨૦૧૭ ને રવિવારે સવારે ૮ કલાકે વરસતા વરસાદમાં તપસ્વી રત્નોનો વિશાળ વરઘોડો શ્રી ૐકાર સૂરી ભવનથી પ્રસ્થાન પામ્યો હતો. જેમાં અભૂતપુર્વ જનમેદની જોડાઈ હતી. પાલખીમાં બિરાજમાન તપસ્વી રત્નોની ઠેર ઠેર અંતઃકરણથી અનુમોદના થઈ હતી. વરસાદની પરવા કર્યા વિના શ્રાવક-શ્રાવિકાઓ હજારોની સંખ્યામાં વરઘોડામાં જોડાયા હતા. જેથી ઠેર ઠેર ટ્રાફિક ચક્કાજામના દ્રશ્યો સર્જાયા હતા. શ્રદ્ધા ભક્તિના ઘુઘવતા પુર વચ્ચે વિશાળ વરઘોડો નગરના રાજ્યમાર્ગો ઉપર ફર્યો હતો. બાદમાં વરઘોડાનું ગુરૂ રામ પાવન ભૂમિ ખાતે સંપન્ન થયું હતું. ત્યારબાદ સવારે ૧૦ ક. તપસ્વીઓના સામુહિક પારણા અને બાદમાં બપોરે તમામનું ભવ્ય બહુમાન કરાયું હતું.

ઐતિહાસિક અવસરના લાભાર્થી ગુરૂભક્તિ સિલધરી નિવાસી માતુશ્રી જડાવદેવી મગનીરાજજી આતમાજી બાલક પરિવારનું પણ વિવિધ મંડળો દ્વારા ભવ્યાતિભવ્ય બહુમાન કરાયું હતું. આ વિરાટ આયોજનને પાલના તમામ મંડળો, વિવિધ યુવક મંડળોએ સુપેરે પાર પાડયું હતું.

# ડીસામાં ભારે વરસાદી ઝાપટુ પડતાં ઠેર ઠેર પાણીનો ભરાવો

ભરત સુંદેશા



**બપોર બાદ એકાએક વરસાદ તૂટી પડ્યો**

ડીસા

ડીસા શહેરમાં ગઈકાલે બપોરે આકાશમાં કાળા ડીબાંગ વાદળ છવાયા બાદ એકા એક ધોધમાર વરસાદ શરૂ થયો હતો.અંદાજે અડધો કલાક સુધી વરસેલા ભારે વરસાદી ઝાપટાના કારણે શહેરમાં ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

બનાસકાંઠા જિલ્લામાં એક મહિના અગાઉ જુલાઈ મહિલામાં અતિભારે વરસાદના પગલે પૂરની સ્થિતિ નિર્માણ થઈ હતી.જેમાંથી પોતે માંડ બેઠા થઈ રહ્યા છે.ત્યારે મેઘરાજાની સમયાંતરે ઝાપટારૂપે વરસાદ વરસી રહ્યો છે.

હવામાન વિભાગ દ્વારા આગામી ત્રણ દિવસમાં રાજ્યમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે.ત્યારે ગઈકાલથી જિલ્લામાં ફરી ચોમાસુ માહોલ છવાઈ રહ્યો છે.ત્યારે ગઈકાલે બપોરે ડીસા પંથકમાં ભારે વરસાદી ઝાપટુ પડતા ઠેર ઠેર માર્ગો ઉપર પાણીના વહેણ વહેવા લાગ્યા હતા. તેમજ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા.વરસાદનું જોર એટલુ બધું હતું કે હાઈવે ઉપર અવર જવર કરતા વાહન ચાલકો પણ અટવાઈ જવા પામ્યા હતા.જો કે અડધો કલાક બાદ ધોધમાર વરસાદ વરસ્યા બાદ ઉઘાડ નીકળ્યો હતો.બીજી તરફ વરસાદના કારણે ખેતી પાકોને ફાયદો થશે તેવુ ખેડૂતો જણાવી રહ્યા છે.

**સ્વાઇનફ્લૂના કહેર વચ્ચે**

# પાલનપુર સિવિલમાં રાષ્ટ્રીય સમુહગાન સ્પર્ધા યોજાઈ


સંજય જોષી

**સ્વાઇનફ્લૂની દહેશત વચ્ચે છાત્રોના જાહેર આરોગ્ય સાથે ખિલવાડ**

પાલનપુર

એકબાજુ સ્વાઇનફ્લૂએ રાજ્યભરમાં કહેર મચાવ્યો છે. ત્યારે બીજીબાજુ સ્વાઇન્ફ્લૂની દહેશત વચ્ચે પાલનપુર સિવિલમાં છાત્રોના જાહેર આરોગ્ય સાથે ખિલવાડ કરતો કાર્યક્રમ યોજવા માં આવ્યો હોવાની રાવ ઉઠી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સ્વાઇનફ્લૂની દહેશત વચ્ચે પાલનપુર સિવિલ હોસ્પિટલમાં રાષ્ટ્રીય સમૂહ ગાન સ્પર્ધા કાર્યક્રમ યોજાયો હતો. સિવિલના હોલમાં યોજાયેલા આ કાર્યક્રમમાં વિવિધ શાળાના બાળકોએ ભાગ લીધો હતો. સ્પર્ધામાં ભાગ લેવા આવેલા એકપણ છાત્ર કે આયોજકના મોઢા પર માસ્ક જોવા મળ્યો ન હતો.

સિવિલમાં હાલમાં ૪ પોઝેટીવ અને ૧૧ શંકાસ્પદ દર્દી સારવાર લઇ રહ્યા છે. ત્યારે સ્વાઈન્ફલૂના કહેર વચ્ચે સિવિલ કેમ્પસમાં કાર્યક્રમ યોજવાની મંજૂરી સામે પણ સવાલો ઉભા થયા છે.

સ્વાઈન્ફલુની દહેશત તળે કોઈપણ જાતના તકેદારીના પગલાં ભર્યા વિના બાળકોના આરોગ્યના જોખમે યોજાયેલા કાર્યક્રમને પગલે આરોગ્ય તંત્ર સહિત પ્રશાસન અને આયોજકો ની લાપરવાહી ચર્ચાની એરણે ચડી હતી.

**ભાભરમાં પરિવાર સુતો રહ્યો ને...**

# તસ્કરો રૂા.૩.૫૦ લાખના દાગીના ભરેલું પોકેટ ચોરી ગયા

**સાસરીમાંથી પિયર મળવા આવેલ બહેન રાત્રે પોતાના દાગીના એક પોકેટમાં ભરીને સુતી હતી**


વનરાજસિંહ રાઠોડ

તા.પ્રતિનિધિ ભાભર

ભાભરની એક ભરચક સોસાયટીમાં સાસરીમાંથી પીયર ભાઈને મળવા આવેલ બહેન સુતા હતા. ત્યારે તસ્કરો રાત્રિ દરમિયાન ૩.૫૦ લાખના દાગીના ચોરી જતા ચકચારની સાથે ફફડાટ ફેલાયો છે.

ભાભર હાઈવે નજીક આવેલા શાંતિનગર સોસાયટીમાં રહેતા રાજેશકુમાર હિરાલાલ ઠક્કરના ઘરે પોતાની બહેન કિરણબેન બંધવડથી મળવા આવ્યા હતા. ગત તા. ૨૭/૮/૧૭ ની રાત્રી દરમ્યાન રાજેશકુમારના ઘરે ભાઈના પરિવાર સાથે સુતા હતા. ત્યારે પહેરેલ દાગીના સુતી વખતે એક પોકેટમાં રાખીને પલંગ ઉપર મુક્યુ હતું. રાત્રી દરમ્યાન મકાનની બારીમાંથી આ પોકેટ કોઈક ચોરી ગયુ હતુ, જમાં ૧૫૦૦ રોકડ અને રૂા. ૩,૩૮,૫૦૦ ના દાગીના મળી કુલ રૂા. ૩.૫ લાખની મત્તા ચોરાઈ ગઈ હતી. સવારે ઉઠ્યા ત્યારે દાગીના ભરેલ પોકેટ પલંગ ઉપર ન જોઈ તેઓ ડઘાઈ ગયા હતા. જેની જાણ થતાં લોકો દોડી આવતા ચકચાર મચી હતી. આ બાબતે ભાભર પોલીસ મથકે ચોરીનો ભોગ બનનારના પિતા હિરાલાલ ત્રિભોવનદાસ ઠક્કરે રૂા.૧૫૦૦ રોકડ અને ૩,૩૮,૫૦૦ ના દાગીના ચોરાયાની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ચોરીની ફરિયાદ નોંધીને તપાસ હાથ ધરી છે.

# થરાદમાં મસ્જીદના દરવાજે લખાણ કરાતાં ચકચાર : શહેરની શાંતિ ડહોળવાનો અસામાજીક તત્વોનો પ્રયાસ




(વિષ્ણુ દવે)

**મુસ્લીમ સમાજે જાણ કરતાં દોડેલી પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી**

(પ્રતિ.) થરાદ

થરાદ શહેરમાં આવેલી એક મસ્જીદના દરવાજે અને આજુબાજુની દિવાલો પર કોઈ અસામાજીક તત્વો દ્વારા કોલસાથી લખાણ કરી નગરની કોમી એકતા અને ભાઈચારાની ભાવનાને ભડકાવવાનો પ્રયાસ કર્યો હતો.જોકે બનાવ અંગે મુસ્લીમ સમાજ દ્વારા જાણ કરાતાં દોડેલી પોલીસે નક્કર કાર્યવાહી કરવાની ખાત્રી આપી હતી.બનાવથી ચકચાર મચવા પામી હતી.

થરાદ શહેરની મુખ્ય બજારમાં મુસ્લીમ સમાજની મદીના મસ્જીદ આવેલી છે. જેના દરવાજા પર તથા આજુબાજુની દકાનની દિવાલ પર હિંદુ દેવતાઓનાં નામનું કોયલા જેવા કાળા અક્ષરથી ચિત્રણ કર્યુ હતું. આ બનાવની સવારમાં સુન્ની મુસ્લીમ સમાજના પ્રમુખ હાજીભાઈને જાણ કરાતાં તેમણે પોલીસને જાણ કરી હતી.આથી પીઆઇ એબી પટેલ તથા પીએસઆઇ આરજી ચૌધરી સ્ટાફ

અનુસંધાન પાના નં.૬

# દીઓદર પંથક સ્વાઈન ફલૂના ભરડામાં : બે લોકોના મોત

**કેટલાય લોકો હોસ્પિટલમાં સારવાર મેળવી રહ્યા છે**

તા.પ્રતિનિધિ દીઓદર

સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલૂની પરિસ્થિતિ ભયાનક અને ચિંતાજનક બની ગઈ છે.રોજે રોજ મૃત્યું આંક અને સ્વાઈન ફલૂ પોઝીટીવના કેસો વધી રહ્યા છે. ગુજરાતમાં ભરમાં અત્યાર સુધીમાં સ્વાઈન ફલૂનો આંક ૩૧૮ થવા પામેલ છે અને અંદાજે ત્રણસોથી વધુ કેસો સ્વાઈન ફલૂના પોઝીટીવના નોંધાયા છે અને રોજે રોજ સ્વાઈન ફલૂમાં વધારો થતો જોવા મળી રહ્યો છે અને કેટલાય લોકો હજુ પણ હોસ્પિટલોમાં સારવાર મેળવી રહ્યા છે. ત્યારે છેલ્લા એકાદ માસથી સમગ્ર દીઓદર પંથકમાં પણ સ્વાઈન ફલૂએ પગ પેસારો કરી દીધો છે અને તેમાં રોજે રોજ વધારો થઈ રહ્યો છે અને તાજેતરમાં દીઓદર તાલુકાના રૈયા તેમજ મુલકપુર ગામમાં એક - એક વ્યક્તિઓના મોત થવા પામેલ છે અને હજુ પણ સ્વાઈન ફલૂ દિવસે ને દિવસે વધતો જોવા મળી રહ્યો છે. ત્યારે ફરીથી દીઓદર તાલુકાના ખાણોદર ગામના ઠાકોર સતાભાઈ સવસીભાઈને સ્વાઈન ફલૂ થતાં ધારપુર(પાટણ)ખાતે છેલ્લા પાંચેક દિવસથી સારવાર લઈ રહ્યા છે.

આ અંગે દીઓદર તાલુકા યુથ કોંગ્રેસ પ્રમુખ ડાયાભાઈ ભુતાભાઈ પટેલ જણાવેલ કે અમારા વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી સ્વાઈન ફલૂમાં વધારો થઈ રહ્યો છે અને ઘેર - ઘેર માંદગીના ખાટલા મંડાયા છે.ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા યોગ્ય કાર્યવાહી કરી અને આ સ્વાઈન ફલૂના રોગને વધતો અટકાવે તેવી આ વિસ્તારના લોકોની માંગણી છે.

# અંબાજી જતાં પદયાત્રીઓ માટે જિલ્લાના માર્ગો ઉપર ઠેર-ઠેર સેવા કેમ્પો ગોઠવાયા

**વરસાદી વાતાવરણના પગલે પદયાત્રીકો માટે વોટર પ્રુફ ટેન્ટ બાંધવામાં આવશે**


નરસિંહ દેસાઈ

પ્રતિનિધિ વડાવળ

માં જગત જનની અંબાના ધામમાં દર વર્ષે ભાદરવા માસમાં લાખો શ્રધ્ધાળુ પદયાત્રા કરી માં સમક્ષ નતમસ્તક થવા માટે જતા હોય છે. ત્યારે ૩૧ મી ઓગસ્ટથી પ્રારંભ થનાર માં અંબાના ભાદરવી પુનમના મેળાને લઈ વહીવટી તંત્ર દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરી દેવામાં આવી છે. તો બીજી તરફ સેવાભાવી સંસ્થાઓ પણ અંબાજીના માર્ગે જતા પદયાત્રીઓને રસ્તામાં કોઈ પણ પ્રકારની મુશ્કેલીઓ ના પડે તે માટે સેવાકેમ્પો વિસામા કેમ્પો બાંધવાની શરૂઆત કરી દીધી છે. અંબાજીના માર્ગો ઉપર અંબાજી જતા પદયાત્રીકોની ચહલપહલ શરૂ થઈ ગઈ છે. ત્યારે આગામી દિવસોમાં અંબાજી જતા પદયાત્રીકોની અનુસંધાન પાના નં.૬

# વાવ ખાતે શ્રી અખંડ મેઘવાળ સમાજના શૈક્ષણિક સંકુલનો ભૂમિ પૂજન સમારોહ યોજાયો

**રાજકીય અગ્રણીઓ અને મેઘવાળ સમાજના બંધુઓની બહોળી સંખ્યામાં હાજરી**

તાલુકા પ્રતિનિધિ વાવ

ગઈકાલે તા.૨૮/૮/૨૦૧૭ ને રવિવારના રોજ બપોરે ૧૨:૦૦ કલાકે વાવ ખાતે આવેલા વાવ-રાવળ રોડ પર શ્રી અખંડ મેઘવાળ સમાજ વાવ- સુઈગામના શૈક્ષણિક સંકુલનો ભૂમિપૂજનનો સમારોહ યોજાયો હતો.


વિષ્ણુ પરમાર

વાવથી રાવળા રોડ પર શ્રી અખંડ મેઘવાળ સમાજ વાવ- સુઈગામની ચાર એકર જમીન ઉપર નવું શૈક્ષણિક સંકુલ ઉભુ થનારું છે. જેના ભૂમિપૂજન પ્રસંગે હરિભાઈ અનુસંધાન પાના નં.૬

**રાષ્ટ્રપતિ એવોર્ડ બદલ સન્માનિત કરાયા**

વાવ તાલુકાના ઢીમા ગામના વતની અને પાલનપુર ખાતેની જી.ડી.મોદી કોલેજમાં અભ્યાસ કરતાં ચૌહાણ હરચંદભાઈ શંકરભાઈ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતા તેમને રાષ્ટ્રપતિ હસ્તક એવોર્ડ મળ્યો હતો. જેમનું પણ આ સમારોહમાં કેન્દ્રિય મંત્રી હરીભાઈ ચૌધરી, શંકરભાઈ ચૌધરી, શંભુનાથ ટુંડીયાએ સન્માન કરી તેમની કામગીરીને બિરદાવી હતી.

# થરાદની નર્મદા નહેરમાં ઠલવાતા ત્રણ ગામોના પાણીથી પ્રજાના આરોગ્યને ખતરો

**થરાદ શહેર અને ૫૦ ગામોને નર્મદાનું પાણી પીવા માટે આપવામાં આવી રહ્યું છે**

(પ્રતિ.) થરાદ

થરાદ તાલુકાના ગામોમાં ભરાયેલા વરસાદી ગંદા પાણીનો નિકાલ તંત્ર દ્વારા થરાદની નર્મદા નહેરમાં કરવામાં આવી રહ્યો છે.જે નહેરનું પાણી થરાદ શહેર અને તાલુકાની ૫૦ ગામોની પ્રજા પીવા માટે પણ કરતી હોઈ આવા બંધીયાર અને દુષિત પાણીથી પ્રજાના આરોગ્ય સાથે ચેડાં થવા ઊપરાંત ગંભીર બીમારીઓ ફેલાવાની દહેશત પણ ઊઠવા પામી છે.

થરાદ તાલુકમાં ગત જુલાઈમાં અતિવૃષ્ટી બાદ પુરનાં પાણી તાલુકાનાં અનેક ગામોમાં ફરી વળ્યાં હતાં. જે પૈકી તાલુકાનાં ખાનપુર, નાગલા અને ડોડગામ

અનુસંધાન પાના નં.૬


## શ્રદ્ધાંજલી


સ્વ.અગરબેન ભીખાભાઈ આલ
સ્વ.તા.૨૬/૮/૨૦૧૭ શનિવાર
મુ.પો.લોરવાડા, તા.ડીસા

સારા કર્મોની સુગંધ સદાય રહેશે મીઠી વાણી તમારી હમેશા યાદ રહેશે દેહ ભાવે અદરય થયો હોય પણ તમારી યાદ સદાય અમારી સાથે રહેશે આપના જીવનના આદર્શો અમારા માટે સતત પ્રેરણાદાયી બની રહેશે. પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
અમરતભાઈ જોરાભાઈ લલતુડા (એદલા)
સરપંચશ્રી એદલા ગ્રામ પંચાયત
ડીરેક્ટરશ્રી જમીન વિકાસ બેન્ક - પાટણ
ડાયાભાઈ ગોવિંદભાઈ ખાંભલ્યા (રસાણા મોટા)
એ.એસ.આઈ. આગથળા પોલીસ
પાંચાભાઈ જોરાભાઈ બાર (ઓઢવા)
પરબતભાઈ લીલાભાઈ લોઢા (વડાવળ)
મેરાજભાઈ લીલાભાઈ લોઢા (વડાવળ)
એડવોકેટ ડીસા - દીયોદર

## લાલપુર ગામે બાબા રામદેવપીરનો મેળો ભરાશે



લાખણી તાલુકાના લાલપુર ગામે પરંપરા મુજબ ભાદરવા સુદ-૯ ને બુધવારના તા. ૩૦-૮-૨૦૧૭ ના રોજ મેળો ભરાશે જેથી જાહેર જનતાને જણાવવામાં આવે છે કે, ભાદરવા સુદ-૮ ને મંગળવારે રાત્રે ભજન સત્સંગ અને ભાદરવા સુદ-૯ ને બુધવારના દિવસે રામદેવ મંદિરે નેજા ચડાવવામાં આવશે.

લિ.ગ્રામજનો

સ્થળ : રામદેવ મંદિર, લાલપુર, મુ.પો.લાલપુર, તા. લાખણી, જિ.બ.કાં.,

## બેસણું


સ્વ. અગરબેન ભીખાભાઈ આલ
સ્વ.તા.૨૬-૮-૨૦૧૭, શનિવાર
મુ.પો.લોરવાડા, તા.ડીસા

અમારે ધર્મપત્નિ સ્વ. અગરબેન ભીખાભાઈ આલ તા. ૨૬-૮-૨૦૧૭ ને શનિવારના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. સદ્‌ગતનું બેસણું રબારી સમાજના રીત-રીવાજ મુજબ તા. ૨૮-૮-૨૦૧૭ ને સોમવારના રોજ અમારા નિવાસ સ્થાને રાખેલ છે.

નોંધ : સદ્‌ગતની લૌકિકક્રિયા રબારી સમાજના રીત-રીવાજ મુજબ ચાલુ છે.

સ્થળ : મુ.લોરવાડા, તા. ડીસા જિ.બ.કાં.

લિ.
ભીખાભાઈ માધાભાઈ આલ (પતિ) (પોલીસ પટેલ)
નારણભાઈ ભીખાભાઈ આલ (પુત્ર)
કેશરભાઈ નારણભાઈ આલ (પૌત્ર)
રાણાભાઈ વિહાભાઈ આલ
ઘુડાભાઈ વિહાભાઈ આલ (સરપંચ, લોરવાડા ગ્રામ પંચાયત)
ઈશ્વરભાઈ જોરાભાઈ આલ (માજી ડેલીગેટ, લોરવાડા)
અમીભાઈ જોરાભાઈ આલ

## તૃતીય વાર્ષિક પૂણ્યતિથિએ શ્રધ્ધાંજલિ


સ્વ. પરથીભાઈ જાલાભાઈ બોકા
સ્વ.તા. ૨૮-૮-૨૦૧૪

સૌજન્ય સદ્‌ભાવ, સ્નેહ જેમનો સ્વભાવ હતો પરહીત, પ્રેમ અને લાગણીશીલતા જેમની કર્મ નિષ્ઠા હતી તેવા દિવ્ય આત્માને પ્રભુ પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના...

લિ.
જીતેશભાઈ પરથીભાઈ બોકા
ચેરમેન,તાલુકા સંઘ
પ્રકાશભાઈ પરથીભાઈ બોકા